RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ માગસર વદ - ૬ — બુધવાર, તા.૧૦-૧૨-૨૦૨૫ — અંક : ૨૯૪ વર્ષ : ૨૧ — jamnagar@aaspassaindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮

# માઈક્રોસોફ્ટ ભારતમાં એઆઈ સેક્ટરમાં ૧.૫ લાખ કરોડનું રોકાણ કરશે



## માઈક્રોસોફ્ટનું એશિયામાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ : માઈક્રોસોફ્ટ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, કુશળતા અને ક્ષમતાના નિર્માણમાં રોકાણ કરશે

નવી દિલ્હી

અમેરિકાની ટેક્નોલોજી જાયન્ટ કંપની માઈક્રોસોફ્ટે ભારતમાં અત્યાર સુધીના તેના સૌથી મોટા રોકાણની જાહેરાત કરી છે. પીએમ મોદી સાથે મુલાકાત કરીને માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલાએ ભારતમાં ૧.૫ લાખ કરોડના રોકાણની જાહેરાત કરી છે. માઈક્રોસોફ્ટની રોકાણની જાહેરાત વૈશ્વિક ટેક્નોલોજી ક્ષેત્રમાં ભારતના વધી રહેલા કદની સાક્ષી પૂરે છે. આ માઈક્રોસોફ્ટનું એશિયામાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ છે. માઈક્રોસોફ્ટ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કુશળતા અને ક્ષમતાના નિર્માણમાં રોકાણ કરશે.જ્યારે સત્ય નડેલાએ વધુમાં જણાવ્યું કે, ભારતમાં છૈં તકો પર પ્રેરણાદાયી વાતચીત કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર. દેશની મહત્વાકાંક્ષાઓને ટેકો આપવા માટે માઈક્રોસોફ્ટ ૧૭.૫ બિલિયન ડોલર (આશરે રૂપિયા ૧.૫ લાખ કરોડ) ના રોકાણનું વચન આપી રહ્યું છે. જે એશિયામાં અમારું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ છે. આ રોકાણ ભારતના ‘AI-ફર્સ્ટ ફ્યુચર’ માટે જરૂરી માળખાગત સુવિધાઓ, કુશળતા અને સાર્વભૌમ ક્ષમતાઓનું નિર્માણ કરવામાં મદદ કરશે.

આ ઉપરાંત પીએમ મોદીએ સત્ય નડેલાની પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, જ્યારે છૈં ની વાત આવે છે ત્યારે દુનિયા ભારત પ્રત્યે આશાવાદી છે. સત્યા નડેલા સાથે ખૂબ જ વિસ્તુત ચર્ચા થઈ છે. તેમજ એ જાણીને આનંદ થાય છે કે ભારત હવે એ સ્થાન બની રહ્યું છે જ્યાં માઈક્રોસોફ્ટ એશિયામાં તેનું સૌથી મોટું રોકાણ કરશે. ભારતના યુવાનો આ તકનો ઉપયોગ યોગ્ય રીતે કરશે. માઈક્રોસોફ્ટની ઐતિહાસિક જાહેરાતનું સ્વાગત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના યુવાનોની નાવીન્ય ક્ષમતામાં વિશ્વાસ વ્યક્ત કર્યો.

પીએમ મોદી સાથે મુલાકાત બાદ બેઠક સત્ય નડેલાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વડાપ્રધાન મોદી સાથેનો એક ફોટો શેર કર્યો. નડેલાએ લખ્યું, આજે સાંજે થયેલી આ બેઠકથી માત્ર ભારત-અમેરિકા ટેકનોલોજી સંબંધો મજબૂત નથી થયા પરંતુ ભારતની AI મહત્વાકાંક્ષાઓને પણ નવી ગતિ મળી.

# ચાંદીના ભાવમાં વિક્રમી ૨૭૩૫નો ઉછાળો

## ભાવ વધીને પ્રતિકીલો ૧૯૦૭૯૯



**સોના ચાંદીના કારોબારમાં ભારે તેજી - ચાંદીનો ભાવ વધીને સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો, હજુ પણ ભાવ વધીને બે લાખ સુધી પહોચે તેવી શક્યતા**

મુંબઈ

સોના-ચાંદીના ભાવોમાં ફરી એકવાર તોફાની તેજી જોવા મળી રહી છે. આજે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર કારોબાર શરૂ થતાની સાથે જ ચાંદીનો ભાવ નવો શિખર સર કરીને ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયો હતો. કારોબારની શરૂઆતમાં ચાંદીનો ભાવ તેના અગાઉના બંધ ભાવ ૧,૮૮,૦૬૪ પ્રતિ કિલોગ્રામની તુલનામાં વધીને ૧,૮૮,૯૫૯ પર ખૂલ્યો હતો. ત્યારબાદ ગણતરીની મિનિટોમાં જ તે ૨,૭૩૫ ના વધારા સાથે ૧,૯૦,૭૯૯ ની નવી ઊંચાઈ પર પહોંચી ગયો હતો. આ વધારા સાથે ચાંદીનો ભાવ હવે ૨ લાખના આંકડાની ખૂબ નજીક પહોંચી ગયો છે. આ સપ્તાહના બે કારોબારી દિવસોમાં જ ચાંદીના ભાવમાં લગભગ ૧૦,૦૦૦ પ્રતિ કિલોગ્રામનો ઉછાળો જોવા મળ્યો છે.

ચાંદીની સાથોસાથ સોનાના ભાવમાં પણ તેજી જોવા મળી છે, જોકે તે હજી પણ તેની સર્વકાલીન ઊંચી સપાટીથી ઘણું સસ્તું મળી રહ્યું છે. આજે બજારમાં એક્સપાયરીવાળા સોનાનો વાયદા ભાવ ૧,૩૦,૫૦૨ પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચ્યો હતો. જોકે, તેની ઊંચી સપાટી ૧,૩૪,૦૨૪ હતી, જેનાથી સોનું હજી પણ ૩,૫૨૨ પ્રતિ ૧૦ ગ્રામ સસ્તું છે.

ઇન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ પર ઘરેલું બજારમાં ચાંદીનો ભાવ મંગળવારની સાંજે ૧,૭૮,૮૯૩ પ્રતિ કિલોગ્રામ હતો. જ્યારે ૨૪ કેરેટ સોનાનો ભાવ આ સપ્તાહે નરમ પડ્યો છે અને મંગળવારની સાંજે તે ઘટીને ૧,૨૭,૯૭૪ પ્રતિ ૧૦ ગ્રામ પર આવ્યો છે, જે શુક્રવારના બંધ ભાવ કરતાં ૬૧૮ ઓછો છે.એક અહેવાલ મુજબ, ચાંદીનો ભાવ જલ્દી જ ૨ લાખ પ્રતિ કિલોગ્રામનો આંકડો પાર કરી શકે છે. કન્સલ્ટન્સી ફર્મે આ ઝડપી વૃદ્ધિ પાછળ નબળા અમેરિકી મેક્રો ઈકોનોમિક ડેટા, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં ઘટાડાની વધતી અપેક્ષાઓ અને વૈશ્વિક ભંડારમાં ઘટાડાને મુખ્ય કારણો ગણાવ્યા છે.

# અમેરિકાની નવી વિઝા નીતિના પગલે માર્ચ સુધી ઈન્ટરવ્યુ મોકૂફ

## નવી વિઝા નીતિથી ભારતના H-1B અરજદારોની મુશ્કેલી વધી

વોશિંગ્ટન

અમેરિકામાં ટ્રમ્પ વહીવટીતંત્ર યુએસ વિઝા નીતિ પર વધુને વધુ કડક વલણ અપનાવી રહ્યું છે. એક તરફ, વહીવટીતંત્રે જાન્યુઆરી ૨૦૨૫ થી અત્યાર સુધી ૮૫,૦૦૦ વિઝા રદ કર્યા છે,તો હવે નવી સોશિયલ મીડિયા વેટિંગ નીતિને કારણે ભારતમાં H-1B વિઝા અરજદારોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા ઈન્ટરવ્યુ માર્ચ ૨૦૨૫ સુધી મુલતવી રાખવામાં આવ્યા છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ યુએસ વિઝા નીતિ અંગે સતત કડક પગલાં લઈ રહ્યા છે. પરિણામે, ઘણા દેશોના વિઝા અરજદારોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

અમેરિકન વહીવટીતંત્રે જાન્યુઆરી ૨૦૨૫ થી અત્યાર સુધી વિશ્વભરમાં કુલ ૮૫,૦૦૦ વિઝા રદ કર્યા છે, ત્યારે H-1B વિઝા વેટિંગને વધુ કડક બનાવવા માટે સોશિયલ મીડિયાને જાહેર કરવાના ટ્રમ્પ વહીવટીતંત્રના નિર્ણય અંગે ચર્ચાઓ તીવ્ર બની છે.

# બેલ્જિયમની કોર્ટે મેહુલ ચોકસીની પ્રત્યાર્પણ વિરુદ્ધની અરજી ફગાવી

## કોર્ટના નિર્ણયથી ભાગેડુ હીરા વેપારીને ભારત લાવવાનો માર્ગ મોકળો થયો



બ્રસેલ્સ

ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોકસીને ભારત લાવવાનો માર્ગ મોકળો થયો છે. આ અંગે બેલ્જિયમ સુપ્રીમ કોર્ટે પ્રત્યાર્પણ વિરુદ્ધની અરજી ફગાવી દીધી છે. સુપ્રીમ અદાલતના પ્રવક્તા હેનરી વેન્ડરલિન્ડેને જણાવ્યું હતું કે, કોર્ટ ઓફ કેસશને અપીલ ફગાવી દીધી છે. તેથી અપીલ કોર્ટનો નિર્ણય માન્ય રહેશે.

આ અપીલ કોર્ટે ભારતની પ્રત્યાર્પણ વિનંતીને સમર્થન આપ્યું છે. તેને લાગુ કરવા યોગ્ય ગણાવી. ચાર સભ્યોની ફરિયાદ પક્ષે ૨૯ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ જિલ્લા અદાલતના પ્રી-ટ્રાયલ ચેમ્બરના આદેશને પણ સમર્થન આપ્યું છે. જેમાં મે ૨૦૧૮ અને જૂન ૨૦૨૧ માં મુંબઈની ખાસ અદાલત દ્વારા જાહેર કરાયેલ ધરપકડ વોરંટને અમલમાં મૂકવા યોગ્ય ગણાવ્યું હતું.ઉલ્લેખનીય છે કે, ૧૭ ઓક્ટોબરના રોજ એન્ટવર્પમાં અપીલ કોર્ટે ૨૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ જિલ્લા કોર્ટના પ્રી-ટ્રાયલ ચેમ્બર દ્વારા જાહેર કરાયેલા આદેશોમાં કોઈ ખામીઓ મળી નહોતી. આ આદેશમાં મે ૨૦૧૮ અને જૂન ૨૦૨૧માં મુંબઈની સ્પેશિયલ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા ધરપકડ વોરન્ટને “લાગુ કરવા યોગ્ય “જાહેર કર્યા હતા, જેનાથી મેહુલ ચોકસીના પ્રત્યાર્પણને મંજૂરી મળી હતી.અપીલ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે ૧૩,૦૦૦ કરોડ રૂપિયાના પીએનબી કૌભાંડના મુખ્ય આરોપી ચોકસીને ભારતમાં પ્રત્યાર્પણ કરવામાં આવે તો નિષ્પક્ષ ટ્રાયલથી વંચિત કરવામાં અથવા દુર્વ્યવહારનો સામનો કરવો પડશે નહી.

# ‘SIR’ની કામગીરીમાં અવરોધ દૂર નહીં કરાય તો અરાજકતા સર્જાશે : સુપ્રીમ કોર્ટ

## પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં બીએલઓને ધમકાવવા અને એસઆઈઆરના કામોમાં અવરોધ ઊભા કરવાની ઘટનાઓને સર્વોચ્ચ અદાલતે અસ્વિકાર્ય ગણાવી

નવી દિલ્હી

દેશના ૧૨ રાજ્યોમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ એસઆઈઆર ચાલી રહ્યો છે ત્યારે સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોમાં બીએલઓને ધમકાવવા અને એસઆઈઆરના કામોમાં અવરોધ ઊભા કરવાની ઘટનાઓને અસ્વિકાર્ય ગણાવી હતી અને ચૂંટણી પંચને કહ્યું હતું કે, આ બાબતોને ગંભીરતાથી લેવી જોઈએ. તેનો ઉકેલ નહીં આવે તો દેશમાં અરાજક્તા ફેલાઈ જશે.

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળમાં એસઆઈઆરની કામગીરી અને બીએલઓ દ્વારા આત્મહત્યા સંબંધિત કેસની સુનાવણી કરી હતી. સનાતની સંસદ સંગઠને દાખલ કરેલી અરજીમાં એસઆઈઆર પ્રક્રિયા પછી પશ્ચિમ બંગાળમાં મતદાર યાદી પ્રકાશિત ના થાય ત્યાં સુધી પોલીસને ચૂંટણી પંચને અધિન કામ કરવાનો નિર્દેશ આપવા માગ કરાઈ હતી. સુપ્રીમને જણાવાયું કે, પશ્ચિમ બંગાળમાં બીએલઓ વિરુદ્ધ હિંસા વધી રહી છે. સ્થાનિક ગુંડાઓ તથા રાજકીય કાર્યકરો તરફથી તેમને સતત ધમકી આવામાં આવે છે, તેથી ત્યાં કેન્દ્રીય દળો તૈનાત કરવા જોઈએ. સુપ્રીમે આ મુદ્દે મમતા સરકારને નોટિસ પાઠવી હતી.

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને મતદાર યાદીમાં એસઆઈઆર કામમાં વિવિધ રાજ્ય સરકારો દ્વારા સહયોગ ના કરવાની બાબતને ગંભીરતાથી લેવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કહ્યું કે, રાજ્ય સરકારો સહયોગ ના કરતી હોય અને બીએલઓને ધમકાવતી હોય તો આવા કિસ્સા અમારા ધ્યાનમાં લાવો. અમે સરકારોને આદેશ આપીશું.


તમારાં જૂનાં બેંક ખાતામાં રાખેલાં નાણાં ભૂલી ગયાં છો?



જે તમારાં છે એ પાછાં મેળવવામાં આરબીઆઈ તમને સહાયતા કરશે.

તમારી બેંકના નિષ્ક્રિય ખાતાંમાં (2 વર્ષ કરતાં વધારે અને 10 વર્ષ સુધી નિષ્ક્રિય રહેલાં) રહેલાં નાણાં/ દાવો ના કરાયેલ ડિપોઝિટ (10 વર્ષથી અધિક) આરબીઆઈના ડીઈએ ખાતામાં ટ્રાન્સફર થાય છે. તમે અથવા તમારા કાયદાકીય વારસદાર ગમે ત્યારે દાવો કરી શકે છે.

તમારાં નાણાં માટે દાવો કરવાનાં 3 સરળ પગલાં

1. તમારી બેંકની કોઈપણ શાખાની મુલાકાત લો, એ ભલે તમારી નિયમિત શાખા ના હોય તો પણ
2. કેવાયસી દસ્તાવેજોની (આધાર, પાસપોર્ટ, વોટર આઈડી, અથવા ડ્રાઈવિંગ લાયસન્સ) સાથે ફોર્મ જમા કરો
3. ચકાસણી પછી, જો કોઈ હોય તો, તમારાં નાણાં વ્યાજ સહિત મેળવો.

તમારી દાવો ના કરાયેલ ડિપોઝિટ શોધવા

તમારી બેંકની વેબસાઈટ સર્ચ કરો અથવા આરબીઆઈનું UDGAM પોર્ટલ તપાસો (https://udgam.rbi.org.in) જેમાં હાલમાં 30 બેંક આવરી લેવામાં આવી છે.




વધુ વિગતો માટે: https://rbikehtahai.rbi.org.in મુલાકાત લો
પ્રતિસાદ માટે, rbikehtahai@rbi.org.in પર લખી મોકલો
ક્યૂઆર કોડ સ્કેન કરો
અધિકૃત વૉટ્સએપ નંબર 99990 41935

જનહિતમાં જારીકર્તા
भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA
www.rbi.org.in

# ગુજરાતે સ્વદેશી પ્રોત્સાહન સાથે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા નીતિ પોલિસી તૈયાર કરી

## લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે ૧,૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું

ગાંધીનગર,
આર્થિક વિકાસને વેગ આપવા અને સમાવિષ્ટ, ટકાઉ સામાજિક પરિવર્તન લાવવા માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતાનો ઉપયોગ કરવાના ઉદ્દેશ્ય સાથે, ગુજરાત સરકાર "રાજ્યની આત્મનિર્ભરતા તરફની યાત્રાને આગળ વધારવા" માટે નવી જીં નીતિ તૈયાર કરી રહી છે, ગુજરાત વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા નીતિ ૨૦૨૫-૨૦૩૦, જે ડ્રાફ્ટ સ્ટેજમાં છે, તેમાં સ્વદેશી ટેકનોલોજીના વિકાસ માટે નવીનતાઓ, સંસ્થાઓ, સંગઠનોને નાણાકીય સહાય પૂરી પાડવા માટે ૫૦૦ કરોડ રૂપિયાનું સમર્પિત ભંડોળ અને લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે ૧,૫૦૦ કરોડ રૂપિયાનું બીજું સમર્પિત ભંડોળ પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે.

ગુજરાત સરકાર નવી વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા (STI) નીતિ ૨૦૨૫-૩૦ રજૂ કરવા માટે તૈયાર છે, જેનો ઉદ્દેશ્ય રાજ્યને સ્વદેશી ક્ષમતાઓને મજબૂત બનાવતી વખતે અગ્રેસર ટેકનોલોજીના કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે. 'આત્મનિર્ભરતા' અને લાંબા ગાળાના આર્થિક પરિવર્તનના મુખ્ય પ્રેરક તરીકે રચાયેલ, નવી નીતિ હાલની ગુજરાત વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા નીતિ, ૨૦૧૮ ને બદલશે.

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા તૈયાર કરાયેલા ડ્રાફ્ટમાં સંશોધકો, સ્ટાર્ટ-અપ્સ, શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગ-આગેવાની હેઠળના સંશોધન અને વિકાસને ટેકો આપવા માટે રૂ. ૫૦૦ કરોડના નવીનતા ભંડોળની રચનાનો પ્રસ્તાવ છે. Viksit Guja®a@2047 હેઠળ રાજ્યના લાંબા ગાળાના વિકાસ-માનસિક લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે રૂ. ૧,૫૦૦ કરોડના અલગ ભંડોળની કલ્પના કરવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું, વિઝન ૨૦૩૦ માટે માળખું છે એમાં સંશોધકો, સ્ટાર્ટઅપ્સ, શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગોને ટેકો આપવા માટે રૂ. ૫૦૦ કરોડનું નવીનતા ભંડોળ ૧૫૦૦ કરોડ રૂપિયાનો વિક્ષિત ગુજરાતજ૨૦૪૭ ફંડ લાંબા ગાળાની ટેકનોલોજીકલ ક્ષમતા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપશે.ટેકનોલોજી અપગ્રેડેશન દ્વારા રસાયણો, ફાર્મા, કાપડ, સિરામિક્સ અને એન્જિનિયરિંગ જેવા પરંપરાગત ક્ષેત્રોને મજબૂત બનાવવું.

વિજ્ઞાન અને ટેકનોલોજી ક્લસ્ટરોની રચના, ૨૦૩૦ સુધીમાં ૧ લાખ કુશળ વૈજ્ઞાનિક

પેટન્ટ, ડિઝાઈન, ટ્રેડમાર્ક અને ટેક ટ્રાન્સફરમાં વાર્ષિક 1,000 IP ફાઈલિંગ

૨૦૩૦ સુધીમાં STI ખર્ચ GSDP ના ૧% સુધી વધારવો

દરેક સરકારી વિભાગ તેના વાર્ષિક બજેટનો ૧% સંશોધન અને વિકાસ માટે ફાળવશે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ઓગમેન્ટેડ રિયાલિટી/વર્ચ્યુઅલ રિયાલિટી, બ્લોક ચેઈન, IoT, એજ કમ્પ્યુટિંગ, 5G-6G કનેક્ટિવિટી, સાયબર સુરક્ષા, બાયોટેકનોલોજી, સેમી-કન્ડક્ટર, ક્વોન્ટમ ટેક્નોલોજી અને ક્લીન એનર્જી જેવી ફ્રન્ટિયર ટેકનોલોજીમાં પ્રગતિને પ્રાથમિકતા આપશે.

તે જ સમયે, તે મૂલ્યવર્ધનને વેગ આપવાનો પ્રયાસ કરે છે અને ગુજરાતના પરંપરાગત આર્થિક સ્તંભો - રસાયણો અને પેટ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, સિરામિક્સ, કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા, કાપડ, ઓટો-મોબાઈલ, એન્જિનિયરિંગ અને રત્નો અને ઝવેરાત - માં ટેકનોલોજી અપનાવવા.

પ્રસ્તાવિત મુખ્ય માળખાકીય હસ્તક્ષેપોમાંનો એક વિજ્ઞાન અને ટેકનોલોજી (S&T) ક્લસ્ટરોનું નિર્માણ છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને મળ્યા ગુજરાતના દિગ્ગજો અંબરીષ ડેર અને માયાભાઈ આહીર સાથે હળવાશની પળો!

## એક પેડ મા કે નામ': માયાભાઈ આહીરના પ્રોજેક્ટને વૈશ્વિક સ્તરે લઈ જવા બદલ પ્રધાનમંત્રીએ વ્યક્ત કર્યો સંતોષ



અમદાવાદ,
દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે આજે દિલ્હી ખાતે ગુજરાતના રાજકીય અને લોકસાહિત્ય ક્ષેત્રના અગ્રણી મહાનુભાવોએ સૌજન્ય મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં કેબિનેટ મંત્રી (ગુજરાત સરકાર) અર્જુનભાઈ મોઢવાડીયા, રાજુલાના પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર અને સુપ્રસિદ્ધ લોકસાહિત્યકાર માયાભાઈ આહિર ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી મોદી, અંબરીષભાઈ ડેર અને માયાભાઈ આહીર એકસાથે હસતા અને હળવાશથી વાતચીત કરતા જોવા મળ્યા હતા, જે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. રાજકારણ અને કલા જગતના આ દિગ્ગજો વચ્ચેની આ અનૌપચારિક મુલાકાતે સૌહાર્દપૂર્ણ સંબંધોને વધુ મજબૂત બનાવ્યા હતા.

મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની "મેધાવી યાદશક્તિ" નો અનુભવ ફરી એકવાર સૌને થયો હતો. તેમણે ત્યાં હાજર રહેલા એક અગ્રણી કાર્યકરને તેમના રાજુલા નગરપાલિકાના કાર્યકાળ અને યુવા ભાજપના કાર્યકર તરીકેની સફરને યાદ કરીને, તેમની સાથે વાતચીત કરી હતી. પ્રધાનમંત્રીએ આ કાર્યકરને ઉજ્જવળ ભવિષ્યની પ્રગતિ માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આ ઉપરાંત, સમર્થ લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પણ પ્રધાનમંત્રીએ દિલથી ખબર-અંતર પૂછ્યા હતા. તેમણે ખાસ કરીને માયાભાઈના માતુના વડનગર ખાતે થયેલા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ અને તે દરમિયાન લોન્ચ થયેલા "એક પેડ માં કે નામ" પ્રોજેક્ટને યાદ કર્યો હતો. પ્રધાનમંત્રીએ આ માનવતાવાદી પ્રોજેક્ટને વિશ્વ લેવલ સુધી લઈ જઈ શકાયો તે બદલ રાજીપો વ્યક્ત કરીને અભિનંદન પાઠવ્યા હતા.

# ફિલ્મ સીટી વિવાદ પ્રોજેક્ટ રજીસ્ટર કરવા 'રેરા' નો આદેશ

અમદાવાદ,
ગુજરાત રિયલ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યુનલ (GREAT) દ્વારા રિયલ એસ્ટેટ ક્ષેત્રે એક મહત્ત્વપૂર્ણ આદેશ આપવામાં આવ્યો છે, જે અંતર્ગત ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (GujRERA) ને બાવળા તાલુકાના એક મોટા પ્લોટિંગ પ્રોજેક્ટને રજિસ્ટર કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. આ નિર્ણય 'ધ અમદાવાદ ફિલ્મ સિટી' નામના પ્રોજેક્ટ સાથે સંકળાયેલા આશરે ૧૦,૦૦૦ પ્લોટ ફાળવણીકારોને સીધો અસર કરશે. અરજદારોએ 'ઓમ લેન્ડ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ' (OLR) સામે છેતરપિંડીના આક્ષેપો સાથે GujRERA સમક્ષ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ GujRERA એ આ પ્રોજેક્ટ તેના અધિકારક્ષેત્રમાં ન આવતો હોવાનું જણાવી અરજી રદ કરી હતી, જે પછી અરજદારોએ ટ્રિબ્યુનલમાં અપીલ કરી હતી.

વધુ વિગતો મુજબ, આ પ્રોજેક્ટ કણોતર ગામ, બાવળા ખાતે 'ફિલ્મ સિટી' વિકસાવવા માટે ગુજરાત સરકાર સાથે એક MOU હેઠળ શરૂ કરવામાં આવ્યો હતો. જોકે, GujRERAએ અરજદારોની ફરિયાદને ફગાવી દેતા આ મામલો ટ્રિબ્યુનલમાં પહોંચ્યો હતો.

ટ્રિબ્યુનલે પણ અધિકારક્ષેત્રના સમાન કારણોસર અરજદારોની ચોક્કસ અપીલને ફગાવી દીધી હતી, પરંતુ હજારો પ્લોટ માલિકોના હિતોને ધ્યાનમાં રાખીને એક વિશેષ સત્તાનો ઉપયોગ કર્યો હતો. ટ્રિબ્યુનલે GujRERઅને નિર્દેશ આપ્યો કે પ્રોજેક્ટ રજિસ્ટર કરવામાં આવે. GujRERAના એક વરિષ્ઠ અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, અમે ટ્રિબ્યુનલ । દ્વારા આપવામાં આવેલા નિર્દેશ પર વિચાર કરી રહ્યા છીએ. અમે તેનો વધુ અભ્યાસ કરીને તે મુજબ નિર્ણય લઈશું.

અરજદાર ડો. ચક્ષુ પટેલે જણાવ્યું હતું કે, મારા જેવા ૧૦,૦૦૦ જેટલા પ્લોટ માલિકો છેલ્લા એક દાયકાથી હેરાન થઈ રહ્યા છે. ડેવલપર ન તો અમારા નામે પ્લોટની નોંધણી કરાવી રહ્યા છે. ન તો બ્રોશરમાં વચન આપેલું માળખાગત સુવિધાઓ અને અન્ય સુવિધાઓ સાથેનું પ્રોજેક્ટનું સંપૂર્ણ બાંધકામ કર્યું છે. તેમણે ટ્રિબ્યુનલના આદેશ પર સંતોષ વ્યક્ત કરતા કહ્યું કે કાયદામાં એવી જોગવાઈઓ છે કે આવા પ્રોજેક્ટ્સને ઓથોરિટીના અધિકારક્ષેત્રમાં સામેલ કરવા જોઈએ. અને અન્ય ઘણા રાજ્યોમાં AQAy સમગ્ર રાજ્યનો સમાવેશ.

# અલ્પેશ ઠાકોર દૂધસાગર ડેરીની ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિ મામલે નારાજ

## દૂધસાગર ડેરીની ચૂંટણીમાં ઠાકોર સમાજને અન્યાય: અલ્પેશ ઠાકોર

મહેસાણા,
તાજેતરમાં બનાવટી દૂધ અને બનાવટી પનીર મળી આવવાના સંખ્યાબંધ કિસ્સા નોંધાયા છે. પરંતુ હવે દૂધસાગર ડેરીની ચૂંટણી પણ બનાવટી દૂધની જેમ બનાવટી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ચૂંટણીમાં ઠાકોર સમાજને અન્યાય થયો હોવાનું રણશિંગુ ઠાકોર સેનાના આગેવાન અલ્પેશ ઠાકોરે ફૂંક્યું છે. અલ્પેશ ઠાકોરે જણાવ્યું છે કે પશુપાલનનો વ્યવસાય જે લોકોને છે તે જ લોકોને જાણે ચૂંટણી પ્રક્રિયાથી સાવ અળગા કરી દેવાયા છે. હવે જે લોકો દૂધસાગર ડેરીના આધાર છે તેમના જ અધિકારોનો જાણે ભોગ લેવામાં આવ્યો છે. આજે ડેરીની ચૂંટણીમાં ઠાકોર સમાજને જાણે ચૂંટી ખવાયો હોય તેવી સ્થિતિનું સર્જન થયું છે. અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે અન્યાયની આ પરંપરા નહીં ચાલે.

દૂધસાગર ડેરીની ચૂંટણીમાં ઠાકોર સમાજને અન્યાય:અલ્પેશ ઠાકોરે ચેતવણી આપી છે કે આ રીતે ઠાકોર સમાજને છેવાડે ધકેલવા સામે તેઓ ચોક્કસ રણશિંગ ફૂંકશે. આગામી સમયમાં આ રીતે યોજનારી ચૂંટણીમાં સમાજને થનારા કોઈપણ અન્યાય સામે મેદાનમાં ઉતરીશ તેમ પણ તેમણે જણાવ્યું હતું. દૂધસાગર ડેરીની ચૂંટણીમાં ઠાકોર સમાજનું કોઈપણ પ્રકારનું પ્રતિનિધિત્વ ન રહેતા અલ્પેશ ઠાકોર લાલઘૂમ થઈ ગયા છે. આના પગલે આગામી દિવસોમાં રાજ્યમાં હવે ફક્ત મોટા શહેરોમાં જ થતાં ઠાકોર સમાજના સંમેલનો નાના-નાના શહેરોમાં પણ થવા લાગશે તેવું મનાય છે. તેમને લાગી રહ્યું છે કે દૂધસાગર ડેરીની ચૂંટણી તો એક ઉદાહરણ છે, જો રાજકીય જાગૃતિ નહીં કેળવાય તો આગામી દિવસોમાં રાજ્યની લગભગ અડધી વસ્તી ધરાવતા સમાજની સ્થિતિ પણ આ પ્રકારના પ્રતિનિધિત્વ વગરની જ થઈ જશે. આ અન્યાયબોધના કારણે તેમણે ઠાકોર સેનાને સાબદી કરવા લાગી છે. ઠાકોર સેનાના ખાંડા ખખડાવવા માંડ્યા છે. એક સમયે પરપ્રાંતીયો સામે આંદોલન કરીને ગુજરાતીઓને ન્યાય અપાવનારા અલ્પેશ ઠાકોર હવે પોતાના જ સમાજને ન્યાય અપાવવા મેદાને પડ્યા છે.

# અમદાવાદમાં સુભાષબ્રિજના અસરગ્રસ્ત ભાગ પર સ્કેફોલડિંગ લગાવવાનું શરૂ : ૧૫ ડિસે.સુધી બંધ

અમદાવાદ,
નાગરિક સંસ્થા: માળખાકીય સલામતી પરીક્ષણો કરવા માટે સુભાષ બ્રિજના અસરગ્રસ્ત ભાગ પર સ્કેફોલડિંગ લગાવવાનું શરૂ કર્યું છે. ૫૨ વર્ષ જૂના આ પુલના સ્પાનનો એક ભાગ "સ્થાયી" થયાના અહેવાલ પછી ૪ ડિસેમ્બરે અચાનક ટ્રાફિક માટે બંધ કરી દેવામાં આવ્યો હતો, જેનાથી તેની સ્થિરતા અંગે ચિંતાઓ ઉભી થઈ હતી. આ બંધને કારણે નજીકના રૂટ પર, ખાસ કરીને ગાંધી બ્રિજ પર, ટ્રાફિકમાં અડચણો ઉભી થઈ છે, જ્યાં મુસાફરોને લાંબી વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે.સુભાષ બ્રિજની ૩ કિમી ત્રિજ્યામાં



પીક હોર્સ દરમિયાન ટ્રાફિકનો સરળ પ્રવાહ સુનિશ્ચિત કરવા માટે, ટ્રાફિક વિભાગે સાત મુખ્ય જંકશન પર વધારાના કર્મચારીઓ તૈનાત કર્યા છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એક વરિષ્ઠ અધિકારીએ પુષ્ટિ આપી કે "આ પુલ તેના ટકાઉપણુંનું મૂલ્યાંકન કરવા અને ખામીઓ ઓળખવા માટે લોડ પરીક્ષણ, અલ્ટ્રાસોનિક પલ્સ વેલોસિટી પરીક્ષણો, જરૂરી સમારકામ, કોરીસેમ્પલિંગ અને માળખાકીય આરોગ્ય દેખરેખ સહિત વૈજ્ઞાનિક અભ્યાસોમાંથી પસાર થશે."

" અધિકારીના જણાવ્યા મુજબ, આ તપાસ એન્જિનિયરોને પુનઃસ્થાપનના પગલાંમાં માર્ગદર્શન આપશે અને નક્કી કરશે કે પુલને જાહેર જનતા માટે ફરીથી ખોલી શકાય છે કે નહીં. ગયા અઠવાડિયે, એએમસીએ મુસાફરોને વૈકલ્પિક માર્ગોનું આયોજન કરવા અને નિરીક્ષણ પૂર્ણ ન થાય ત્યાં સુધી ભીડના કલાકો ટાળવા વિનંતી કરી હતી.

સુભાષબ્રિજમાં એક સ્થાનમાં તિરાડ બાદ તંત્ર દ્વારા ત્રણ એજન્સી પંકજ પટેલ, કસાડ અને મલ્ટીમીડિયા પાસે બ્રિજની તપાસ કરાવ્યા બાદ હવે વિવિધ એક્સપર્ટ પાસે પણ બ્રિજની તપાસ કરાવશે. ત્યાર બાદ તમામ રિપોર્ટ રાજ્ય સરકારને આપી આ બ્રિજને તોડીને નવો બનાવવો કે પછી બ્રિજને રિપેરિંગ કરી ચલાવવો તે બાબતે નિર્ણય લેવા માટે મોકલાશે. જોકે આ સ્થિતિ વચ્ચે હજુ માત્ર રિપોર્ટ તૈયાર કરવા અને તેની તપાસ માટે ૧૫ ડિસેમ્બર સુધી બ્રિજને બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# સુરત : કાળમુખા ટ્રકના વ્હીલ હેઠળ ચગદાઈ જવાથી વિદ્યાર્થિનીનું મોત

સુરત,
સુરત જિલ્લાના અંબિકા વિસ્તારમાં બુધવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીનું કરુણ મોત નિપજ્યું છે. બેફામ ગતિએ આવતા ટ્રકે વિદ્યાર્થિનીને અડફેટે લેતા આ દુર્ઘટના બની હતી.




મૃતક વિદ્યાર્થિનીની ઓળખ રીયા પટેલ તરીકે થઈ છે, જે બહેડા રાયપુરી વિસ્તારની રહેવાસી છે. અંબિકા વિસ્તારમાંથી પસાર થતી વખતે બેફામ ટ્રકે રીયા પટેલને ટક્કર મારી હતી. ટ્રકનું ટાયર માથાના ભાગેથી ફરી વળતા રીયાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ ગમખ્વાર અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. વિદ્યાર્થિનીનું મોત થતાં તેના પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

ઘટનાની જાણ થતાં જ મહુવા પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને ટ્રક ચાલક વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે અને આગળની તપાસ શરૂ કરી છે.

# ગુજરાતનો 'ધ ઘોસ્ટ': આણંદનો યુવાન ચીન અને મ્યામાર જેવા દેશોમાં ફેલાયેલા સાયબર ગુલામીના નેટવર્કનો સૂત્રધાર કેવી રીતે બન્યો?

**નીલેશ અને તેની ગેંગે આ લોકોના પાસપોર્ટ છીનવી લઈ બે વર્ષના કોન્ટ્રાકટ પર સહી કરવાની ફરજ પાડવામાં આવી હતી. જે લોકો કામ છોડવા માગતા હોતા । તેમની પાસે પાસેથી ૩.૫ લાખથી ૫ લાખ રૂપિયાની રકમ માંગવામાં આવી હતી.**

અમદાવાદ,
એક સમયે માતા-પિતાના કેટરિંગના બિઝનેસમાં કામ કરતા ગુજરાતના આણંદના ૨૯ વર્ષીય યુવાનને ઈન્ટરનેશનલ સાયબર ક્રાઈમ સિન્ડિકેટનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે. પોલીસ ફાઈલોમાં "નીલ" અને "ધ ઘોસ્ટ" તરીકે ઓળખાતા નિલેશ પુરોહિત પર ભારત, પાકિસ્તાન અને ચીન સુધી ફેલાયેલા નેટવર્ક દ્વારા બે વર્ષથી ઓછા સમયમાં ૫૦૦ થી વધુ યુવાનોને સાયબર સ્લેવરી એટલે કે સાયબર ગુલામીમાં ફસાવવાનો આરોપ છે.

ગુજરાત પોલીસે લગભગ ૨૦ દિવસ પહેલા નિલેશની ધરપકડ કરી હતી, અને પાંચ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. તેના રેકેટની તપાસ ત્રણ રાજ્યોમાં ફેલાયેલી છે. "ધ ઘોસ્ટ" ની ધરપકડ એક થ્રિલર ફિલ્મ જેવી છે. ૧૬ નવેમ્બરના રોજ, ગુજરાત પોલીસની એક ટીમ તેને પકડવા માટે ગાંધીનગરથી ૧૦૦ કિલોમીટર દૂર આણંદ જઈ રહી હતી. પછી તેમને ગુપ્ત માહિતી મળી કે નિલેશ આણંદમાં નથી, પરંતુ અમદાવાદ એરપોર્ટ નજીક છે.માહિતી મળતાં, પોલીસ અને સુરક્ષા એજન્સીઓને સતર્ક કરવામાં આવી હતી. એરપોર્ટ પોલીસને સૂચના આપવામાં આવી હતી કે નિલેશને કોઈપણ ફ્લાઈટમાં ચઢવા ન દેવાય. પોલીસની એક ટીમ ઝડપથી એરપોર્ટ પર પહોંચી અને નિલેશની ધરપકડ કરી કારણ કે તે ટર્મિનલ તરફ જઈ રહ્યો હતો. તે મલેશિયા ભાગી જવાની ફિરાકમાંહતો. પોલીસ કહે છે કે જો તેઓ થોડી મિનિટો પણ મોડા પડ્યા હોત, તો તે ફરી ગાયબ થઈ ગયો હતો.

બીજા દિવસે, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તેની ધરપકડની જાહેરાત કરી હતી. તે હાલમાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. પુરોહિત પરિવાર મૂળ રાજસ્થાનનો છે પરંતુ દાયકાઓથી આણંદમાં સ્થાયી થયો છે. ૧૨મા ધોરણ પછી શાળા છોડી દેનાર નિલેશે શરૂઆતમાં ફાઈનાન્સમાં કામ કર્યું હતું. ૨૦૨૪ની શરૂઆતમાં, તે દુબઈ ગયો અને ઈન્વેસ્ટમેન્ટ પાર્કમાં એક કંપનીમાં નોકરી મળી હતી જે સાયબર ક્રાઈમમાં સામેલ હોવાનું કહેવાય છે. તપાસ અધિકારીઓના જણાવ્યા મુજબ નિલેશ દુબઈમાં પાકિસ્તાન અને ચીનના એજન્ટોને મળ્યો હતો અને તેમણે તેને સાયબર ક્રાઈમના પાઠ શિખવ્યા હતા. આ સિસ્ટમને સમજવા માટે. નિલેશ થાઈલેન્ડ અને મ્યાનમાર ગયો અને સાયબર ફ્રોડ સેન્ટરોની મુલાકાત લીધી હતી. નીલેશે મ્યાનમારના કુખ્યાત 'કેકે પાર્ક'ની પણ મુલાકાત લીધી, જેને ચીની ગેંગ દ્વારા ચલાવવામાં આવતા સાયબર ગુનાઓનું કેન્દ્ર માનવામાં આવે છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, નિલેશે લગભગ એક મહિના સુધી ત્યાં રહીને તમામ બાબતો શીખી હતી.

ત્યાંથી પાછા આવીને પોતાનું નેટવર્ક બનાવ્યું હતું. પોલીસ માને છે કે તેણે ઓક્ટોબર ૨૦૨૪માં ગુજરાતથી પ્રથમ વ્યક્તિને થાઈલેન્ડ થઈને મ્યાનમાર મોકલ્યો હતો. નીલેશ લોકોને ડેટા એન્ટ્રી નોકરીઓનું વચન આપીને લલચાવતો હતો. તેના માટે વોટ્સએપ, ટેલિગ્રામ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કરવામાં આવતો હતો.

એકવાર લોકો ફસાઈ જાય પછી તેમને બેંગકોક (થાઈલેન્ડ) લઈ જવામાં આવ્યા. ત્યાંથી, તેમને રોડ દ્વારા ૪૫૦ કિલોમીટર દૂર ટાક સિટીમાં અને છેવટે મ્યાનમારના મ્યાવાડી ટાઉનશીપમાં કેકે પાર્ક લઈ જવામાં આવતા હતા. નીલેશ અને તેની ગેંગે આ લોકોના પાસપોર્ટ છીનવી લઈ બે વર્ષના કોન્ટ્રાકટ પર સહી કરવાની ફરજ પાડવામાં આવી હતી. જે લોકો કામ છોડવા માગતા હોતા । તેમની પાસે પાસેથી ૩.૫ લાખથી ૫ લાખ રૂપિયાની રકમ માંગવામાં આવી હતી.

કેસની તપાસ કરી રહેલા ઈન્સ્પેક્ટર મનાલી રાદડિયાએ જણાવ્યું હતું કે નિલેશે દરેક સાયબર ગુલામ" (પીડિત) માટે ડોલર કમાતા હતા, જે ભારતીય રૂપિયામાં ૧.૭૬ લાખથી ૩.૯૬ લાખ રૂપિયા સુધી હતા. આ પૈસાને હેન્ડલ કરવા માટે તેણે મ્યુલ એકાઉન્ટ્સ અને પાંચથી વધુ બિનાન્સ ક્રિપ્ટો વોલેટનો ઉપયોગ કર્યો હતો.

ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશન ઝૈંઢ ખાતે સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ

અનુસાર, નિલેશે ૧૨૬ થી વધુ સબ-એજન્ટ્સનું નેટવર્ક જાળવી રાખ્યું હતું જેઓ ૩૦ પાકિસ્તાની એજન્ટો સાથે સંપર્કમાં હતા. આ નેટવર્કના બીજા છેડે ૧૦૦ થી વધુ ચીની અને વિદેશી કંપનીઓ હતી જે સાયબર ગુનાઓ માટે આ પીડિતોનો ઉપયોગ કરતી હતી.

એવો આરોપ છે કે નિલેશે ભારત, શ્રીલંકા, ફિલિપાઈન્સ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, નાઈજીરીયા, ઈજિપ્ત, કેમરૂન, બેનિન અને ટ્યુનિશિયા જેવા દેશોના ૫૦૦ થી વધુ નાગરિકોને મ્યાનમાર, કંબોડિયા, વિયેતનામ અને થાઈલેન્ડ મોકલ્યા હતા.

ધરપકડના એક દિવસ પહેલા જ તેણે પંજાબના એક યુવાનને કંબોડિયા મોકલ્યો હતો. ગુજરાતના ઓછામાં ઓછા ૨૨ યુવાનોને તેના દ્વારા સીધી રીતે તસ્કરી કરવામાં આવ્યા હોવાની પુષ્ટિ થઈ છે.

આ કેમ્પોમાં ફસાયેલા લોકોને ફિશિંગ, ક્રિપ્ટો કૌભાંડો, પોન્ઝી યોજનાઓ અને ડેટિંગ એપ દ્વારા લોકો સાથે છેતરપિંડી મજબૂર કરવામાં આવતા હતા. જો તેઓ પ્રતિકાર કરે તો તેમને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. ઘણા પીડિતો એટલા ડરી ગયા હતા કે તેઓ ફ્રૈંઇ પણ નોંધાવતા ન હતા. જેના કારણે પોલીસે રાજ્ય વતી ફરિયાદ નોંધાવી હતી. નિલેશ સામે ગાંધીનગર સીઆઈડીમાં બે, સુરત શહેરમાં એક અને મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળના સાયબર ક્રાઈમ સેલ માં એક-એક એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. સીબીઆઈ ઈન્ટરનેશનલ સાયબર ગુલામીના બે કેસમાં તેની ભૂમિકાની પણ તપાસ કરી રહી છે. તેની ધરપકડ પહેલા, ગુજરાત પોલીસે તેના બે સબ-એજન્ટ પોરબંદરના હિતેશ અર્જુન સોમૈયા (૧૨ યુવાનોને મોકલવાનો આરોપી) અને જૂનાગઢના સોનલ ફળદુની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછ દરમિયાન 'ધ ઘોસ્ટ' એટલે કે નીલેશ પુરોહિતનું નામ સામે આવ્યું.

# ભાવનગર NSUIના પ્રમુખ દ્વારા કરાયેલ સાઈબર ફ્રોડ મામલે જામનગરમાં ABVPનો વિરોધ

જામનગર : NSUI ભાવનગરના પ્રમુખ દ્વારા સાઈબર ફ્રોડ કરવામાં આવ્યું હોવાનું બહાર આવતા જામનગરમા છમ્ફ દ્વારા આ મુદ્દે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. ABVPના કાર્યકરોએ મોટી સંખ્યામાં એકત્રિત થઈ DKV સર્કલ ખાતે પૂતળા દહન અને સૂત્રોચાર કરી આકરો વિરોધ કર્યો હતો.બીજી બાજુ આ મામલે સ્થાનિક પોલીસને જાણ થતા પોલીસ સ્ટાફ દોડી ગયો હતો. જ્યાં વિરોધ કરી રહેલા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.



તસવીરઃ સુનિલ ચુડાસમા

# જામનગરમાં પાવર ચોરી કરનાર બે શખ્સોને બે વર્ષની સખ્ત કેદની સજા

જામનગર : જામનગરમાં બે ઈસમો સામે વીજ તંત્ર દ્વારા પાવર ચોરીના કેસ કરવામાં આવ્યા હતા. જે કેસ સ્પે. કોર્ટમાં ચાલી જતા બંને આરોપીઓને બે વર્ષની સજાનો હુકમ કર્યો છે.

જામનગરમાં રામનગર શેરી નં.૨માં નગરસીમ સબ ડીવીઝન હેઠળ આવતા વિસ્તારમાં પી.જી.વી.સી.એલ. અધિકારી ધ્વારા ચેકીંગ કાર્યવાહી દરમ્યાન આરોપીઓ નિર્ભય લક્ષ્મણભાઈ સોલંકી અને સાગર વજશીભાઈ વસરાના આર.ઓ પ્લાન્ટમાં ચેકીંગ કરતાં તેઓ કાયદેસરના ગ્રાહક હોવા છતાં તેઓ ધ્વારા મીટર સાથે ચેડા કરી ગેરકાયદેસર રીતે ડાયરેક્ટ પાવર ચોરી કરતાં પકડાયા હતા. જેથી કાયદેસરની કાર્યવાહી કરી નિર્ભય લક્ષ્મણભાઈ સોલંકી અને સાગર વજશીભાઈ વસરાને પુરવણી બીલ આપવામાં આવ્યા હતા. જે અંગે ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટીની એકટ ની કલમ –૧૩૫ અન્વયે જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશનમાં બને આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધીને ચાર્જશીટ કરવામાં આવ્યું હતુ.

આ કેસ સ્પેશ્યલ કોર્ટમાં ચાલવા પર આવતા પ્રોસી. ધ્વારા ૧૦ સાહેદ તપાસવામાં આવ્યા હતા. તેમજ ૧૮ જેટલા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવ્યા હતા. જે કેસ ચાલી જતાં પી.જી.વી.સી.એલ. પેનલ એડવોકેટ વકીલ રાજેશ કે વસીયર તેમજ સરકારી વકીલ ડી. આર. ત્રિવેદી ધ્વારા દલીલો કરવામાં આવેલ કે હાલ પાવરચોરીના બનાવ દિનપ્રતિદિન વધતા જાય છે. તેમજ સમાજને અસર કરે તેવો ગુન્હો છે. જેથી સખ્ત સજા કરવા અંગે દલીલ કરતાં સ્પેશ્યલ કોર્ટ ધ્વારા આરોપીઓ નિર્ભય લક્ષ્મણભાઈ સોલંકી અને સાગર વજશીભાઈ વસરાને પાવર ચોરીના કેસમાં ૨ વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા. ૧,૦૦૦ દંડ અને પીજીવીસીએલને વળતર તરીકે રૂા. ૫૦,૦૦૦ ની રકમ ૩૦ દિવસમાં કોર્ટમાં જમા કરાવવા આદેશ કર્યો છે.

# જામનગરમાં ફાઈનાન્સ કંપનીમાં લોન હપ્તા નહિ ભરી ફરાર આરોપી ઝડપાયો

જામનગર : જામનગરમાં ટ્રક લોન ઉપર ખરીદી કર્યા પછી તેના હપ્તાની રકમ નહીં ભરીને છેતરપિંડી આચરનાર નાસ્તા ફરતા આરોપીને જામનગર પોલીસે ભાવનગરમાંથી પકડી પડ્યો છે.

જામનગરના એબ્સ્કોન્ડર/પેરોલ ફર્લો સ્ક્વોડના પોલીસ સબ ઈન્સપેક્ટર એમ.વી. ભાટીયા તથા સ્ટાફના માણસો નાસતા ફરતા ગુનેગારોને શોધી કાઢવા જરૂરી વર્કઆઉટ કરી રહેલ હતા.

દરમ્યાન સ્ટાફને બાતમી મળી હતી કે જામનગર સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ કરોડોની કિંમતના ટ્રકો ફાઈનાન્સ કંપનીમાંથી લોન પર લઈ હપ્તા ન ભરી છેતરપીંડી કરવા અંગેના ગુનામાં નાસતા-ફરતા આરોપી રાજેન્દ્રસિંહ દીલુભા જાડેજા (રહે.તલવાણા ગામ તા.માંડવી જી. ભુજ ) હાલ ભાવનગરમાં છે. આથી પોલીસ ટુકડી ત્યાંથી પકડી પાડી સીટી બી ડીવી. પોલીસ સ્ટેશન સોંપી આપેલ છે.

# જામનગરમાં પબ્લિક સ્પીકીંગની કળા શીખવતો નિઃશૂલ્ક ડેમો કાર્યક્રમ યોજાશે

**જાણીતા વક્તા ડો.કેતન કારીયા દ્વારા થશે લાઈવ નિદર્શન**



જામનગર : જામનગરમાં જસ્ટ મોજ સંસ્થાનાં ઉપક્રમે 'માઈક મેરેથોન - ટુ પોઈન્ટ ઝીરો' અંતર્ગત તા. ૧૨/૧૨ ને શુક્રવારે રાત્રે ૯ થી ૧૧ દરમ્યાન હાઇવ એન્ડ થ્રાઈવ સ્ટુડિયો, પંચવટી નજીક, પી.એન.માર્ગ જામનગરમાં પબ્લિક સ્પીકીંગ અને સ્ટેજ પર્ફોમન્સ માટેનાં ગુણો શીખવતાં ફ્રી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં જાણીતા એન્કર, સાહિત્યકાર, દિગ્દર્શક અને અભિનેતા ડો. કેતન કારીયા દ્વારા વક્તવ્યની કળા શીખવવામાં આવશે તથા શ્રેષ્ઠ વક્તા બનવાનાં ગુણો શીખવવામાં આવશે. કાર્યક્રમ નિઃશૂલ્ક છે પરંતુ વ્યવસ્થાનાં ભાગ રૂપે રજીસ્ટ્રેશન જરૂર છે. રજીસ્ટ્રેશન માટે (મો. ૯૦૮ ૧૨૩ ૫૪૦૦)પર સંપર્ક સાધવાનો રહેશે.

# સિક્કામાં આંગણવાડી બહેનોના વિરોધ બાદ સુપરવાઈઝરને ફરજ મોકુફ કરાયા

જામનગર : જામનગર નજીક સીક્કામાં આંગણવાડી ૧૮૭ માં ફરજ બજાવતા લીલાબેન નાથાભાઈ પરમાર નામના વર્કર બહેન ગર્ભવતી હોવાથી આંગણવાડીની પત્રક મીટીંગમાં ગયા બાદ તેઓની તબીયત લથડી હતી, અને સારવારમાં મૃત્યુ નિપજતાં આંગણવાડી બહેનોમાં રોષ વ્યાપી ગયો હતો. સુપરવાઈઝર ભાનુબેન જાદવનો ત્રાસ હોવાની સાથે રજા આપવામાં આવતી ન હોવાના આક્ષેપો સાથે તાલુકા અને જિલ્લા પંચાયત આઈસીડીસી કચેરી ખાતે સૂત્રોચ્ચાર સાથે ધરણા કરી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. અને સુપરવાઈઝરના ત્રાસમાંથી મુક્તિ આપવામાં આવે તેવી માંગણી કરી હતી, જ્યારે ઉપવાસ આંદોલનની તેમજ સામુહિક રાજીનામાની ચીમકી પણ ઉચ્ચારી હતી. જેથી પોગ્રામ ઓફીસર દ્વારા સુપરવાઈઝરને ફરજ મોકુફ કરવામાં આવ્યા છે. તેમજ સુપરવાઈઝર સામે તપાસ કરવા સમિતીની રચના પણ કરવામાં આવી છે. જે આગામી દિવસોમાં તપાસ કરી રિપોર્ટ કરશે.

# જામનગરના એમ.પી. શાહ વૃદ્ધાશ્રમ ખાતે સિનિયર સીટીઝન માટે કાર્ડ કેમ્પ યોજાયો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ૬૦ વર્ષ પુરા થઈ ગયા હોય તેવા વરિષ્ટ નાગરીકોને સરકાર દ્વારા "સિનિયર સીટીઝન કાર્ડ" આપવામાં આવનાર છે જેના અનેક ફાયદાઓ છે.

વરિષ્ટ નાગરીકો ને "સિનિયર સીટીઝન કાર્ડ" મેળવવા સહાયરૂપ થવા માટે BJS: જૈન સંગઠન ફાઉન્ડેશન-જામનગર અને એમ.પી. શાહ મ્યુનીસીપલ વૃદ્ધાશ્રમ -જામનગર દ્વારા કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે. આજે તા. ૧૦-૧૨-૨૦૨૫ બુધવાર અને ૧૧-૧૨-૨૦૨૫ ગુરુવારે સવારે ૧૦ થી ૧ અને બપોરે ૩ થી ૬ દરમ્યાન ૬૦ વર્ષ થી વધુ ઉમરના વરિષ્ટ નાગરીકો એ ઉપર ના પોસ્ટર માં દર્શાવેલ ડોકયુમેન્ટ સાથે આવવાનું રહેશે. સંસ્થા ના કાર્યકરતાઓ યોગ્ય રીતે ફોર્મ ભરી, ડોકયુમેન્ટ ચકાસી અને ફોર્મ સક્ષમ અધિકારી ને કાર્ડ ની કાર્યવાહી કરવા માટે સોપી દેશે. જેમનો વારો આવશે તેમને ફોન થી જાણ કરી સેવા-સદન માં રૂબરૂ ફોટા પડાવવા જવા માટે સુચના આપવામાં આવશે. આ કેમ્પ પૂરો થયા બાદ જામનગર શહેરમાં અન્ય સ્થળે પણ આ પ્રકાર ના કેમ્પનું આયોજન કરી વરિષ્ટ નાગરીકો ને સહાય કરવામાં આવશે.

જે લોકો પાસે સ્કુલ લીવીંગ / જન્મ નો દાખલો ના હોય તે લોકો સિવિલ સર્જન નો દાખલો કાઢવી રજુ કરી શકે છે. દર મંગળવારે સવારે જી. જી. હોસ્પિટલમાં રાશન કાર્ડ, આધાર કાર્ડ અને પાસ-પોર્ટ સાઈઝ ના ફોટા- ૨ સાથે જઈ સીવીલ સર્જન નો દાખલો મેળવી શકાશે.

# ખંભાળિયામાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં સ્થાનિક પોલીસે દરોડો પાડી પ્રીમિયર લીગ ક્રિકેટ મેચ ઉપર રૂપિયાની હારજીતનો સટ્ટો રમતા એક શખ્સને ઝડપી લઈ સ્થળપરથી મુદામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયામાં વાંઝા દરજીની વાડીની બાજુમાં રહેતો રીસીત અરૂણભાઈ ગોકાણી નામનો શખ્સ હાલમાં દુબઈ ખાતે રમાઈ રહેલ પ્રીમિયર લીગ ક્રિકેટ મેચ નું સીધું પ્રસારણ પોતાના મોબાઈલ ફોનમાં નિહાળી તેમાં એકાઉન્ટ ખોલી મેચના પરિણામ ઉપર નસીબ આધારિત પૈસાની હરજીતનો ક્રિકેટનો સટ્ટો ઓનલાઈન લગાવી જુગાર રમતો હોય સ્થાનિક પોલીસે તેની રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત રૂપિયા ૧૦૪૫૦ ની મુદામાલ સાથે અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી હતી.

# જામનગર 'આપ'ના આગેવાનોએ અરવિંદ કેજરીવાલની લીધી મુલાકાત



જામનગર : દિલ્લીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ ગઈકાલે રાજકોટ આવ્યા છે.બજ્યાં જામનગરના 'આપ'ના ધારાસભ્ય હેમંતભાઈ ખવા ઉપરાંત કોંગ્રેસ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાયેલ કોર્પોરેટર અસલમભાઈ ખીલજી, જેનબબેન ખફી, હાજી રિઝવાન જુનેજાએ કેજરીવાલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. અને આગામી સમયમાં આવી રહેલ જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી અંગે ચર્ચાઓ કરી હતી.

## દ્વારકાના બરડીયા બેઠકજી ખાતે

# શ્રીમદ્ ગુંસાઈજીના ૫૧૧માં પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઊજવણી કરવામાં આવશે

**કુનવારા મનોરથ, જલેબી ઉત્સવ તથા ભવ્ય અન્નકૂટ દર્શનનું આયોજન**

દ્વારકા : દ્વારકાના બરડીયા ગામે આવેલ ગુંસાઈજીની બેઠક ખાતે આગામી તા.૧૩-૧૨-૨૦૨૫ ને શનિવાર માગસર વદ ૯ ના રોજ પુષ્ટિ સંપ્રદાયના શ્રીમદ્ ગુંસાઈજી (વિઠ્ઠલનાથજી)ના ૫૧૧માં પ્રાગટ્ય મહોત્સવની દ્વારકાના પુ.પા.ગો. કાલિન્દીવહુજી નટવરગોપાલજી મહારાજ તથા લાલનશ્રી નૃસિંહલાલજી નટવરગોપાલજી મહારાજ (પોરબંદર-વેરાવળ-દ્વારકા-બરડીયા બેઠકજી તથા કંપાલા હવેલી)ના માર્ગદર્શનમાં ધામધૂમપૂર્વક ઊજવણી કરવામાં આવશે.

આ પ્રસંગે બરડીયા ગુંસાઈજીની બેઠકજી ખાતે શનિવારે બપોરે ૧:૩૦ થી ૨:૩૦ સુધી કુનવારા મનોરથ જલેબી ઉત્સવ તથા ભવ્ય અન્નકૂટ દર્શન યોજવામાં આવનાર છે. આ ધાર્મિક પ્રસંગોમાં સર્વે વૈષ્ણવોને ઉપસ્થિત રહેવા પ્રાગટ્ય મહોત્સવ સમિતિ દ્વારા અનુરોધ કરાયો છે.

# જામનગરમાં સમસ્ત જૈન સમાજ માટે આઠ દિવસીય તપનું આયોજન

જામનગર : સમસ્ત જૈન સમાજ માટે આઠ દિવસીય તપનું આયોજન તા.૧૨-૧૨-૨૦૨૫ થી તા.૧૯-૧૨-૨૦૨૫ સુધી શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘ, ચાંદીબજાર, જામનગરમાં કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ જામનગરમાં બિરાજતા બા.બ્ર.પ.પૂ. કેશવજી મુની મહારાજ સાહેબ આદી ઠાણા ઓ.ગોંડલ સંપ્રદાયના બ્રા.બ.પ.પૂ. રાજેશમુની મા.સા.ના સુ. શિષ્યરત્ન પ.પૂ. હર્ષમુની મ.સા. તથા પ.પૂ.બ્રા.બ. રત્નેશમુની મ.સા. તથા સ્થાનકવાસી - જૈન મોટા સંઘ , ચાંદીબજારમાં જયસુખલાલ મનસુખલાલ વાલજીભાઈ શાહ ઉપાશ્રયમાં બિરાજતા ગોંડલ સંપ્રદાયનાં ઝવેર પરિવારના પ.પૂ. બ્રા.બ. ઝવેરબાઈ મહાસતીજીનાં સુશિષ્યા પ.પૂ. દયાબાઈ મહાસતીજીના સુશિષ્યા પ.પૂ. વિશાખાબાઈ મહાસતીજી તથા બ્રા.બ. પ.પૂ. કુંદનબાઈ મહાસતીજી તથા જૈન પ્રવાસી ગૃહ ઉપાશ્રયમાં બિરાજતા પ.પૂ. મંજુલાબાઈ મહાસતીજી આદી ઠાણા તથા અન્ય ઉપાશ્રયમાં આઠ દિવસીય તપનું શ્રી મોટા સંઘ તેમજ દાતા પરિવાર જયસુખલાલ મનસુખલાલ વાલજીભાઈ શાહ હ . સંઘમાતા પરિવાર તરફથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું છે. સમસ્ત જૈન સમાજના શ્રાવક- શ્રાવિકા આ તપમાં જોડાઈ અને શાસનની શાન વધારે આ આયોજનનું મુખ્ય કારણ સંતોની વાર્ષિક અને માસિક પુણ્યતિથિ તેમજ દાતા પરિવારનાં સભ્યોની વાર્ષિક અને માસિક પુણ્યતિથિ નિમિત્તે યોજવામાં આવેલ છે. તા. ૧૨-૧૨-૨૦૨૫ થી ૧૯-૧૨-૨૦૨૫ (૮ દિવસીય તપ) પ.પૂ. ઝવેરબાઈ મહાસતીજી પ.પૂ. દયાબાઈ મહાસતીજી બન્નેની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તથા બ્રા.બ્ર.પૂ. હર્ષાબાઈ મહાસતીજીની માસિક તિથિ નિમિત્તે તેમજ સંઘમાતા પરિવારનાં મોભી સ્વ. મનસુખલાલભાઈ વાલજીભાઈ શાહ, સવિતાબેન મનસુખલાલભાઈ શાહ, જયસુખલાલભાઈ મનસુખભાઈ શાહ, સંઘમાતા હેમલતાબા, દિનાબેન યોગેશભાઈ શાહ ની વાર્ષિક તિથિ અને મુકેશભાઈ જયસુખલાલભાઈ શાહ ની માસિક તિથિ નિમિત્તે આ આઠ દિવસીય તપનું આયોજન કરવામાં આવ્યું છે. આયંબીલ, એકાસણા, બ્યાસણા લોકાગચ્છ જ્ઞાતિની વાડી, ચાંદીબજારમાં કરવાના રહેશે.

તદનુસાર આઠ દિવસીય તપમાં તા. ૧૨ના શુક્રવારે ઉપવાસ, તા.૧૩ના શનિવારે એકાસણું, તા. ૧૪ના રવિવારે બ્યાસણું , તા. ૧૫ ના સોમવારે ઉપવાસ, તા . ૧૬ ના મંગળવારે એકાસણું તા. ૧૭ ના બુધવારે આયંબિલ, તા. ૧૮ ના ગુરૂવારે બ્યાસણું, તા. ૧૯ ના શુક્રવારે ઉપવાસ તથા આ સાથે ૩, ૪ અને ૫ સામાયિકનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તપ કરનાર તપસ્વીએ પોતાના નામ મંજુલાબેન મેતા મો. ૯૮૨૪૫ ૪૭૬૫૩ તથા રીટાબેન મેતા મો.૭૫૬૭૮ ૮૨૭૭૨ તેમજ ઉપાશ્રયના હોદ્દેદારોને લખાવવાના રહેશે અને તેની વિગત તા. ૧૦ સુધીમાં વ્યવસ્થાપક મંત્રી દિપકભાઈ શાહને પહોંચાડવાની રહેશે. આ આઠ દિવસીય તપમાં જોડાયેલા તપસ્વીઓનું બહુમાન દાતા પરિવાર તરફથી કરવામાં આવશે . જેમને તપસ્વીનું બહુમાન કરવાના ભાવ હોય તેમણે પોતાનું નામ મંજુલાબેનને લખાવવાનું રહેશે.

દાતા સંઘમાતા હેમલતાબા પરિવાર , માતુશ્રી સરોજબેન જયવંતભાઈ કોઠારી પરિવાર (પ.પૂ. હર્ષબાઈ સ્વામીના સંસારી માતા-પિતા ) (રાજકોટ), કોકીલાબેન પ્રભુલાલભાઈ શાહ પરિવાર (હ.વિરેન્દ્રભાઈ દોશી ), મૃદુલાબેન ભાનુભાઈ દોશી (હ. પરાગભાઈ દોશી), મીનાબેન વિરેન્દ્રભાઈ શેઠ (મુંબઈ), નીરૂબેન વિરેન્દ્રભાઈ સંઘવી (મુંબઈ), ધનવંતરાય મનસુખભાઈ શાહ (હસ્તે : મનોજભાઈ - ધર્મેન્દ્રભાઈ), મધુબેન જયેન્દ્રભાઈ કોઠારી (હસ્તે : હરેન્દ્રભાઈ - લાલુભાઈ), ભરતભાઈ મનસુખભાઈ શાહ (હસ્તે : જાગૃતિબેન - ભરતભાઈ), ધીરજભાઈ ડોશાલાલભાઈ- મેતા પરિવાર (મુકેશભાઈના સસરા), પ્રમોદભાઈ ભગવાનજીભાઈ કોઠારી (વેવાઈ) (જામનગર), ઉપેન્દ્રભાઈ નટવરભાઈ મોદી (રાજકોટ) (વેવાઈ), પ્રકાશભાઈ જયકરભાઈ શાહ (વેવાઈ- થાનગઢ), ઈન્દિરાબેન રજનીભાઈ મેતા (હસ્તે. સુમેશભાઈ), નરેશભાઈ ધીરૂભાઈ મકીમ (વેવાઈ), સંજયભાઈ લલીતભાઈ મેતા (વેવાઈ- રાજકોટ) દ્વારા તપસ્વીઓનું બહુમાન કરવામાં આવશે. સંઘ અને સંઘમાતા પરિવાર દ્વારા સમસ્ત જૈન સમાજના શ્રાવક - શ્રાવિકાઓને આ તપમાં જોડાયને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જામનગરની મોટી હવેલીમાં ગુંસાઈજીનો ૫૧૧મો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે

**તા.૧૨મીએ વધાઈ કિર્તન, ૧૩મીની સાંજે ઉત્સવનાયકના ગુણાનુવાદની સભા**

જામનગર : જામનગરની મોટી હવેલી ખાતે શ્રીમદ વલ્લભાચાર્યજીના દ્વિત્તિય આત્મજ (પુત્ર) વિઠ્ઠલનાજી (ગુંસાઈજી પરમ દયાલ)ના ૫૧૧મા પ્રાકટય દિન નિમિત્તે વધાઈ કિર્તન, ગુણાનુવાદ સભા સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન તા.૧૨ અને ૧૩ દરમિયાન કરવામાં આવ્યું છે.

ગુંસાઈજીના પ્રાગટ્યોત્સવ નિમિત્તે મોટી હવેલીના હરિરાયજી મહારાજની આજ્ઞાનુસાર વલ્લભરાયજી મહોદય, રસાદ્રરાયજી અને પ્રેમાદ્રરાયજીના સાન્નિધ્યમાં જામનગરના વૈષ્ણવસમાજ, વૈશ્વાનર યુવા સંગઠન, અનિરૂધ્ધ પુષ્ટીમાર્ગિય મહાવિદ્યાલય અને પુષ્ટિ માર્ગિય મહિલા પાઠશાલાના સંયુક્ત ઉપક્રમે તા.૧૨મીના શુક્રવારે મોટી હવેલીમાં આવેલા વલ્લભ ચોક ખાતે રાત્રે ૯:૩૦ વાગ્યે વધાઈ કિર્તન યોજાશે.

તેમજ તા.૧૩ના શનિવારે ગુંસાઈજીના ૫૧૧મા પ્રાકટ્ય દિવસે સવારે ૬ વાગ્યે મંગલા આરતી પછી બપોરે ૧૨ વાગ્યે રાજભોગ આરતી થશે. બાદમાં સાંજે ૭:૩૦ વાગ્યે ઉત્સવ નાયકના ગુણાનુવાદની સભાને વલ્લભરાયજી તથા પ્રેમાદ્રરાયજી અને રસાદ્રરાયજી સંબોધશે. તેમ વૈષ્ણવ સમાજના પ્રમુખ વજુભાઈ પાબારી અને સંયોજક મિતેષભાઈ લાલની યાદી જણાવે છે.

# હાપામાં વેપારીના મકાનમાંથી ૫૦ રોકડા અને મોબાઈલ ફોન ચોરી જતા તસ્કરો

જામનગર : જામનગરના હાપા વિસ્તારમાં ઠંડીની સિઝનમાં તસ્કરો સક્રિય બન્યા છે, અને એક મકાનમાં ઘૂસી જઈ અંદરથી ૫૦,૦૦૦ રૂપિયા ની રોકડ રકમ અને મોબાઈલ ફોનની ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે.

જામનગર નજીક હાપા મેઈન બજાર વિસ્તારમાં રહેતા અને ફેરીનો વેપાર કરતા ઈન્દ્રકુમાર અર્જુનદાસ પરસરામાણીના મકાનને ગઈરાત્રી દરમિયાન કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધું હતું, જેમાં પ્રવેશ કરી લઈ તસ્કરોએ રૂપિયા ૫૦ હજારની રોકડ રકમ તેમજ રૂપિયા ૧૭,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન ચોરી કરી લઈ ગયા હોવાથી ઈન્દ્રકુમાર પરસ રામાણીએ જામનગરના પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં ચોરી અંગેની ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસ ટુકડી ઘટનાસ્થળે દોડી વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને સુકા મેવા મનોરથ યોજાયો



દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર દિપક પ્રવિણચંદ્ર પુજારી પૂજારીના સૌજન્યથી સવારે શૃંગાર આરતી સમયે શ્રીજીને સુકા મેવા મનોરથ યોજાયો હતો. બુધવારના લીલા વાઘા અને રત્નાલંકાર સાથેના શ્રીજીના દૈદિપ્યમાન શૃંગાર સાથે યોજાયેલ દિવ્ય મનોરથ દર્શનનો બહોળી સંખ્યામાં સ્થાનીય તથા દેશ વિદેશથી પધારેલ ભાવિકોએ લાભ લીધો હતો. ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભક્તોએ દિવ્ય દર્શનની ઝાંખી કરી હતી.

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

W.118/NIT/E-Tender/2025-26/38/WA તારીખ : 08/12/2025

**ઈલેક્ટ્રોનિક ઈન-મોશન વેટ બ્રિજ માટે FOIS કનેક્ટીવિટીની જોગવાઈના સંબંધમાં ટેલીકોમ ગીયર્સની આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમિશનીંગ.**

**ટેન્ડર નં. ૪૪-૨૦૨૫**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે.

**કામનું નામઃ** ભાવનગર ડિવિઝનના ગોંડલ (GDL), જુનાગઢ (JND) અને રાણાવાવ (RWO) ખાતે ઈલેક્ટ્રોનિક ઈન-મોશન વેટ બ્રિજ (EIMWB) માટે FOIS કનેક્ટીવિટીની જોગવાઈના સંબંધમાં ટેલીકોમ ગીયર્સની આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમિશનીંગ.

**અંદાજીત પડતરઃ** ₹ ૪૯,૭૭,૦૫૦.૭૪/- (રૂા. ઓગણપચાસ લાખ સિત્યોતેર હજાર પચાસ અને ચુમ્મોતેર પૈસા પૂરા)

બિડરોએ ફક્ત www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ **૩૦/૧૨/૨૦૨૫** ના ૧૫:૦૦ કલાક સુધી છે. BVP-216

Like us on: facebook.com/WesternRly • Follow us on: twitter.com/WesternRly

**ઓનલાઈન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ**

**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૨૯ સને ૨૦૨૫-૨૬ (નવમો પ્રયત્ન)**

કાર્યપાલક ઈજનેરશ્રી, દેવભૂમિ દ્વારકા (મા.અને મ.)વિભાગ,ખંભાળીયા દ્વારા ૧ કામ માટે ગુજરાત રાજ્યમાં માર્ગ અને મકાન તથા નર્મદા જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગમાં યોગ્ય કક્ષામાં નોંધાયેલ ઈજારદારો પાસેથી રસ્તા તથા મકાનોના કામો માટેના ટેન્ડરો સરકારશ્રીમાં પ્રવર્તમાન નિયમોનુસાર એક કામના ઓનલાઈનં ભાવો માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કીંમત રૂા.૧૬૬૫.૨૨ લાખ છે. ભવિષયમાં કોઈપણ પ્રકારનો સુધારો કરવાનો હશે તો ઓનલાઈન જ કરવામાં આવશે અને જે ધ્યાને રાખી ઈજારદારશ્રીઓએ ભાવો ભરવાના રહેશે.

ટેન્ડર ડોક્યુમેન્ટ માટે તા.૧૫/૧૨/૨૦૨૫ સુધી વેબસાઈટ https://rnbtender.nprocure.com પરથી ઉપલબ્ધ થશે. વધુ વિગતો માટે પ્રસ્તુત વેબસાઈટનો સંપર્ક કરવો. તેમજ વિગતવાર જાહેર નિવિદા www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે.

માહિતી-જામ-૭૭૫-૨૦૨૫

**શ્રી મા શારદાદેવી મહિલા ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટી લિ., જામનગર**

વિવેકવિત ભવન, ત્રીજો માળ, શંકરટેકરી, ઉદ્યોગનગર, જામનગર - ૩૬૧૦૦૪
ફોનઃ ૦૨૮૮-૨૫૬૧૭૦૩ મો.: ૯૪૦૯૦ ૩૨૦૧૬

**ટેન્ડર નોટિસ**

શ્રીમા શારદાદેવી મહિલા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ., જામનગર દ્વારા સભાસદ ભેટ તરીકે હેન્ડલૂમ વસ્તુઓની ખરીદી માટે રસ ધરાવતા સપ્લાયરો પાસેથી સીલબંધ (Sealed) ટેન્ડર માંગવામાં આવે છે.

રસ ધરાવતા પક્ષોએ જાહેરાતની તારીખથી ૮ (આઠ) દિવસની અંદર પોતાના ભાવપત્રક નીચેના સરનામે જમા કરાવવા રહેશે.

**ખરીદીની વસ્તુઓઃ સિંગલ બ્લેન્કેટ, દોહર, કમ્ફર્ટર, બેડશીટ તથા અન્ય હેન્ડલૂમ આઈટમ્સ**

દરેક વસ્તુના ૧ (એક) નંગના ભાવો ફરજિયાત દર્શાવવા રહેશે, જેમાં ડ્યુટી, ટેક્સ તથા ડોર ડિલિવરી સહિતના તમામ ચાર્જિસ સમાવેશિત હોવા જોઈએ. સીલબંધ કવરમાં મોકલેલ ભાવપત્રક નીચેના સરનામે સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ વચ્ચે, નિર્ધારિત ૮ દિવસની અંદર જમા કરાવવા વિનંતી છે.

સરનામુંઃ- વિવેકવિત ભવન, ત્રીજો માળ, શંકરટેકરી, ઉદ્યોગનગર, જામનગર - ૩૬૧૦૦૪. ફોનઃ ૦૨૮૮-૨૫૬૧૭૦૩ મો.: ૯૪૦૯૦ ૩૨૦૧૬

-મેનેજર

શ્રી મા શારદાદેવી મહિલા ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટી લિ., જામનગર

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## રાષ્ટ્રની આત્માનો અવાજ એટલે વંદે માતરમ્

સંસદના શિયાળુ અધિવેશનમાં વંદે માતરમ્ ને કેન્દ્રમાં રાખીને થયેલી ચર્ચા માત્ર એક ઐતિહાસિક યાદગીરી નથી, પરંતુ તે વર્તમાન રાજકારણની જટિલતાઓને પણ પ્રતિબિંબિત કરે છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા ૧૮૭૫માં રચાયેલા આ કાવ્યને ૧૯૫૦માં રાષ્ટ્રીય ગીતનો દરજ્જો મળ્યો હતો, અને આજે તેની ૧૫૦મી વર્ષગાંઠ પર સરકાર દ્વારા આખું વર્ષ દરમિયાન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. લોકસભામાં સોમવારે શરૂ થયેલી આ ચર્ચા માટે ૧૦ કલાકનો સમય ફાળવાયો છે, જ્યારે મંગળવારે રાજ્યસભામાં તેની ચર્ચા થશે. આ ચર્ચા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામની ઉર્જાને પુનર્જીવિત કરવાનો પ્રયાસ છે, પરંતુ તેમાં ભળી આવેલા રાજકીય આક્ષેપો તેને વિવાદાસ્પદ બનાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ચર્ચાની શરૂઆત કરીને વિપક્ષો, ખાસ કરીને કોંગ્રેસ પર તીખા પ્રહારો કર્યા, જે આ ચર્ચાને ઐતિહાસિક વિશ્લેષણથી વધુ રાજકીય યુદ્ધમાં બદલી નાખી. વડાપ્રધાન મોદીએ વંદે માતરમ્ ને માત્ર એક ગીત તરીકે નહીં, પરંતુ સ્વાતંત્ર્ય આંદોલનની આત્મા તરીકે રજૂ કરીને તેના ઇતિહાસને યાદ કરાવ્યો. તેમણે કહ્યું કે જ્યારે આ ગીત ૫૦ વર્ષનું થયું ત્યારે દેશ અંગ્રેજોની ગુલામીમાં જકડાયેલો હતો, અને ૧૦૦ વર્ષની વખતે તો દેશ કટોકટીના કાળમાંથી પસાર થઈ રહ્યો હતો, જ્યાં બંધારણને પણ દબાવી દેવામાં આવ્યું હતું. વંદે માતરમ્ એ તે કાળમાં સાહસ અને સંકલ્પનું પ્રતીક બન્યું હતું, જેણે અંગ્રેજોના દમનનો જોરદાર જોરદાર જવાબ આપ્યો.

૧૮૫૭ની ક્રાંતિ પછી અંગ્રેજો 'ગોડ સેવ ધ ક્વીન' ને ઘરઘરમાં પહોંચાડવા માંગતા હતા, પરંતુ વંદે માતરમ્ એ તેમની આ નીતિને ધૂળ ચટાડી દીધી. મોદીએ આ ગીતને સ્વતંત્રતા સંગ્રામનો સ્વર ગણાવ્યો, જે મહાત્મા ગાંધીને પણ પસંદ હતું અને તેઓ તેને રાષ્ટ્રીય ગીત તરીકે જુએ છે.પરંતુ આ ઐતિહાસિક યાદગીરી વચ્ચે મોદીએ કોંગ્રેસ પરના આક્ષેપોને કેન્દ્રમાં રાખ્યા. તેમણે કહ્યું કે કોંગ્રેસે મુસ્લિમ લીગ સામે ઘૂંટણીયે પડીને દેશને વિભાજિત કરવાનું કારણ બન્યું. જવાહરલાલ નહેરુને આ ગીતના પાછળના નવલકથા 'આનંદમઠ' ની પૃષ્ઠભૂમિ મુસ્લિમોને ભડકાવી શકે તે ડરને કારણે ૨૬ ઓક્ટોબર ૧૯૩૭માં વંદે માતરમ્ ના કેટલાક ટુકડા કાપી દીધા, જે વિભાજનના બીજ વાવવા જેવું હતું. મોદીએ આને કોંગ્રેસની 'મુસ્લિમ તુષ્ટીકરણ' ની નીતિના ઉદાહરણ તરીકે રજૂ કર્યું, અને કહ્યું કે આજે પણ કોંગ્રેસ વંદે માતરમ્ પર વિવાદ સર્જવાના પ્રયાસો કરે છે. તેમના શબ્દોમાં, "કોંગ્રેસે આજકાલ વંદે માતરમ્ ને આઉટસોર્સ કરી દીધો છે," અને "દ્રઝ (ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ) ને સ્દ્રઝ (મલ્ટીનેશનલ કોર્પોરેશન) માં બદલી દીધો છે. આ આક્ષેપો રાજકીય વાતાવરણને તપાસી દે છે, કારણ કે તે ઐતિહાસિક તથ્યોને વર્તમાન ચૂંટણીના સંદર્ભમાં જોડે છે. મોદીનું આ ભાષણ માત્ર ચર્ચાનું ઉદ્ઘાટન નહીં, પરંતુ વિપક્ષો પરનું એક વ્યંગાત્મક પ્રહાર પણ છે, જે દેશની ઐક્યના પ્રતીકને રાજકારણના હથિયાર તરીકે વાપરે છે.વંદે માતરમ્ નો જન્મ ૧૯મી સદીના અંતમાં બંગાળના સામાજિક-રાજકીય વાતાવરણમાં થયો, જ્યારે અંગ્રેજોની વિભાજન નીતિ (ડિવાઇડ એન્ડ રૂલ) દેશને તોડવાનો પ્રયાસ કરી રહી હતી. બંકિમચંદ્રનું આ કાવ્ય માતૃભૂમિની પૂજા અને તેના પ્રત્યેની ભક્તિને વ્યક્ત કરે છે, જે સ્વાતંત્ર્ય સંગ્રામીઓ માટે એક મંત્ર બન્યું. ૧૯૩૦ના દાયકામાં જ્યારે સાંપ્રદાયિકતા ઊભરી, ત્યારે આ ગીત વિવાદિત બન્યું, કારણ કે તેના કેટલાક ટુકડાઓને ધાર્મિક દૃષ્ટિએ અસંવેદનશીલ માનવામાં આવ્યા. તેમ છતાં, મહાત્મા ગાંધીએ તેને રાષ્ટ્રીય એન્થમ તરીકે સ્વીકાર્યું, અને તે આઝાદીના સમયે દેશવ્યાપી નારો બન્યું.

# શિયાળામાં સોનાવરણી સીમનું મહેકતુ માધુર્ય



**ક્લિક કોર્નર** -જયદીપ એન. ઠાકર

શિયાળો એટલે તાજપ અને ઉત્સાહને પ્રેરનારી ઋતુ. એમાંય આસપાસનું પ્રફુલ્લિત વાતાવરણ માણસના તન-મનમાં અનોખી સ્ફૂર્તિ અને ઊર્જાનો સંચાર કરી દે છે. શિયાળામાં સોનાવરણી સીમનું આવું જ ઊર્જાસભર દ્રશ્યસંચય બુધેલ પાસે સંધ્યા સમયે દ્રશ્યમાન થાય છે. નાળિયેરી અને સુંદર વાડીની પૃષ્ઠભૂમિ પર રચાયેલા આ દ્રશ્ય દ્વારા જાણે કે કુદરતે આ પૃથ્વીપટના કર્ણપટે માધુર્યસભર ગીતગુંજન પ્રસ્તુત કર્યું છે.

# શિષ્ય કેવો હોવો જોઈએ? કોણ શિષ્ય બની શકે?

**કરંટ ટોપિક**

ગુરુની પાસે શું લઈને જવું જોઈએ ? ગુરુની પાસે મોટામાં મોટી વસ્તુ- દક્ષિણા લઈને જવાનું હોય, પત્રમ્, પુષ્પમ્, ફલમ્, તોયમ્, અધ્યાત્મ જગતમાં તો ગુરુ પાસે શ્રદ્ધા લઈને જવાનું હોય.અને એટલા માટે જ આપણે શિક્ષકને, અધ્યાપકને, આચાર્યને બધાને ગુરુભાવથી જોઈએ છીએ. ગુરુની પાસે કોઈ ફી નથી હોતી.ગુરુની પાસે કેવલ શ્રદ્ધા લઈને જવાનું હોય.ચૈતન્ય મહાપ્રભુએ તો એમ કહ્યું કે શિષ્ય સદૈવ ભિક્ષુક હોવો જોઈએ. શિષ્ય ભિખારી હોય, એને જ શિષ્ય બનવાનો અધિકાર છે. ચેતન્ય મહાપ્રભુજીને કોઈએ પૂછ્યું કે શિષ્ય ભિખારી છે, તો એની પાસે ભિક્ષાપાત્ર કયુ ? કહે, શ્રદ્ધા. જેની પાસે શ્રદ્ધાનો પાત્ર હશે એને ગુરુ લબાલક ભરી દેશે. જેની પાસે શ્રદ્ધાનું પાત્ર નહીં હોય એ કદી ભરાશે નહીં. ભાગવતજીમાં શ્રદ્ધાથી ભક્તિનો આરંભ છે. શ્રદ્ધાથી જ્ઞાન, શ્રદ્ધાથી ભક્તિ અને શ્રદ્ધા વગર યોગ સાધી શકાય નહીં. શ્રદ્ધાને બહુ જ મહત્ત્વ આપ્યું છે.

શ્રદ્ધાવાન લભતે જ્ઞાનં શ્રદ્ધા વગર જ્ઞાન નહીં, ભક્તિ નહીં, યોગ નહીં, ધર્મ- કર્મ નહીં. શ્રદ્ધા બહુ જ મોટું શક્તિશાળી પાત્ર છે. બૌદ્ધિક જગતે શ્રદ્ધાની બહુ આલોચના કરી છે. સમજ્યા વગર શ્રદ્ધાની કરેલી આલોચના એ બૌદ્ધિક જગતે કરેલું પાપ છે. શ્રદ્ધા બહુ ગજબની છે. આપણને આપણી આંખે અમુક વસ્તુ નથી દેખાતી એનો અર્થ એ નથી કે હું ને તમે આલોચનામાં ઉતરીએ. શ્રદ્ધાની આંખ કંઈક જુદી જ હોય છે. શિવને વરવા માટે પાર્વતી રૂપ શ્રદ્ધા જોઈએ. શ્રદ્ધાથી જ શરૂઆત છે બાપ ! મને બહુ ગમે છે.ચૈતન્યએ કહ્યું, દેશમાં ગુરુનો શિષ્યનો ભિખારી હોય. ભિખારીનો બીજો અર્થ, એને ધક્કો મારો તો જતો રહે, પણ વળી પાછો આવીને ઊભો રહે. તું કારો કરો,. મારો, કપડાં ફાડી નાખો તોય ફરિયાદ ન કરે. વળી પાછો 'અન્નદાતા' કહી ઊભો રહે ! શિષ્ય તો ભિખારી હોય. મને એક મહાત્માએ નાની ડાયરી આપી, જેમાં અનેક પહોંચેલા મહાપુરુષો, સુફી સંતના નાના નાના દ્રષ્ટાંતો હતા..વૃંદાવનની કથામાં હું એક દ્રષ્ટાંત કહેતો હતો. એક સુફી સંત પાસે ચીનનો એક ચિંતક, જેનું નામ હું ભૂલી ગયો છું, તે જાય છે. એણે જઈ અને પેલા મહાપુરુષને કહ્યું કે હું કંઈક પામવા આવ્યો છું. આપની પાસેથી કંઈક પામવું છે. એમ? પહેલા મહારાજે કહ્યું કે સારું, અહીં રહો. પેલો ચીનનો ચિંતક, બુદ્ધિમાન માણસ એક વર્ષ સુધી ત્યાં રહ્યો. પહેલા ગુરુએ એની સાથે કોઈ જ વાત ન કરી. બંને વચ્ચે કોઈ પ્રકારનો વાર્તાલાપ ન થયો. એક વર્ષમાં તો પેલો બુદ્ધિમાન ચિંતક કંટાળી ગયો. તેને થયું કે હું ખોટી જગ્યાએ આવી ગયો લાગુ છું. આમાં કંઈ છે નહીં. નહીં તો કંઈક તો બોલે ને ? અને પછી કહે છે કે તે કોઈ બીજા મહાપુરુષ પાસે ગયો.જઈ અને વંદન કર્યું અને એક વર્ષ જે સુફી સંત પાસે રહ્યો હતો તેની વાત કરવા માંડ્યો કે બાબા, દુનિયા ભલે ગમે તે કહે, ભલે કહે કે તે સંત બહુ મોટું નામ છે, પરંતુ હું તો એક વર્ષ એમની પાસે રહ્યો, એમને કંઈ આવડતું નથી. ખાલી મોટી પ્રસિદ્ધિ છે, પણ કોઈ અનુભૂતિ નથી. બીજા સંત બોલ્યાઃ તમે એમની પાસેથી કંઈ મેળવી ન શક્યા? પેલાએ કહ્યું ના. તો મહાત્મા બોલ્યા કે અહીંથી જતા રહો. કહે કેમ ? બીજા સંતે કહ્યું ભાઈ, એ મહાત્મા તો સમુદ્ર સમાન છે, અમે તો ખાબોચિયાં છીએ. સમુદ્ર પાસેથી તને કઈ ન મળ્યું હોય તો અમારી પાસેથી કંઈ આશા ન રાખીશ. નીકળી જા !

ચીનનો બૌદ્ધિક પછી કોઈ ત્રીજા મહાપુરુષ પાસે જાય છે. તેમની પાસે જઈ ફરી એ જ વાત કરે છે કે જેમની બહુ ખ્યાતિ છે એવા મહાપુરુષ પાસે ગયો પણ મને કોઈ અનુભવ ન થયો. ત્રીજા મહાપુરુષ એ પણ પેલા મહાન સુફીની સહાના કરતા જણાવ્યું કે તેઓ ખૂબ મહાન છે. તું એમનાથી તૃપ્ત ન થયો તો અહીં કોઈ વ્યવસ્થા નથી, તો નીકળી જા. એમ કહે છે કે ત્રણ વર્ષ પછી એ બુદ્ધિમાન ફરતો ફરતો પાછો એ જ મહાપુરુષ પાસે ગયો. પગ પકડી લીધા.મહાપુરુષે પૂછ્યું, ફરી આવ્યો? કહે બાપજી હા, હવે બતાવો.. તમારા માટે લોકો કેટલી બધી વાતો કરે છે ! તમે મારા માટે કંઈક કરી શકો. હું એક વર્ષ તમારી પાસે રહ્યો હતો પણ તમે મારી સાથે વાત પણ ન કરી. ત્યારે એ મહાન સુફીની આંખમાં આંસુ આવી ગયા. એણે કહ્યું કે તું તો એક વર્ષની વાત કરે છે, પણ હું મારા ગુરુ પાસે ત્રણ વર્ષ રહ્યો.. મેં તારી સાથે વાત નહોતી કરી, મારા ગુરુએ તો મારી સામે પણ જોયું નહીં. છતાં હું પડ્યો રહ્યો ભિખારીની જેમ.ત્રણ વર્ષ સુધી મારી સામે જોયું નહોતું, ત્યારે હું થોડોક ભરાયો છું ! તેથી ચૈતન્ય કહે છે શિષ્ય હોય તો શું ? એ ગુરુ પાસે તો ભિખારી જ છે. ગુરુ કુંભાર, શિષ્ય કુંભ હૈ. આવું તો કબીર જ કહી શકે. ગુરુ કુંભાર અને શિષ્યનો ઘડો છે. ઉપરથી ટાપલી મારે પણ અંદર પાછો એનો હાથ પણ હોય ! ક્યાંક ગોબો ન પડે, ત્યાં તૂટી ન જાય ! તમારો ગુરુ તમને ન બોલાવે, તમારી સામે પણ ના જુએ, તો પણ શ્રદ્ધા ન ગુમાવશો.

# "ઓફિસ યોગ" કરી કોર્પોરેટ જગતના સપના સાકાર કરીએ

ભારત આજે જગતમાં પ્રગતિના રાહ પર આગળ વધી રહ્યું છે ત્યારે કોર્પોરેટ સેક્ટર પણ પાછળ નથી.આમ છતાં કોર્પોરેટ કંપનીઓ પણ જો તનાવ મુક્ત રહીને કાર્ય કરે તો એના અદભુત પરિણામો મળે છે.તણાવમુક્ત કોર્પોરેટ જીવન આજે ખાસ જરૂરી છે. મહત્તમ પ્રદર્શન

**વિકાસના સપના સાકાર કરવા માટે કોર્પોરેટ જગતના માલિકો અધિકારીઓ અને કર્મચારીઓ તનાવ મુક્ત હોય તે જરૂરી છે. આ માટે સર્વોત્તમ રસ્તો "ઓફિસ યોગ" છે.**

અને આંતરિક શાંતિનો મંત્ર એટલે યોગમય જીવન.જેને કારણે મન એકાગ્ર થાય છે. એકાગ્ર મન કામમાં કાર્યક્ષમતા લાવે છે.આજની અત્યંત ગતિશીલ અને પડકારજનક કોર્પોરેટ દુનિયામાં, દરેક કર્મચારી અને અધિકારી પાસેથી શ્રેષ્ઠ પ્રદર્શનની અપેક્ષા રાખવામાં આવે છે. સતત બદલાતા લક્ષ્યો, સમય મર્યાદાનું દબાણ અને ઉચ્ચ સ્પર્ધાને કારણે તણાવ એક અનિવાર્ય ભાગ બની ગયો છે. જોકે, આ તણાવનો સીધો સંબંધ આપણી કાર્યક્ષમતા અને વ્યક્તિગત સુખ-શાંતિ સાથે જોડાયેલો છે. આ સંજોગોમાં, સફળતા અને આંતરિક શાંતિ એકબીજાના વિરોધી નથી, પરંતુ એકબીજાના પૂરક છે. આ અદભૂત સંતુલન હાંસલ કરવા માટે, આપણે બહારની દુનિયામાં ફેરફારો શોધવાને બદલે, આપણી અંદરની શક્તિઓને ઓળખીને, એક વિશિષ્ટ મંત્ર અપનાવવો પડશે, જે આપણને કોર્પોરેટ જગતમાં આપણું સર્વોત્તમ પ્રદાન કરવામાં મદદરૂપ થશે અને જીવનને વધુ ઉર્જાસભર બનાવશે.

જીવનના સૌથી કઠોર સત્યોમાંનું એક એ છે કે અન્ય લોકોને બદલવું અત્યંત મુશ્કેલ છે. સહકાર્યકરો, ઉપરી અધિકારીઓ, કે ગ્રાહકોની વિચારસરણી, મનોદશા કે વર્તનમાં ફેરફાર લાવવાની આશા રાખવી એ માત્ર નિરર્થક પ્રયાસ છે. વાસ્તવમાં, કોર્પોરેટ જગતમાં મોટા ભાગનો તણાવ અહીંથી જ શરૂ થાય છે - જ્યારે આપણે ઈચ્છીએ છીએ કે બીજા લોકો આપણી અપેક્ષાઓ પ્રમાણે વર્તે. આથી, કોઈ બીજાના બદલાવની રાહ જોવાને બદલે, સૌથી વધુ પ્રભાવશાળી અને સરળ માર્ગ એ છે કે આપણે પોતે બદલાવ લાવીએ. જ્યારે કોઈ વ્યક્તિ પોતાની દ્રષ્ટિ અને કાર્યશૈલી બદલે છે, ત્યારે તે પોતાની આસપાસની પરિસ્થિતિને તદ્દન નવા અને શાંત દૃષ્ટિકોણથી જોઈ શકે છે. આ આંતરિક પરિવર્તન તરત જ તણાવ ઘટાડે છે અને વ્યક્તિની નેતૃત્વ ક્ષમતાઓને મજબૂત બનાવે છે. તમે પરિસ્થિતિઓનો સામનો કેવી રીતે કરો છો, તે તમારી સફળતાની ચાવી છે, નહી કે પરિસ્થિતિઓ પોતે કેવી છે.

આ પ્રક્રિયામાં એક બીજો મહત્વનો મુદ્દો છે બિનજરૂરી ચિંતાઓ અને અફવાઓમાંથી બહાર નીકળવું. કોર્પોરેટ જીવનમાં એવી અનેક બાબતો હોય છે જે આપણા નિયંત્રણ બહાર હોય છે - જેમ કે કંપનીની નીતિઓમાં મોટો ફેરફાર, આર્થિક મંદી, કે ઉદ્યોગના વલણો. આ બાબતો પર વધુ પડતો વિચાર કરવો, ગપસપ કરવી કે ચિંતા કરવી એ માત્ર આપણી કિંમતી ઊર્જા અને સમયનો વ્યય છે. એક અસરકારક કર્મચારી કે અધિકારી એ જ છે જે પોતાનો સમય અને ધ્યાન ફક્ત તે બાબતો પર કેન્દ્રિત કરે છે, જેના પર તેની સીધી અસર થઈ શકે અથવા જેમાં તે રચનાત્મક યોગદાન આપી શકે. તમારી શક્તિનો ઉપયોગ માત્ર રચનાત્મક કાર્યમાં જ કરવો જોઈએ, બિનજરૂરી બાબતોમાં માથું મારવાથી માત્ર નકારાત્મકતા વધે છે. જ્યારે કર્મચારીઓ અને અધિકારીઓની વાત આવે છે, ત્યારે એ સ્વીકારવું જરૂરી છે કે કોઈપણ સંસ્થા સંપૂર્ણ હોતી નથી. દરેક ઑર્ગેનાઇઝેશનમાં તેના પડકારો અને ખામીઓ હોય છે. આ ખામીઓ અંગે સતત ફરિયાદ કરતા રહેવું એ ઊર્જાનો બગાડ છે. તેના બદલે, સંસ્થાના લાભ માટે રચનાત્મક પ્રયત્નો કરવા એ એક પરિપક્વ અને જવાબદાર અભિગમ છે. આપણી નકારાત્મક ટીકાને

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

રચનાત્મક સૂચનોમાં બદલાવવાથી જ કાર્યસ્થળનું વાતાવરણ સુધરે છે. આ સંદર્ભમાં, એક જાણીતી ચાઈનીઝ નવયુવાનની સ્ટોરી ખૂબ પ્રેરણાદાયક છે, જેમાં તેણે વિશ્વને બદલવા માટેની કોશિશ કરી, પરંતુ અસફળ રહ્યો, કારણ કે તેણે હંમેશા બીજાઓને બદલવાનો પ્રયત્ન કર્યો. અંતે તેને સમજાયું કે જો તેણે પોતાની અંદર પરિવર્તન લાવ્યું હોત, તો તે વિશ્વમાં સકારાત્મક અસર લાવી શક્યો હોત. આ સંદેશો સ્પષ્ટ છે કે મહત્તમ પ્રદાન આપવા માટે, બીજાઓ પર ધ્યાન આપવાને બદલે, પોતાની જાતમાં પરિવર્તન લાવવું અનિવાર્ય છે.

કાર્યક્ષમતા વધારવા માટે આ માનસિક પરિવર્તન ઉપરાંત, શારીરિક અને માનસિક સ્વસ્થતાની પદ્ધતિઓ અપનાવવી જરૂરી છે. કોર્પોરેટ અધિકારીઓની કાર્યક્ષમતા અને નિર્ણાયક શક્તિ વધારવામાં ધ્યાન (મેડિટેશન) અને સૂર્ય નમસ્કાર જેવી પ્રાચીન ભારતીય પદ્ધતિઓનું યોગદાન અમૂલ્ય છે. ધ્યાન એ મનને શાંત કરવાની, વિચારોના ઘોંઘાટને નિયંત્રિત કરવાની અને આંતરિક શાંતિ પ્રાપ્ત કરવાની ચાવી છે. નિયમિત ધ્યાન કરવાથી અધિકારીઓની એકાગ્રતાની શક્તિમાં નોંધપાત્ર વધારો થાય છે, જેનાથી તેઓ જટિલ સમસ્યાઓનું વિશ્લેષણ વધુ સ્પષ્ટતાથી કરી શકે છે અને વધુ સારા નિર્ણયો લઈ શકે છે. ધ્યાન કરવાથી તણાવ પેદા કરતા હોર્મોન્સનું પ્રમાણ ઘટે છે, અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં ઉતાવળને બદલે ધીરજ અને સ્પષ્ટતા આવે છે. આના પરિણામે, તેમની લીડરશીપ શૈલી વધુ સંતુલિત અને અસરકારક બને છે. બીજી તરફ, સૂર્ય નમસ્કાર એ એક સંપૂર્ણ શારીરિક વ્યાયામ છે, જે શરીરને ઉર્જા પ્રદાન કરે છે અને માનસિક સ્પષ્ટતા વધારે છે. સૂર્ય નમસ્કાર કરવાથી શરીરની જડતા દૂર થાય છે, રક્ત પરિભ્રમણ સુધરે છે, અને આખો દિવસ ઉર્જાનો સ્રોત જળવાઈ રહે છે. ખાસ કરીને જે અધિકારીઓ લાંબા સમય સુધી બેસીને કામ કરે છે, તેમના માટે આ શરીર અને મન વચ્ચેનું સંતુલન જાળવવામાં મદદરૂપ થાય છે. જ્યારે મન શાંત અને શરીર ઉર્જાસભર હોય છે, ત્યારે તેમની કાર્યક્ષમતામાં ઓછામાં ઓછા પંદરથી વીસ ટકાનો વધારો થઈ શકે છે, કારણ કે તેઓ ઓછા સમયમાં વધુ ગુણવત્તાયુક્ત કામ કરી શકે છે.આ ઉપરાંત, આધુનિક કોર્પોરેટ વાતાવરણમાં ઑફિસ યોગનો ખ્યાલ પણ ખૂબ પ્રચલિત થઈ રહ્યો છે. ઑફિસ યોગ એટલે એવા સરળ યોગાસનો અને ખેંચાણ (સ્ટ્રેચિંગ) કસરતો, જે કર્મચારીઓ તેમની ડેસ્ક પર અથવા ઑફિસના પરિસરમાં સરળતાથી કરી શકે છે. આમાં ગરદન, ખભા, અને પીઠ માટેના હળવા આસનોનો સમાવેશ થાય છે, જે લાંબા સમય સુધી બેસી રહેવાથી થતા શારીરિક તણાવને દૂર કરે છે. ઑફિસ યોગનો હેતુ કામના સમય દરમિયાન થાક અને આંખોના તાણને ઘટાડવાનો છે, જે કમ્પ્યુટર પર સતત કામ કરવાથી થાય છે. આ યોગાસનો કરવાથી કર્મચારીઓ માત્ર થોડી જ મિનિટોના વિરામમાં તાજગી અનુભવી શકે છે અને તેમનું ધ્યાન ફરીથી કામ પર કેન્દ્રિત કરી શકે છે. ઑફિસ યોગ એ સાબિત કરે છે કે સ્વસ્થ રહેવા માટે કલાકોની જરૂર નથી, પરંતુ નિયમિત ટૂંકા વિરામ અને હળવી કસરતો પૂરતી છે. આ અભિગમ અપનાવવાથી કોર્પોરેટ સંસ્થાઓમાં કર્મચારીઓની સક્રિયતા અને સકારાત્મકતા વધે છે, જે આખરે સંસ્થાના એકંદર પ્રદર્શનમાં સુધારો લાવે છે.કોર્પોરેટ જીવનમાં શાંતિ, તણાવમુક્તિ અને સર્વોત્તમ પ્રદર્શન હાંસલ કરવા માટેનો મુખ્ય મંત્ર એ છે કે આપણે બહારની પરિસ્થિતિઓ કે અન્ય લોકોને બદલવાના નિરર્થક પ્રયત્નો છોડીને, પોતાના આંતરિક પરિવર્તન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આપણી વિચારસરણી, અભિગમ અને ઊર્જાને નિયંત્રણમાં રહેલી બાબતો પર કેન્દ્રિત કરવાથી વ્યક્તિની અસરકારકતા



વધે છે. આંતરિક શાંતિ અને કાર્યક્ષમતાને વધુ મજબૂત કરવા માટે, કોર્પોરેટ અધિકારીઓ અને કર્મચારીઓએ ધ્યાન, સૂર્ય નમસ્કાર અને ઑફિસ યોગ જેવી શારીરિક અને માનસિક સ્વસ્થતાની પદ્ધતિઓને પોતાના દૈનિક જીવનનો ભાગ બનાવવી જોઈએ. આ મંત્રને અપનાવવાથી, કોઈપણ વ્યક્તિ પોતાને વધુ શાંતિભર્યું, તણાવમુક્ત અને સંસ્થા માટે સૌથી વધુ અસરકારક બની શકે છે. આજે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી યોગમય રાષ્ટ્ર બનાવવા કટીબધ્ધ છે. અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને તેના અધ્યક્ષ શિશપાલજી પણ ખૂબ જ કાર્યક્ષમ રીતે આ કાર્ય નિભાવી રહ્યા છે ત્યારે દરેક કોર્પોરેટ કંપનીઓ પણ યોગમય જીવન અપનાવે તો તેના સકારાત્મક પરિણામો અદભુત હશે.ચાલો આપણે યોગને અપનાવી ઊગતા સુરજ સમીપે યોગ કરીએ.

# આઈપીએલ ૨૦૨૬ ની હરાજી માટે તૈયાર ૩૫૦ ખેલાડીઓની અંતિમ યાદી તૈયાર : ક્વિન્ટન ડી કોકે આશ્ચર્યજનક એન્ટ્રી કરી!




મુંબઈ,

૨૦૨૬ ની હરાજી અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. આ વખતે હરાજીમાં કુલ ૩૫૦ ખેલાડીઓ ભાગ લેશે. બીસીસીઆઈએ તમામ ફ્રેન્ચાઈઝીઓ સાથે ચર્ચા કર્યા પછી ૩૫૦ ખેલાડીઓની આ યાદીને અંતિમ સ્વરૂપ આપ્યું છે. હરાજી ૧૬ ડિસેમ્બરે બપોરે ૨:૩૦ વાગ્યે અબુ ધાબીના એતિહાદ એરેના ખાતે શરૂ થશે. હરાજી માટે શોર્ટલિસ્ટ કરાયેલા ૩૫૦ ખેલાડીઓમાં ૨૪૦ ભારતીય અને ૧૧૦ વિદેશી ખેલાડીઓનો સમાવેશ થાય છે. ફ્રેન્ચાઈઝીઓ કુલ ૭૭ ઉપલબ્ધ સ્લોટ માટે સ્પર્ધા કરશે, જેમાં ૩૧ સ્થાનો વિદેશી ખેલાડીઓ માટે અનામત રહેશે.બીસીસીઆઈએ શરૂઆતમાં ૧,૩૫૫ ખેલાડીઓની મોટી યાદી તૈયાર કરી હતી અને ફ્રેન્ચાઈઝીઓને હરાજી પૂલમાં જોવા માંગતા ખેલાડીઓના નામ સબમિટ કરવા કહ્યું હતું. ત્યારબાદ આ યાદીને ઓછી કરવામાં આવી હતી, જેના પરિણામે ૩૫૦ ખેલાડીઓની અંતિમ યાદી બહાર પાડવામાં આવી હતી. અંતિમ યાદીમાં ૩૫ નવા નામોનો સમાવેશ થાય છે જે અગાઉ સૂચિબદ્ધ નહોતા. આમાં સૌથી મોટું નામ દક્ષિણ આફ્રિકાના વિકેટકીપર-બેટ્સમેન ક્વિન્ટન ડી કોકનું છે.

ડી કોકનું નામ શરૂઆતમાં હરાજીની યાદીમાં નહોતું, પરંતુ ફ્રેન્ચાઈઝની ભલામણ પછી તેને હરાજીમાં ઉમેરવામાં આવ્યું હતું. વિકેટકીપર-બેટ્સમેનોના ત્રીજા સેટમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૩૩ વર્ષીય ડી કોકે તાજેતરમાં વિશાખાપટ્ટનમમાં ભારત સામેની ત્રીજી વનડેમાં ધમાકેદાર સદી ફટકારીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરી હતી. આ કારણે તેણે આઈપીએલમાં વાપસી કરવાનો નિર્ણય લીધો. આ વખતે તેની બેઝ પ્રાઈસ ૧ કરોડ રાખવામાં આવી છે, જે અગાઉના મેગા ઓક્શનમાં નક્કી કરાયેલા ૨ કરોડ કરતા અડધી છે. તેને છેલ્લે કેકેઆર દ્વારા ખરીદવામાં આવ્યો હતો, પરંતુ ફ્રેન્ચાઈઝીએ નિરાશાજનક સિઝન બાદ તેને રિલીઝ કર્યો હતો. ૨ કરોડના બેઝ પ્રાઈસ સાથે ૪૦ ખેલાડીઓ છે, અને તેમાં ફક્ત બે ભારતીય છે. રવિ બિશ્નોઈ અને વેંકટેશ ઐયરે તેમની બેઝ પ્રાઈસ ૨ કરોડ રાખી છે.અંતિમ યાદીમાં શ્રીલંકાના ઘણા ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે, જેમાં ટ્રેવિન મેથ્યુ, બિનુરા ફર્નાન્ડો, કુસલ પરેરા અને દુનિથ વેલ્લાલાગેનો સમાવેશ થાય છે. બીસીસીઆઈએ જણાવ્યું હતું કે હરાજી કેપ્ડ ખેલાડીઓથી શરૂ થશે.

# અભિનેતા રાહુલ બોસ મુશ્કેલીમાં મૂકાયો : છેતરપિંડીનો આરોપ



મુંબઈ,

રાહુલ બોસ, અભિનયની સાથે, એક જાણીતા રગ્બી ખેલાડી પણ રહ્યા છે. અભિનેતા પર રગ્બી ફેડરેશનના રાષ્ટ્રીય પ્રમુખ બનવા માટે હિમાચલમાં રાજ્યના ડોમિસાઈલ પ્રમાણપત્રને બનાવટી બનાવવાનો આરોપ છે. આ વિવાદ તાજેતરનો નથી. આ કેસ ૨૦૨૩ માં શરૂ થયો હતો, જ્યારે રાહુલ બોસે શિમલાના રાજવી પરિવારને વચન આપ્યું હતું કે તે રાજ્ય-સ્તરીય રગ્બી એસોસિએશન સ્થાપિત કરવામાં અને માન્યતા આપવામાં મદદ કરશે. બે વર્ષ પછી પણ વચન અધૂરું રહ્યું.

અહેવાલ મુજબ, રાજવી પરિવાર સાથે સંબંધ ધરાવતી દિવ્યા કુમારીએ રાહુલ બોઝ સામે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે. તેમણે અભિનેતા સામે ફરિયાદ દાખલ કરી છે અને તપાસની માંગણી કરી છે. શિમલા જિલ્લાના જુબ્બલ રાજ્યના રાજવી પરિવારની સભ્ય દિવ્યા કુમારીએ રાહુલ બોઝ પર બે વર્ષની મહેનત પછી અનેક જિલ્લાઓના સેંકડો સભ્યો ધરાવતા એસોસિએશનને બાજુ પર રાખવાનો આરોપ લગાવ્યો છે. શરૂઆતથી એક નવું રગ્બી એસોસિએશન બનાવવામાં આવી રહ્યું છે.

# ઓસ્ટ્રેલિયાને મોટો ઝટકો, સ્ટાર બોલર એશિઝમાંથી બહાર, કેપ્ટન ૫ મહિના પછી વાપસી કરશે



સિડની,

ઓસ્ટ્રેલિયાને એશિઝ શ્રેણી દરમિયાન મોટો ઝટકો લાગ્યો છે. ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ આખી શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે, જ્યારે કેપ્ટન પેટ કમિન્સ લગભગ પાંચ મહિના પછી ટેસ્ટ ક્રિકેટમાં પાછા ફરવાના છે. ગયા મહિને શેફિલ્ડ શીલ્ડ દરમિયાન હેઝલવુડને હેમસ્ટ્રિંગમાં ખેંચાણનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ ગયા અઠવાડિયે તેને એડીમાં ઈજા થઈ હતી, જેના કારણે તેની ફિટનેસ વધુ ખરાબ થઈ હતી. કોચ એન્ડ્રૂ મેકડોનાલ્ડે પુષ્ટિ આપી છે કે હેઝલવુડ આ ઉનાળામાં ઈંગ્લેન્ડ સામે બાકીની મેચ ગુમાવશે. તે હવે ફેબ્રુઆરીમાં યોજાનાર ટી ૨૦ વર્લ્ડ કપ માટે ફિટ થવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. મેકડોનાલ્ડે કહ્યું કે "તેના માટે ખૂબ જ નિરાશાજનક હતું. અમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો જેની અમને અપેક્ષા નહોતી. અમને લાગતું હતું કે તે શ્રેણીમાં મોટી ભૂમિકા ભજવશે, પરંતુ મને ખરેખર તેના માટે ખરાબ લાગે છે કે તેને તે તક નહીં મળે."

બીજી બાજુ, ઓસ્ટ્રેલિયા માટે થોડી રાહત છેઃ કેપ્ટન પેટ કમિન્સ એડિલેડમાં ત્રીજી ટેસ્ટમાં ટીમનું નેતૃત્વ કરશે. ઓફ-સ્પિનર નાથન લિયોન પણ અંતિમ ત્રણ ટેસ્ટ માટે વાપસી કરે તેવી અપેક્ષા છે. કમિન્સની વાપસીની વાર્તા પણ રસપ્રદ છે. પીઠની ઈજામાંથી સ્વસ્થ થયા પછી, તે બ્રિસ્બેન ટેસ્ટ માટે વાપસીની નજીક હતો, પરંતુ મેડિકલ ટીમે તેને બીજા અઠવાડિયાનો આરામ આપવાનો નિર્ણય લીધો.

ગયા અઠવાડિયે, કમિન્સે એલન બોર્ડર ફિલ્ડ પર ઘણા મોટા સ્પેલ ફેંકીને મેચ માટે પોતાને તૈયાર કર્યા. કમિન્સે છેલ્લે જુલાઈમાં વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ દરમિયાન ટેસ્ટ ક્રિકેટ રમી હતી. લગભગ પાંચ મહિનાથી મેચોથી દૂર રહેવા છતાં, ટીમ મેનેજમેન્ટને વિશ્વાસ છે કે તે એશિઝ ટેસ્ટમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

મેકડોનાલ્ડે એ પણ ખુલાસો કર્યો કે શ્રેણીના સૌથી સફળ બોલર મિશેલ સ્ટાર્કને ગાબ્બા ટેસ્ટ દરમિયાન ડાબા બાજુમાં થોડી ઈજા થઈ હતી, પરંતુ એડિલેડ ટેસ્ટમાં રમવામાં તેમને કોઈ મુશ્કેલી નહીં પડે. છેલ્લી ત્રણ ટેસ્ટ વચ્ચેના ટૂંકા અંતરને કારણે, ઓસ્ટ્રેલિયન ટીમ મેનેજમેન્ટ ફાસ્ટ બોલરો પર નજર રાખી રહ્યું છે. સ્ટાર્ક અને સ્કોટ બોલેન્ડ પહેલાથી જ ભારે વર્કલોડ સહન કરી ચૂક્યા છે. પરિણામે, બે બોલેન્ડ, માઈકલ નેસર અને બ્રેન્ડન ડોગેટને એડિલેડમાં બહાર બેસવું પડી શકે છે.

# સીએસકે માંથી બહાર કરાયેલ બેટ્સમેન રાહુલ ત્રિપાઠીની વિસ્ફોટક ઈનિંગ્સ, ૪૪ બોલમાં ૮૩ રન



મુંબઈ,

સોમવારે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મહારાષ્ટ્ર અને ગોવા આમને-સામને હતા. પ્રથમ બેટિંગ કરતા મહારાષ્ટ્રે ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૬૧ રન બનાવ્યા. આમાંથી ૮૩ રન એકલા રાહુલ ત્રિપાઠીએ બનાવ્યા. રાહુલે માત્ર ૪૪ બોલમાં ૮૩ રન બનાવ્યા, જેમાં પાંચ ચોગ્ગા અને પાંચ છગ્ગા ફટકાર્યા. તેનો સ્ટ્રાઈક રેટ ૧૮૮.૬૪ હતો. તે અંત સુધી અણનમ રહ્યો. જોકે, રાહુલ સિવાય અન્ય કોઈ બેટ્સમેન ખાસ કંઈ કરી શક્યો નહીં, તેથી ટીમે સામાન્ય સ્કોર કર્યો. જોકે, લક્ષ્યનો પીછો કરતી ગોવાની ટીમ ૧૯.૩ ઓવરમાં માત્ર ૧૪૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ અને મહારાષ્ટ્ર સરળતાથી મેચ જીતી ગયું.

રાહુલ ત્રિપાઠીનું નામ મોટાભાગે તેના આઈપીએલ દેખાવ માટે જાણીતું છે. જોકે, તેણે ભારત માટે પાંચ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ પણ રમી છે, જેમાં તેણે આ સમયગાળા દરમિયાન ૯૭ રન બનાવ્યા છે. તેથી, તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી લાંબો સમય ટકી ન હતી. ટી૨૦ મેચોની વાત કરીએ તો, રાહુલે અત્યાર સુધી ૧૭૨ મેચોમાં ૩,૮૦૭ રન બનાવ્યા છે. આ વર્ષની આઈપીએલમાં, રાહુલ ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમ્યો હતો, પરંતુ તે પૂરતું સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયો હતો, જેના કારણે ટીમે તેને રિલીઝ કર્યો હતો.

ચેન્નાઈ સુપર કિંગ્સ ઉપરાંત, રાહુલ ત્રિપાઠી કોલકાતા નાઈટ રાઈડર્સ, રાજસ્થાન રોયલ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાઈઝિંગ પુણે સુપરજાયન્ટ્સ માટે પણ રમી ચૂક્યો છે. રાહુલે ૨૦૧૭ માં આઈપીએલમાં ડેબ્યૂ કર્યું હતું, પરંતુ તેની ટીમ સતત બદલાતી રહી. ૨૦૨૫ ની આઈપીએલમાં, તે પાંચ મેચ રમ્યો, જેમાં તેણે ફક્ત ૫૫ રન બનાવ્યા. તેની સરેરાશ ફક્ત ૧૧ ની આસપાસ હતી. હવે જોવાનું એ છે કે આ વખતે આઈપીએલ હરાજી દરમિયાન કઈ ટીમ તેના માટે બોલી લગાવશે. જો રાહુલ આગામી દિવસોમાં થોડી વધુ સારી ઈનિંગ્સ રમશે, તો તેની બોલી ઘણી ઊંચી જઈ શકે છે.



# કિઆરા અડવાણીએ નવા કામનો આપ્યો સંકેત

## ‘નેક્સ્ટ ચેપ્ટર, મોર ફાયર લેટ્સ ડુ ધીસ’ તેની આ પોસ્ટને કિઆરાની આવનારી ફિલ્મનો સંકેત આપતી ફિલ્મ ગણવામાં આવી રહી છે

મુંબઈ,

તાજેતરમાં જ માતા બન્યા પછી કિઆરા અડવાણી પહેલી વખત જાહેરમાં દેખાઈ હતી, હવે તેણે એક પોસ્ટ લખી છે, જે તેની આગામી ફિલ્મ અંગે હોવાની ચર્ચા છે. તેણે એક અલગ પ્રકારની શૂઝની ઈમેજ પોસ્ટ કરી હતી. જેમાં તેણે પોઈન્ટેડ સ્નીકર્સ પહેરેલાં છે. આ ફોટોની કેપ્શનમાં તેણે લખ્યું છે, ‘નેક્સ્ટ ચેપ્ટર, મોર ફાયર લેટ્સ ડુ ધીસ’. આ પોસ્ટને કિઆરાની આવનારી ફિલ્મનો સંકેત આપતી ફિલ્મ ગણવમાં આવી રહી છે. કિઆરા માતા બન્યાં પછી હવે નવી ફિલ્મનું કામ શરૂ કરી રહી છે. થોડાં વખત પહેલાં જ કિઆરા અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ તેમની દિકરીના નામની જાહેરાત કરી હતી. તે પહેલાં તે પ્રેગનન્સી દરમિયાન મેટ ગાલામાં પહોંચી હતી ત્યારે ચર્ચામાં રહી હતી. જ્યાં તેણે ગૌરવ ગુપ્તાએ ડિઝાઈન કરેલું બ્રેવહાર્ટ નામનું કસ્ટમ ગાઉન પહેર્યું હતું. જો તેની ફિલ્મોની વાત કરવામાં આવે તો, છેલ્લે કિઆરા વૉર ૨માં રિતિક રોશન અને જુનિયર એનટીઆર સાથે જોવા મળી હતી. હવે તે યશની ટોક્સિકઃ એ ફેઅરી ટેલ ફોર ગ્રોન અપ્સમાં જોવા મળશે. આ એક કન્નડા-ઈંગ્લિશ ફિલ્મ છે, જે ૨૦૨૬માં રિલીઝ થવાની છે. કિઆરા આ સિવાય પણ કેટલીક સ્ક્રિપ્ટ જોઈ રહી હોવાની અને કેટલાક નવા ડિરેક્ટર્સ સાથે નવી ફિલ્મ અંગે વાટાઘાટો અને ચર્ચાના તબક્કામાં હોવાના પણ અહેવાલો છે. ત્યારે હવે તેની આ પોસ્ટથી તેના ફેન્સમાં તેની આગામી ફિલ્મ વિશે ઘણી ઉત્સુકતા વધી રહી છે.

## રણવીર સિંહ-અક્ષય ખન્નાએ બોક્સ ઓફિસ ગજવ્યું

# માત્ર ૭૨ કલાકમાં રૂ.૧૦૦ કરોડના ક્લબમાં સામેલ થઈ ધુરંધર ફિલ્મ!

**૧૦૦ કરોડ ક્લબમાં એન્ટ્રી કર્યા બાદ એવી અપેક્ષા છે કે ક્રિસમસ ૨૦૨૫ સુધી આ ફિલ્મ થિયેટરોમાં મજબૂત પકડ જાળવી રાખશે**




મુંબઈ,

રણવીર સિંહ અને ડાયરેક્ટર આદિત્ય ધરની ધમાકેદાર ફિલ્મે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી છે! વીકએન્ડમાં ‘ધુરંધર’એ માત્ર જોરદાર શરૂઆત જ નથી કરી, પરંતુ આ વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બનવાની રેસમાં પણ પોતાની જગ્યા પાક્કી કરી લીધી છે.શરૂઆતી આંકડાઓ પ્રમાણે, ફિલ્મે રવિવારના દિવસે ૪૦ થી ૪૨ કરોડની વચ્ચે કમાણી કરીને હતી. સૌથી મહત્ત્વની વાત એ છે કે, ‘ધુરંધર’એ માત્ર ૩ દિવસમાં જ ૧૦૦ કરોડનો આંકડો પાર કરી દીધો છે. રણવીર સિંહની જબરદસ્ત ફેન ફોલોઈંગ અને આદિત્ય ધરની કમાલની સ્ટોરીટેલિંગનો પ્રભાવ બોક્સ ઓફિસ પર સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત, ફિલ્મમાં રણવીર સિંહ સાથે સંજય દત્ત, અર્જુન રામપાલ, આર. માધવન અને અક્ષય ખન્ના જેવા દિગ્ગજ કલાકારોની હાજરી પણ ફિલ્મને વિશેષ બનાવે છે. ‘ધુરંધર’ના વીકએન્ડનો ટ્રેન્ડ પણ અદ્ભુત રહ્યો છે. ફિલ્મે પહેલા દિવસે લગભગ ૨૮ કરોડની કમાણી કરી હતી, પરંતુ રવિવાર સુધીમાં આ આંકડો વધીને ૪૦ કરોડ સુધી પહોંચી ગયો, જે એક મોટી છલાંગ દર્શાવે છે.

# સારા અલી ખાને ‘કેદારનાથ’ની ૭મી વર્ષગાંઠ પર સુશાંતને મિસ કર્યો





મુંબઈ,

અભિનેતા સૈફ અલી ખાન અને અમૃતા સિંહની પુત્રી સારા અલી ખાને ૨૦૧૮ માં ફિલ્મ ‘કેદારનાથ’ થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. તેણીએ ફિલ્મમાં અભિનેતા સુશાંત સિંહ રાજપૂત સાથે અભિનય કર્યો હતો અને તેના અભિનયની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. રવિવાર, ૭ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ફિલ્મ રિલીઝ થયાને સાત વર્ષ પૂર્ણ થયા. અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર તે ક્ષણને યાદ કરતી એક પોસ્ટ શેર કરી, જેમાં તેના સ્વર્ગસ્થ સહ-અભિનેતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો.સારા અલી ખાને એક લાંબી પોસ્ટ પોસ્ટ કરી, જેમાં ઘણા ફોટા સાથે કેપ્શન આપ્યું: ‘‘ફિલ્મ ‘કેદારનાથ’ના ૭ વર્ષ. હું ઈચ્છું છું કે હું ૨૦૧૮ માં પાછી જઈ શકું, કંઈપણ બદલવા માટે નહીં, પરંતુ તે સુંદર ક્ષણોને ફરીથી જીવવા અને અનુભવવા માટે.’’ અભિનેત્રીએ શેર કર્યું કે આજે પણ, જ્યારે પણ તે કેદારનાથની મુલાકાત લે છે, ત્યારે આ સ્થળ હંમેશા તેનો પ્રેમ લાવે છે, તેને નવી વસ્તુઓ શીખવે છે, અને તેને યાદ અપાવે છે કે તેણે જીવનમાં કેટલું બધું પ્રાપ્ત કર્યું છે.સુશાંત સિંહ રાજપૂતને યાદ કરતા સારાએ લખ્યું, ‘‘બ્લેક કોફી માટે મારો પહેલો પ્રેમ, ટ્રેકિંગનો મારો જુસ્સો, ચંદ્ર જોવાનો મારો જુસ્સો, કેમેરામાં મારી ખરી રુચિ, ચાહકો પ્રત્યેની મારી કૃતજ્ઞતા અને પર્વતીય ખોરાકનો સ્વાદ - આ બધું મને સુશાંત દ્વારા શીખવવામાં આવ્યું હતું. હું આ બાબતો માટે સુશાંતનો આભાર માનવા માંગુ છું, જેમણે મને હંમેશા જિજ્ઞાસા રાખવાનું અને સતત શીખવાનું શીખવ્યું.અભિનેત્રીએ ફિલ્મ નિર્દેશક અભિષેક કપૂર અને લેખિકા કનિકા ઢિલ્લોનનો પણ હૃદયપૂર્વક આભાર માન્યો.

# હેમા માલિની દિલ્હીમાં ધર્મેન્દ્ર માટે પ્રાર્થના સભા યોજશે, પુત્રીઓ એશા અને આહના પણ હાજર રહેશે



નવીદિલ્હી,

૨૪ નવેમ્બરના રોજ, પીઢ બોલીવુડ અભિનેતા ધર્મેન્દ્રએ દુનિયાને અલવિદા કહ્યું. બોલીવુડના "હી-મેન" ધર્મેન્દ્રના નિધનથી માત્ર તેમના પરિવાર જ નહીં પરંતુ લાખો ચાહકોના હૃદયમાં ઊંડી શૂન્યતા પડી ગઈ છે. ૮૯ વર્ષની ઉંમરે તેમના અવસાન પછી, મુંબઈમાં શોક સભાઓનો દોર ચાલુ રહ્યો. હવે, તેમના પત્ની, હેમા માલિની, દિલ્હીમાં બીજી એક મોટા પાયે પ્રાર્થના સભાનું આયોજન કરી રહ્યા છે, જેમાં તેમના પરિવાર અને અનેક રાજકીય હસ્તીઓ હાજર રહે તેવી અપેક્ષા છે.હેમા માલિની ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ દિલ્હીના ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે ધર્મેન્દ્રના આત્મા માટે એક ખાસ પ્રાર્થના સભાનું આયોજન કરશે. તેમની પુત્રીઓ, એશા દેઓલ અને આહના દેઓલ, અને ભૂતપૂર્વ જમાઈ ભરત તખ્તાની અને વૈભવ વોહરા પણ આ કાર્યક્રમમાં હાજર રહેશે, જે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી ચાલશે. એવું જાણવા મળ્યું છે કે દિલ્હીમાં રહેતા ઘણા વરિષ્ઠ રાજકારણીઓ પણ અભિનેતાને શ્રદ્ધાંજલિ આપવા માટે આ સભામાં હાજરી આપશે. અગાઉ, હેમા માલિનીએ તેમના મુંબઈ નિવાસસ્થાને ગીતા પાઠનું આયોજન કર્યું હતું, જેમાં પરિવારના સભ્યો અને ધર્મેન્દ્રના નજીકના મિત્રો હાજર રહ્યા હતા.

ધર્મેન્દ્ર ૮ ડિસેમ્બરે તેમનો ૯૦મો જન્મદિવસ ઉજવવાના હતા. તેમના પુત્રો, સની દેઓલ અને બોબી દેઓલે, તેમના ઘરે ચાહકો સાથે દિવંગત અભિનેતાની જન્મજયંતિ ઉજવી અને યાદો શેર કરી.

# મોડપર ગામે રિલાયન્સ દ્વારા નવનિર્મિત મંગળેશ્વર મહાદેવ મંદિરનું લોકાર્પણ






જામનગર : લાલપુર તાલુકાના મોડપર ગામના સમસ્ત ગ્રામજનો અને ગ્રામ પંચાયતની વિનંતિ સ્વીકારીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શન હેઠળ મંગળેશ્વર મહાદેવના ભવ્ય નવનિર્મિત મંદિરનું બાંધકામ પૂર્ણ કરી તેનું લોકાર્પણ કરાયું છે.

ચાલુ વર્ષે જાન્યુઆરી માસમાં થયેલા શિલાન્યાસ સમારંભથી લઈને તાજેતરમાં થયેલાં હસ્તાંતરણ સુધીની સંપૂર્ણ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં ગ્રામજનોની ઉત્સાહભરી હાજરી અને સક્રિય સહભાગિતાથી આ ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રયોજનને વિશેષ મહત્તા પ્રાપ્ત થઈ છે. પરંપરાગત ધાર્મિક વિધિઓ વચ્ચે યોજાયેલા હસ્તાંતરણ સમારંભમાં નવા મંદિરને સત્તાવાર રીતે ગ્રામ પંચાયત અને ગ્રામજનોને અર્પણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, પુનઃ પ્રભુ પધરામણી પ્રસંગે ગામના અગિયાર દંપત્તિઓ વિધિવત પરંપરા મુજબની તમામ ધાર્મિક વિધીઓમાં જોડાયાં હતાં અને ગામ સમસ્ત દ્વારા સમૂહ ભોજન-પ્રસાદ લઈને કાર્યક્રમને યાદગાર બનાવી સંપ અને સહકારનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

નવા મંગળેશ્વર મહાદેવ મંદિરનું સ્થાપત્ય સુંદરતાસભર અને આધુનિક સુવિધાઓથી સજ્જ છે. શાંત, પવિત્ર અને આધ્યાત્મિક વાતાવરણ ધરાવતું આ મંદિર આગામી સમયમાં પૂજા, ધાર્મિક પ્રસંગો અને સાંસ્કૃતિક મેળાવડાઓ માટે ગામનું મહત્વનું કેન્દ્ર બનશે. આ પ્રયાસ દ્વારા ગામમાં સામાજિક એકતા અને સંવાદિતાને વધુ મજબૂતી મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. રિલાયન્સ દ્વારા મોડપર ગામના ધાર્મિક અને સામાજિક વિકાસ માટે કરવામાં આવેલી આ સેવા કામગીરીને ગ્રામજનોએ હર્ષભેર આવકારી હતી. સામાજીક ઉત્તરદાયિત્વના ભાગ રૂપે રીફાઈનરીની આસપાસનાં ગામોમાં નિરંતર ચાલતી મહિલા સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય, સ્વરોજગાર, પશુ સારવાર, રમત ગમત, યુવા વિકાસ સહિતની પ્રવૃત્તિઓનું આ વિસ્તારના સર્વાંગી વિકાસમાં નોંધપાત્ર યોગદાન છે. સમાજના પ્રત્યેક વર્ગના લોકોને ઉપયોગી થાય તે પ્રકારની અનેકવિધ પ્રવૃત્તિઓનાં સતત આયોજન થકી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ગ્રામિણ ઉત્કર્ષને વેગવાન બનાવવામાં યથોચિત ફાળો આપી રહી છે જેને વ્યાપક લોક આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.

## જામનગર જિલ્લામાં ખેડૂતો માટે રાહત પેકેજની અરજીઓ લેવાની કાર્યવાહી પૂર્ણ

**જિલ્લાના ૧,૪૧ લાખ ખેડૂતો પૈકી ૨૪ હજાર ખેડૂતોને રૂ.૮૩.૮૨ કરોડની રાહત પહોંચતી કરાઈ**

જામનગર : જામનગર જિલ્લામાં કમોસમી વરસાદની રાહત પેકેજ અંતર્ગત અરજીઓ કરવાની મુદ્દત પુરી થઈ છે. આ દરમિયાન જિલ્લાના ૨૩,૮૫૯ ખેડુતોને રૂ.૮૩ કરોડ ૮૨ લાખ ૯૯, ૭૫૯ની રકમની રાહત તેના ખાતામાં જમા કરવામાં આવી છે. ઓક્ટોબર માસના કમોસમી વરસાદને કારણે રાજ્યના ઘણા જિલ્લામાં અને ખાસ કરીને જામનગર જિલ્લાના ખેડુતોના ઉભા પાકને ભારે નુકશાની થઈ ગયાની હકિકતો સામે આવી હતી.

પંચાયતના ખેતીવાડી વિભાગની ૩૩૨ ટીમો દ્વારા જિલ્લાના ૪૧૭ ગામોમાં સર્વે કરીને નુકશાનીનો રીપોર્ટ રાજ્ય સરકારને સોંપવામાં આવ્યો હતો. જે બાદ તંત્રએ ગત નવેમ્બર માસમાં રાહત સહાય મેળવવાની અરજીઓ સ્વીકારવાનું પોર્ટલ દ્વારા શરુ કર્યું હતું. જેની મુદ્દત તા.૫ ડિસેમ્બરે પુર્ણ થતાં જામનગર જિલ્લાના ધ્રોલના ૧૩,૪૧૯ ખેડુતો, જામજોધપુરના ૨૩,૪૧૮ ખેડૂતો. જામનગર સીટીના ૫૩૭ ખેડુતો, જામનગર રૂરલના ૨૯,૫૯૫ ખેડુતો, જોડીયાના ૧૯,૨૯૮ ખેડુતો, કાલાવડના ૩૨,૪૨૬ ખેડુતો તથા લાલપુરના ૨૧,૯૫૪ ખેડુતો મળીને કુલ ૧,૪૧,૩૫૩ ખેડુતોએ રાહત પેકેજ મેળવવા અરજીઓ કરી છે. જે પૈકીના ૨૩, ૮૫૯ ખેડુતોને રૂ.૮૩, ૮૨, ૯૯, ૭૫૯ની સહાય ચુકવવાની પ્રક્રિયા કરવામાં આવી છે. તેઓના બીલ જનરેટ થઈ ચુક્યા છે, અને રકમો ખાતામાં આવવા લાગી છે. આમ સરકારે તા.૫ના રોજ અરજીનું પોર્ટલ બંધ કરવા સાથે સાથે ચુકવણાની સમાંતર પ્રક્રિયા હાથ ધરીને મહત્તમ ખેડુતોને વહેલામાં વહેલી તકે સહાય પહોંચી જાય. તેવી રીતે કામગીરી કરી છે.

## દ્વારકા જિલ્લાના કારખાનેદારો તથા અન્ય ઉદ્યોગોના માલિકોએ કામે રાખનાર મજુરોની વિગતો ફરજીયાત

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાંગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. બહારના રાજયોમાંથી હજારોની સંખ્યામાં પરપ્રાંતિય લોકો રોજગારી અર્થે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવે છે. મોટા ભાગના ખેડૂતો પોતાની ખેતીવાડીના કામ માટે પરપ્રાંતિય લોકોને રાખે છે. જેમાં અમુક ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા ઈસમો હોય એવી સંભાવના રહેલ છે. ભૂતકાળમાં પણ આવા પરપ્રાંતિય મજૂરો ચોરી લૂંટ કે ગંભીર પ્રકારના હુમલાઓ કરીને નાસી ગયેલ છે. જયારે મજૂરી કામ માટે રાખનાર વાડી માલિકો પાસે આવા પરપ્રાંતિય મજુરોના ટુંકા નામ સિવાય વિશેષ કોઇ માહિતી હોતી નથી જેને કારણે આવા ગુન્હેગાર લોકોને પકડવાનું અને ગુન્હો શોધવાનું મુશ્કેલ બને છે.

આ તમામ પરિસ્થિતિને અનુલક્ષીને આવા ગુન્હેગારોની ભવિષ્યમાં તપાસમાં ભાળ મળે તે માટે તેમજ તેમના નાપાક મનસુબામાં કામિયાબ ન બને તે માટે તેમજ પરપ્રાંતિય લોકોના જરૂરી રેકર્ડ ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ એક જાહેરનામું પ્રસિધ્ધ કરી તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હિરા ઉદ્યોગ, ખેડૂતો તથા અન્ય ઉદ્યોગો વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજૂરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કે ભાગીયા, કમર્ચારીઓ/કારીગરો/મજૂરોની હકીકત તૈયાર કરી નીચે મુજબના પત્રક-એ મુજબ સબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની તારીખથી દિન-૧૫ માં આપવા હુકમ ફરમાવેલ છે.

# પ્રથમ વખત ચિત્ર પ્રદર્શન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ 'નમસ્તે જામનગર' યોજાયો



જામનગર : અનુભૂતિ ગ્રુપ જામનગર અને નમસ્તે ઈન્ડિયા પુણેના સંયુક્ત ઉપક્રમે કૃષ્ણના વિષય આધારિત ચિત્ર પ્રદર્શન તારીખ ૫ થી ૭ ડિસેમ્બર દરમ્યાન યોજાયુ હતું.

નમસ્તે જામનગર સાંસ્કૃતિક અને કલાનો મેળો જેનું ઉદઘાટન તારીખ ૪-૧૨-૨૦૨૫ ના દ્વારકાધીશ મંદિરના દર્શન અને પૂજા દ્વારા નમસ્તે ઈન્ડિયાના સ્થાપક સુધીર સલુનકે દ્વારા કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સુમેર રેસીડેન્સી હોલ, સુમેર ક્લબ, જામનગર ખાતે ચિત્ર પ્રદર્શનનું ઉદઘાટન જુનિયર કલાકારો રિવા મૂંગરા - ૭ વર્ષ અને ધ્યેય શાહ ૧૪ વર્ષ દ્વારા તારીખ ૫-૧૨-૨૦૨૫ ના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે કરવામાં આવેલ. જેમાં જામનગર ઉપરાંત બીજા રાજ્યના કલાકારો એ ૭૦ થી વધુ ચિત્રો પ્રદર્શિત કરેલ.આ અનેરા કલા અને સાંસ્કૃતિક ના સમન્વય "નમસ્તે જામનગર " એ સાથે પંડિત આદિત્યરામ ઘરાનાના સંગીતની સંધ્યા સંગીત સાધના મંદિરના કલાકારો પ્રસ્તુત કરેલ તથા તારીખ ૬-૧૨-૨૦૨૫ ના રોજ રણમલ તળાવ લાખોટા મ્યુઝિયમ પાસે લાઈવ પેન્ટિંગ કરવામાં આવેલ. આ અનેરા કલા અને સાંસ્કૃતિકના સમન્વય "નમસ્તે જામનગર" ને જામનગરની જનતા તથા મહાનુભાવોએ રૂબરૂ મુલાકાત દ્વારા નિહાળેલ અને કલાકારોને પ્રોત્સાહિત કરેલ.

સમગ્ર આયોજનમાં સંજય જાની, ડો.ભવનિત કૌર અને સુધીર સલુનકે તથા સમગ્ર કમિટી મેમ્બર્સ અને સિનિયર કલાકારો એ સાથ સહકાર આપેલ હતો.

## જામનગરમાં પ્રોફેસર દંપત્તી ૐ ટ્રેનીંગ સેન્ટરમાં મનો દિવ્યાંગ બાળકોની મદદે આવ્યા



જામનગર : જામનગરના એક પ્રોફેસર દંપત્તી દ્વારા ખુબજ સરાહનિય અને પ્રેરણાદાઈ પગલું લેવામાં આવ્યું છે, અને માનસિક ક્ષતિ દિવસે જામનગરના ૐ ટ્રેનીંગ સેન્ટરમાં મનો દિવ્યાંગ બાળકોની મદદે આવ્યા છે. તેઓના સેન્ટરના એક વર્ષના લાઈટ બિલનું ચુકવણું કરીને સંતોષ વ્યક્ત કર્યો હતો.

જામનગરની પંચવટી કોલેજમાં સેવા આપી ચૂકેલા ખુબજ જાણીતા પ્રોફેસર પી.બી. જાડેજા તેમજ પ્રોફેસર ભારતીબા પી. જાડેજા કે જેઓએ ખરેખર વિશ્ર્વ વીકલાંગ દીવસની વિશેષરૂપે ઉજવણી કરીછે.

જામનગરના ૐ ટ્રેનીંગ સેન્ટરના મનોદીવ્યાંગ બાળકોની સંસ્થામાં આવેલું છેલ્લા એક વર્ષનું લાઈટ બીલ જે ૪૨,૦૦૦ રૂપિયા આવ્યું હતું, આ લાઈટબીલની ચુકવણી કરીને મનોદીવ્યાંગ માટે કામ કરતી સંસ્થામાં મદદ કરી વિશ્ર્વ વીકલાંગ દીવસની વિશેષરૂપે ઉજવણી કરીને સંતોષ વ્યક્ત કર્યો છે. સંસ્થાના આ ખર્ચને પહોચી વળવા માટે મદદરૂપ થનાર પ્રોફેસર પી.બી જાડેજા તેમજ પ્રોફેસર ભારતીબા પી.જાડેજાનો ૐ ટ્રેનિંગ સેન્ટરના ટ્રસ્ટીઓ તેમજ ફાઉન્ડર ડીમ્પલબેન મહેતા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

## માતુશ્રી વિરબાઈમાં આદર્શ લગ્નોત્સવમાં ૩૪૪માં લગ્ન સંપન્ન




તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : શ્રી રઘુવંશી સોશ્યલ ગ્રુપ,શ્રી જલારામ મંદિર દ્વારકા દ્વારા માત્ર રૂપિયા ૧ના ટોકનથી થતાં માતુશ્રી વિરબાઈમાં આદર્શ લગ્નોત્સવમાં ૩૪૪ માં લગ્ન સંપન્ન થયા. જેમાં કન્યા-નિરાલી કિશોરભાઈ ઝાંખરીયા દ્વારકા તેમજ વરરાજા-જલ્પેશ હંસરાજભાઇ બારાઈ, ખંભાળીયા લગ્નગ્રંથિથી જોડાયેલ છે. આ લગ્નમાં યજમાન હિતેશભાઈ ગોવિંદભાઈ સીમરીયા, રવિભાઈ જીતેન્દ્રભાઈ સીમરીયા, દ્વારકા રહેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટીઓ તથા શ્રી જલારામ મહિલા સત્સંગ મંડળની બહેનોએ જહેમત ઉઠાવેલ હતી.

## સ્વામી વિવેકાનંદ ક્રેડીટ સોસાયટીના ડીફોલ્ટર સભાસદને સજા અને દંડ

જામનગર : જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના નરેશ વાઘજીભાઇ વોરાએ સોસાયટીમાંથી કન્ઝ્યુમર લોન લીધેલ હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપેલ અને સોસાયટીએ ચેક બેંકમાં ડિપોઝીટ કરતા ચેક રીટર્ન થયેલ જેથી સોસાયટીના વકીલ દ્વારા કાયદેસરની નોટીસ આપવામાં આવેલ તેમ છત્તા સોસાયટીના ચેક મુજબની રકમનું લેણું ભરાયેલ ન હોય તેથી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટ - ૧૩૮ અન્વયે આરોપી વિરુધ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી અને સમન્સ મળતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલા હતો.

આ કેસ આગળ ચાલતા ફરીયાદી પક્ષના પુરાવાઓ અને સોસાયટીના વકીલની દલીલોને ધ્યાને લઈ આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હતો અને આરોપીને ૬ માસની જેલની સજા તેમજ રકમ રૂ૧૪,૫૦૨ નો દંડ તેમજ આરોપી ગેરહાજર હોવાથી વોરંટ ઈસ્યુ કરવા કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ફરીયાદી તરફે વકીલ મિતેષભાઈ એલ.પટેલ, મણીલાલ જી.કાલસરીયા, ગૌરાંગભાઈ જી. મુંજપરા, હરજીવનભાઈ એમ.ધામેલીયા,જયદીપસિંહ જાડેજા રોકાયા હતા.

## વોર્ડ નં ૯ સોઢાના ડેલામાં બે માસથી ભૂગર્ભ ગટરનું કામ અધુરુ



જામનગર : જામનગરના વોર્ડ નં ૯ સોઢાના ડેલામાં છેલ્લા બે માસથી ભૂગર્ભ ગટરના કામમાં તંત્ર દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યાં છે. લગત તંત્રને બે વખત ઓનલાઈન રજૂઆત કરવામાં આવી છે . પરંતુ નિંભર તંત્ર ઘોર નિંદ્રામાં પોઢી રહ્યું છે.

શહેરના વોર્ડ નં ૯ સોઢાના ડેલા વિસ્તારમાં બે માસથી ભૂગર્ભ ગટરનું કામ અધુરુ છે. લગત તંત્રને બે વખત ઓનલાઈન રજૂઆત કરવામાં આવી છે છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી. અહીં અધૂરા કામના કારણે આ વિસ્તારના રાહદારીઓ, વાહન ચાલકો હેરાન થઈ રહ્યા છે. અને કોઈ દુર્ઘટના બને તો જવાબદાર કોણ? તેવો પ્રશ્ન પૂછી રહ્યા છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાનું કામ પૂરું થઈ જાય એટલે ડોકાતા પણ નથી. આ વિસ્તારમાં જે ભૂગર્ભ ગટરનું કામ અધુરુ છે તેમાં રોડ ઉપર ખાડા ટેકરા હોય તેમજ સિમેન્ટના ઢાંકણાંનું કોઈ લેવલ નથી તેમજ પાઈપ નાખ્યા છે ત્યાં ખાડા પડી ગયા છે. અને હાલ આ વિસ્તારમાં રસ્તો પણ બગડી ગયો હોય સ્થાનિકોને ખુબજ હેરાનગતિ ભોગવવી પડી રહી છે. તેથી તંત્ર હવે જાગે અને અધૂરું કામ પૂરું કરે તેવી ઉગ્ર રજૂઆત સોઢાના ડેલામાં રહેતા લોકોની માંગણી છે.


## વોર્ડ નં. ૧માં રખડતા કુતરાઓનો ત્રાસ દૂર કરવા મ્યુ. કમિશનરને રજુઆત

જામનગર : જામનગર શહેરના વોર્ડ નં. ૧માં કૂતરાઓની સંખ્યા દિવસે ને દિવસે વધતી જાય છે. કૂતરાનું ખસીકરણ ન થવાને કારણે તેમજ પકડવામાં ન આવતા હોવાથી આખા વિસ્તારમાં કૂતરાઓના કરડવાનો ત્રાસ વધી ગયેલ છે અને આ કૂતરાઓનો ભોગ નાના બાળકો, વૃધ્ધો અને મહિલાઓ બને છે. તેવા બનાવોને લઈ પૂર્વ કોર્પોરેટર હુસેનાબેન સંઘારે કમિશનર પત્ર પાઠવી કરી છે. ને તેમાંય ગરીબ, મજુર વર્ગ અને મધ્યમ વર્ગના લોકો જે ચાલીને કે સાયકલ ઉપર જતા હોય તેમજ આ વિસ્તાર સ્લમ વિસ્તાર છે અને તેમાં મોટા ભાગના રહેવાસીઓ માછીમારી, મજુરી, નાની મોટી નોકરી, ડ્રાઈવીંગ વિગેરે કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેઓ ચાલીને કે સાયકલ લઈને અવર જવર કરે છે. આમ આવા લોકો આસાનીથી આવા રખડુ કૂતરાઓનો ભોગ બને છે. કૂતરા કરડવાના બનાવો વધી રહ્યા છે.

આ વિસ્તારમાં કૂતરા પકડવાની અને ખસીકરણ કરવાની કામગીરી કરવામાં આવતી નથી જેને ચાલુ કરવી ખુબ જ આવશ્યક છે. હાલમાં જ તા.૨૭-૦૯-૨૦૨૫ ના રોજ એક બાળકને કૂતરાએ ગર્દન, હાથ અને પેટના ભાગે બટકાં ભરેલ જેને ગંભીર હાલતમાં સારવાર માટે નજીકના આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયેલ અને સારવાર કરાવેલ તેમજ આ અંગેની ફરીયાદ પણ અમોએ લગત વિભાગને કરેલ છે.

આ પ્રકારે કૂતરા કરડવાથી સમયાંતરે કૂતરું જેને કરડે તે વ્યક્તિને રેબિસ વાયરસ ફેલાવાનો ભય રહે છે અને તેના નિવારણ માટે આરોગ્ય કેન્શમાં તેનો એન્ટી વાયરસ ઈન્જેકશનના ચાર ડોઝ આપવામાં આવે છે આ પ્રકારે કૂતરાઓના કારણે અમૂલ્ય માનવ જીંદગીને જોખમમાં મુકવી તે ન્યાયના હિતમાં નથી. આ કૂતરાઓને પકડી તેમના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવાની ખુબ જ આવશ્યકતા છે. તેવી રજુઆત પૂર્વ કોર્પોરેટર હુશેનાબેન અનવર સંધારે કરી છે.

# ધ્રોલમાં એમ.ડી. મહેતા સાયન્સ સેન્ટરમાં વિદ્યાર્થીઓ માટે 'સની'ના વલયોનું નિદર્શન રખાયું


તસવીરઃ સંજય ડાંગર

જામનગર : શ્રી એમ. ડી. મેતા સાયન્સ સેન્ટર ધ્રોલ તથા ખગોળ મંડળ જામનગર દ્વારા ધ્રોલ ખાતે ધોરણ ૧૦ તથા ૧૧ના

વિદ્યાર્થીઓ તથા આમંત્રીતો માટે શનિના વલયો તથા તેના ટિટાન ચંદ્રના અવલોકનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

શનિનો ગ્રહ એની કક્ષામાં નમતો રહીને સૂર્યની પ્રદક્ષિણા કરતો હોવાથી તેના વલયો, હંમેશ માટે એક સરખા રૂપમાં દેખાતા નથી. કદીક એ સરસ લીટીનું અને કદીક વિસ્તૃત સપાટીનું રૂપ ધારણ કરે છે. શનિના આ વલયોનું અવધિ ચક્ર ૧૪.૫ વર્ષનું હોય છે.

ધ્રોલના એમ.ડી. મહેતા સાયન્સ સેન્ટરના ડો. સંજય પંડયાએ નવા ૧૦ ઈંચના ટેલિસ્કોપની માહિતી આપેલ, અને ભવિષ્યના સૂર્ય કલંક અને દેવયાની તારાવિશ્વના અવલોકન ની માહિતી આપી હતી.

શનિના વલયો, ચંદ્ર ટિટાન, આકાશમાં દેખાતા તારાઓ, નક્ષત્રોની માહિતી તથા ખગોળને લગતા વિદ્યાર્થીઓના સવાલોના જવાબો જામનગરના ખગોળ મંડળના કિરીટ ભાઈ શાહ દ્વારા આપવામાં આવ્યા હતા. હાલમાં શનિના વલયો અદ્રશ્ય થઈ માત્ર સરળ લીટી ના સ્વરુપે જોવા મળે છે. હવે પછી આ વલયો સરસ લીટી સ્વરુપ ૧૪.૫ વર્ષો બાદ જોવા મલશે. સમગ્ર કાર્યક્રમના સંદર્ભમાં રોડ એમપી મહેતા સુધાબેન ખંઢેરીયાનું જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું

## હેપ્પી બર્થ-ડે

### ધ્રોલના કોન્સ્ટેબલ રાજેશ મકવાણાનો આજે જન્મદિવસ



ધ્રોલ : ધ્રોલ તાલુકાના મૂળ ગરેડીયા ગામના વતની અને પોલીસ બેડામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ રાજેશ મકવાણા આજે તેમનો જન્મદિવસ છે. તેમની ફરજનિષ્ઠા અને પ્રજાલક્ષી કામગીરીના કારણે તેઓ ધ્રોલ સહિત સમગ્ર પંથકમાં સારી એવી નામના ધરાવે છે. જેઓ મોબાઈલ નંબર ૯૭૩૭૭ ૭૭૯૪૧ પર? પણ શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# પ્રેમીની હત્યા કર્યા બાદ મહિલા તેની પુત્રીઓ સાથે પાંચ કલાક મૃતદેહ પાસે બેઠી રહી

## ઉત્તરપ્રદેશની ઘટનામાં મહિલાએ પોલીસને ફોન કરી પોતે લીવ ઈન પાર્ટનરની હત્યા કરી હોવાનું જણાવ્યું

## હત્યા મામલે પોલીસે મહિલા ઉપરાંત તેની બે સગીર પુત્રીઓ વિરુદ્ધ પણ ગુનો દાખલ કર્યો

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં એક સનસનાટીભરી ઘટના પ્રકાશમાં આવી છે.સાંપ્રત સમાજને હચમચાવી મૂકે તેવી ઘટનામાં સંમતિથી રહેતા એન્જિનિયરની ગર્લફ્રેન્ડે તેનું ગળું કાપીને તેની હત્યા કરી નાખી હતી.સાથીની હત્યા કર્યા બાદ આરોપી મહિલા તેની બે સગીર પુત્રીઓ સાથે ઘણા કલાકો સુધી યુવાનના મૃતદેહ સાથે રહી હતી અને ત્યારબાદ તેણે એન્જિનિયરની હત્યાની પોલીસને જાણ કરી હતી.પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને કસ્ટડીમાં લીધો હતો અને આરોપી મહિલાની ધરપકડ કરી હતી. એન્જિનિયરના પરિવારની ફરિયાદના આધારે, પોલીસે આરોપી મહિલાની બે સગીર પુત્રીઓ સામે પણ એફઆઈઆર દાખલ કરી છે.

Crime zon

આ ઘટના લખનૌના સલારગંજ શિવમ ગ્રીન સિટીમાં બની હતી. સંમતિથી રહેતા ગર્લફ્રેન્ડે રવિવારે રાત્રે તેના સાથી એન્જિનિયરનું ગળું છરીથી કાપી નાખ્યું હતું. તેણે હત્યાના દિવસે સવારે પોલીસને હત્યાની જાણ કરી હતી. પોલીસે તેની ધરપકડ કરી છે. યુવકના પિતાએ પ્રેમિકા અને તેની બે પુત્રીઓ વિરુદ્ધ હત્યાની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

જાનકીપુરમ સેક્ટર એચ ના રહેવાસી નરેન્દ્ર સિંહનો એકમાત્ર પુત્ર સૂર્ય પ્રતાપસિંહ (૩૨) એવરરેડીમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયર હતો. આ અંગે ફ્રેઝ પૂર્વ શશાંકસિંહે જણાવ્યું કે, સૂર્યપ્રતાપ છેલ્લા ચાર વર્ષથી સલારગંજ શિવમ ગ્રીન સિટીમાં તેના બીજા ઘરમાં રત્ના (૪૬) સાથે સંમતિથી સંબંધમાં રહેતો હતો.

હરદોઈના વતની રત્નાને પહેલેથી જ ૧૭ અને ૧૫ વર્ષની બે પુત્રીઓ છે. સોમવારે રાત્રે રત્ના અને સૂર્ય વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો થયો હતો. સવારે લગભગ ૦૫ વાગ્યે રત્નાએ ઘરમાં રાખેલા છરીથી સૂર્ય પ્રતાપનું ગળું કાપી નાખ્યું હતું,જેમાં ઘટનાસ્થળે જ સૂર્યપ્રતાપનું મોત થયું હતું. આ સમયે રત્નાની બે પુત્રીઓ પણ હાજર હતી.

હત્યા બાદ આરોપી મહિલાએ ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. મ્ઙ્ઠ પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને રત્નાની ધરપકડ કરી હતી અને આ ઘટનામાં રત્નાની પુત્રીઓની ભૂમિકાની તપાસ કરી રહી છે. દેવરિયાના ભુવાલી માર્કંડા સ્થિત પારસિયા ભીખમ ગામના રહેવાસી નરેન્દ્રનો આરોપ છે કે રત્નાએ તેની પુત્રીઓ સાથે મળીને ઘર પચાવી પાડવાના ઈરાદાથી તેના પુત્રની હત્યા કરી હતી.

લખનૌમાં સૂર્ય પ્રતાપ સિંહની હત્યાની જાણ થતાં, તેના કાકા, પારસિયા ભીખમ ગામના રહેવાસી નૂર સિંહના પરિવારમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ. દરવાજા પર ભીડ એકઠી થઈ ગઈ. નરેન્દ્ર સિંહ લખનૌમાં એક ખાનગી હોસ્પિટલ માટે વાન ચલાવે છે તેવું કહેવાય છે.

તેમનો આખો પરિવાર લાંબા સમયથી લખનૌમાં રહે છે. લોકોના મતે, નરેન્દ્ર સિંહને ત્રણ પુત્રીઓ અને એક પુત્ર, સૂર્ય પ્રતાપ સિંહ છે. બી.ટેક પૂર્ણ કર્યા પછી તે એક ખાનગી કંપનીમાં એન્જિનિયર હતો. સૂર્ય પ્રતાપ તેના પરિવારથી દૂર એક મહિલા સાથે રહેતો હતો. ત્રણ વર્ષ પહેલા તે મહિલાઓના ઘરે બાળકોને ટ્યુશન ભણાવવા જતો હતો. હત્યા પછી, રત્ના અને તેની બે પુત્રીઓ સાડા પાંચ કલાક સુધી ઘરમાં હાજર રહી. તેમણે ભાગવાનો પ્રયાસ કર્યો નહીં કે કોઈને કંઈ કહ્યું નહીં. સવારે રત્નાએ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને હત્યા વિશે માહિતી આપી. ઈન્સ્પેક્ટર બીબીડી રામ સિંહે તરત જ ગામના વડા રામ મનોહર યાદવનો સંપર્ક કર્યો. જ્યારે ગામના વડા ઘટનાની પુષ્ટિ કરવા ઘરે પહોંચ્યા, ત્યારે રત્નાએ સ્પષ્ટપણે કહ્યું કે તેણે હત્યા કરી છે.

# દિલ્હી જલ બોર્ડ ટેન્ડર કૌભાંડમાં ભૂતપૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈન સહિત ૧૪ લોકો સામે આરોપનામુ: મિલકત જપ્ત

## RRPL નામની કંપનીએ ડીજેબીના ૧૦ એસટીપીના અપગ્રેડ પ્રોજેક્ટ્સમાં મોટી છેતરપિંડી કરી હતી

નવીદિલ્હી,

દિલ્હી જલ બોર્ડ ટેન્ડર કૌભાંડમાં ઈડીની દિલ્હી ઝોનલ ઓફિસે મોટી કાર્યવાહી કરી છે, ૧૪ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી છે. આ કેસમાં દિલ્હીના ભૂતપૂર્વ મંત્રી સત્યેન્દ્ર કુમાર જૈન, તત્કાલીન સીઈઓ ઉદિત પ્રકાશ રાય, ડીજેબીના ભૂતપૂર્વ સભ્ય અજય ગુપ્તા, ભૂતપૂર્વ મુખ્ય ઈજનેર સતીશ ચંદ્ર વશિષ્ઠ અને અનેક ખાનગી વ્યક્તિઓ અને કંપનીઓના નામ શામેલ છે. આ કેસ ડીજેબીના સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) સંબંધિત ચાર ટેન્ડરમાં કથિત ભ્રષ્ટાચાર સાથે સંબંધિત છે.

દિલ્હી સરકારની ભ્રષ્ટાચાર વિરોધી શાખા દ્વારા દાખલ કરાયેલી એફઆઈઆરના આધારે ઈડીએ આ તપાસ શરૂ કરી.એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ઇઇપીએલ નામની કંપનીએ ડીજેબીના ૧૦ એસટીપીના અપગ્રેડ પ્રોજેક્ટ્સમાં મોટી છેતરપિંડી કરી હતી. આ પ્રોજેક્ટ્સ પાપંકલાન, નિલોથી, નજફગઢ, કેશોપુર, કોરોનેશન પિલર, નરેલા, રોહિણી અને કોંડલીમાં ચાલી રહ્યા હતા.

તપાસમાં બહાર આવ્યું છે કે ઈઈપીએલના મેનેજિંગ ડિરેક્ટર રાજકુમાર કુરાએ ફ્ત્નમ્ના કેટલાક અધિકારીઓ અને નાગેન્દ્ર યાદવ જેવા ખાનગી વ્યક્તિઓની મદદથી ટેન્ડરની શરતોમાં પોતાની મરજી મુજબ ફેરફાર કર્યા હતા. શરતો એવી રીતે ડિઝાઈન કરવામાં આવી હતી કે ફક્ત તે કંપની જ ટેકનોલોજી સપ્લાય કરી શકે - એટલે કે ટેન્ડર સંપૂર્ણપણે ઈઈપીએલને ફાળવવામાં આવ્યા હતા.ઈડીના જણાવ્યા અનુસાર, રાજકુમાર કુરા અને તેમના સહયોગીઓએ આ કામના બદલામાં ૬.૭૩ કરોડની લાંચ આપી હતી.

આ લાંચ નકલી ઇન્વોઇસ અને બેંકિંગ ચેનલો દ્વારા એડવાન્સ ચુકવણી દ્વારા અને હવાલા દ્વારા રોકડમાં ચૂકવવામાં આવી હતી. ઈડીએ આ રકમને ગુનાના ઉત્પાદનો તરીકે વર્ણવી છે. વધુમાં, કથિત છેતરપિંડીના પરિણામે ઈઈપીએલને ૯.૯૬ કરોડનો ગેરકાયદેસર નફો થયો, જેને ગુનાના ભંડોળ તરીકે પણ ગણવામાં આવે છે. કુલ ૧૭.૭૦ કરોડનો મની લોન્ડરિંગ કેસ, ઈડીના ચાર્જશીટમાં સત્યેન્દ્ર જૈન,ઉદિત પ્રકાશ રાય,અજય ગુપ્તા,સતીશ વશિષ્ઠ,ઈઈપીએલ કંપની,રાજકુમાર કુર્રા,વિનોદ ચૌહાણ,નાગેન્દ્ર યાદવ અન્ય આરોપીઓ

ઈડીની ચાર્જશીટમાં જણાવાયું છે કે તેઓ આશરે ૧૭.૭૦ કરોડની ગેરકાયદેસર રકમ ઉત્પન્ન કરવા, છુપાવવા અને ઉપયોગ કરવામાં સામેલ હતા. આ મની લોન્ડરિંગ ગણાય છે. ઈડીએ ૪ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ૧૫.૩૬ કરોડની સ્થાવર અને જંગમ મિલકતોને કામચલાઉ રીતે જપ્ત કરવાનો આદેશ જારી કર્યો છે.

# ઈન્ડોનેશિયામાં ૭ માળની ઈમારતમાં આગ, ૨૦નાં મોત

જકાર્તા,

ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં આજે એક ૭ માળની ઈમારતમાં ભીષણ આગ લાગી હતી. સ્થાનિક ચેનલ કોમ્પાસ ટીવી અનુસાર, આ દુર્ઘટનામાં અત્યારસુધીમાં ૨૦ લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે, જેમાં ૫ પુરુષ અને ૧૫ મહિલાનો સમાવેશ થાય છે. તેમાંથી કેટલાકનાં મોત શ્વાસ રૂંધાવાથી થયાં હતાં. મીડિયા રિપોર્ટ અનુસાર, કેટલાક લોકો હજુ પણ ઈમારતની અંદર ફસાયેલા છે તેમને બહાર કાઢવાનું કામ હજુ પણ ચાલુ છે.

જે ઈમારતમાં આગ લાગી હતી એ ટેરા ડ્રોન ઈન્ડોનેશિયાની ઓફિસ છે. આ કંપની ખનન (માઈનિંગ) અને ખેતી (એગ્રિકલ્ચર) સંબંધિત કાર્યો માટે ડ્રોન સર્વે સેવાઓ પૂરી પાડે છે.

આગની શરૂઆત ઈમારતની પહેલા માળથી થઈ. શરૂઆતમાં કર્મચારીઓએ આગ બુઝાવવાનો પ્રયાસ પણ કર્યો, પરંતુ તેઓ એના પર કાબૂ મેળવી શક્યા નહીં. પોલીસે જણાવ્યું કે પહેલા માળ પર રાખેલી બેટરીઓમાં આગ લાગી ગઈ હતી. આને કારણે આગ ફેલાતી ગઈ અને જલદી જ સાતમા માળ સુધી ફેલાઈ ગઈ. હાલમાં આખી ઈમારતની તપાસ હજુ ચાલુ છે. ફાયરબ્રિગેડની ટીમ દરેક માળ તપાસી રહી છે.

# ઈન્ડોનેશિયાના જકાર્તામાં સાત માળની બિલ્ડિંગમાં ભીષણ આગ લાગતા ૨૦ લોકોના મોત

## ઈમારતના પહેલા માળે લાગી હતી અને ધીમે ધીમે ઉપરના માળે ફેલાઈ ગઈ

જકાર્તા,

ઈન્ડોનેશિયાના જકાર્તાના કેમાયોરન વિસ્તારમાં સાત માળની ઓફિસ બિલ્ડિંગમાં મોટી આગ લાગી. ઓછામાં ઓછા ૨૦ લોકો માર્યા ગયા, જ્યારે ઘણા લોકો અંદર ફસાયેલા હોવાની આશંકા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે, અને ઈમારતની અંદર બચાવ અને શોધ કામગીરી ચાલી રહી છે. સેન્ટ્રલ જકાર્તા પોલીસ વડા સુસાત્યો પૂર્ણોમો કોન્ડ્રો દ્વારા આ માહિતીની પુષ્ટિ કરવામાં આવી છે.

કોન્ડ્રોના જણાવ્યા અનુસાર, આગ બપોરના સુમારે ઈમારતના પહેલા માળે લાગી હતી અને ધીમે ધીમે ઉપરના માળે ફેલાઈ ગઈ હતી. આગ લાગી ત્યારે ઘણા કર્મચારીઓ બપોરનું ભોજન કરી રહ્યા હતા, જ્યારે કેટલાક ઓફિસમાંથી બહાર નીકળી ગયા હતા.

જાકાર્તા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીના વડા ઈસાનાવા અડજીએ જણાવ્યું હતું કે આગના કારણની તપાસ ચાલુ છે અને નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે આગનું કારણ હજુ પણ તપાસ હેઠળ છે. આગ ઓલવવા માટે અધિકારીઓએ ૨૮ ફાયર ટ્રક અને ૧૦૧ કર્મચારીઓને તૈનાત કર્યા હતા. મૃતકો અને ઘાયલોને ઓળખ અને સારવાર માટે પૂર્વ જકાર્તાની ક્રામત જાતિ પોલીસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

આ ઈમારત ટેરા ડ્રોન ઈન્ડોનેશિયાનું મુખ્ય મથક છે, જે ખાણકામ અને કૃષિ સહિત વિવિધ ક્ષેત્રોમાં ગ્રાહકોને હવાઈ સર્વેક્ષણ ડ્રોન સેવાઓ પૂરી પાડે છે. અધિકારીઓનું કહેવું છે કે રાહત કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ઈમારત સંપૂર્ણપણે સીલ રહેશે.

# પુતિન પછી હવે ઝેલેન્સ્કી ભારત આવે એવી શક્યતા!

નવી દિલ્હી,

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પછી હવે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી આવતા મહિને ભારતની મુલાકાતે આવી શકે છે. જોકે, હજુ તારીખોની જાહેરાત થઈ નથી. ઝેલેન્સ્કીની આ ભારતની પ્રથમ મુલાકાત હશે. યુક્રેનના રાષ્ટ્રપતિઓએ ૧૯૯૨, ૨૦૦૨ અને ૨૦૧૨માં અત્યાર સુધી માત્ર ત્રણ વખત ભારતની મુલાકાત લીધી છે. વિક્ટર યાનુકોવિચ છેલ્લા યુક્રેનિયન રાષ્ટ્રપતિ હતા, જેઓ ૨૦૧૨માં ભારત આવ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ભારત રશિયા અને યુક્રેન વચ્ચે સંતુલન જાળવી રાખવા માગે છે. ૨૦૨૪માં પણ ભારતે આવું જ કર્યું હતું. પીએમ મોદી પહેલા મોસ્કો ગયા અને પુતિનને મળ્યા હતા અને થોડા અઠવાડિયા પછી તેઓ કિવ જઈને ઝેલેન્સ્કીને મળ્યા હતા.



ભારત અને યુક્રેનના અધિકારીઓ વચ્ચે છેલ્લા ઘણા અઠવાડિયાથી વાતચીત ચાલી રહી છે. આ વાતચીત પુતિનની યાત્રા પહેલા જ શરૂ થઈ ગઈ હતી. રિપોર્ટ્સ અનુસાર, ઝેલેન્સ્કીનો પ્રવાસ ક્યારે અને કેવી રીતે થશે તે ઘણી બાબતો પર નિર્ભર રહેશે, જેમ કે ટ્રમ્પની નવી શાંતિ યોજના કઈ દિશામાં જાય છે, યુદ્ધની સ્થિતિ કેવી રહે છે અને યુક્રેનની રાજનીતિ કેવી રીતે આગળ વધે છે, કારણ કે આ સમયે ત્યાં ઝેલેન્સ્કી સરકાર ભ્રષ્ટાચારના આરોપોથી દબાણમાં છે.

૨૦૨૨માં યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી વડાપ્રધાન મોદી, પુતિન અને ઝેલેન્સ્કી બંને સાથે સતત વાત કરતા રહ્યા છે. ફોન કોલ હોય કે આંતરરાષ્ટ્રીય બેઠકો, બંને નેતાઓ સાથે તેમનો સંપર્ક જળવાઈ રહ્યો છે. પીએમ મોદી ઓગસ્ટ ૨૦૨૪માં યુક્રેનની મુલાકાતે પહોંચ્યા હતા. ત્યારે તેમણે ઝેલેન્સ્કીને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. બેઠકમાં મોદીએ કહ્યું હતું કે ભારત હંમેશા શાંતિના પક્ષમાં રહ્યું છે. હું થોડા દિવસ પહેલા રશિયાના રાષ્ટ્રપતિ પુતિનને મળ્યો હતો. ત્યારે મેં કહ્યું હતું કે આ યુદ્ધનો સમય નથી. મોદી અને ઝેલેન્સ્કી વચ્ચે યુક્રેનના મેરિન્સકી પેલેસમાં લગભગ ૩ કલાક બેઠક થઈ હતી. બાદમાં યુક્રેનના રાષ્ટ્રપતિએ મીડિયાને કહ્યું હતું કે ભારત એક મોટો દેશ છે, તેનો પ્રભાવ વધુ છે. ભારત પુતિનને રોકી શકે છે. ભારત પોતાની ભૂમિકા ભજવશે.

# બાંગ્લાદેશમાં હિંદુ પતિ-પત્નીની હત્યા હજી સુધી FIR અને ધરપકડ નહીં

## હત્યારાઓની તાત્કાલિક ધરપકડ ન થવા પર પ્રદર્શનની ચેતવણી

ઢાકા,

બાંગ્લાદેશના રંગપુર જિલ્લામાં ૧૯૭૧ના સ્વતંત્રતા સંગ્રામના સેનાની, ૭૫ વર્ષીય યોગેશ ચંદ્ર રાય અને તેમની પત્ની સુવર્ણા રાયની ઘરમાં ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. બંનેના મૃતદેહ રવિવારે સવારે તેમના ઘરેથી મળી આવ્યા હતા. હજુ સુધી કોઈ ક્લૈંઇ નોંધાઈ નથી કે કોઈ ધરપકડ થઈ નથી. રવિવારે સવારે લગભગ ૭.૩૦ વાગ્યે પડોશીઓ અને ઘરકામ કરનારીએ ઘણી વાર દરવાજો ખખડાવ્યો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં. ત્યારબાદ તેઓ સીડી લગાવીને ઘરની અંદર પહોંચ્યા. અંદર સુવર્ણા રાયનો મૃતદેહ રસોડામાં અને યોગેશ રાયનો મૃતદેહ ડાઈનિંગ રૂમમાં પડેલો મળ્યો. બંનેના ગળા કપાયેલા હતા. પોલીસનું કહેવું છે કે હુમલો મોડી રાત્રે લગભગ ૧ વાગ્યે થયો હતો. દંપતી ગામના ઘરમાં એકલા રહેતા હતા. તેમના બે પુત્રો શોવેન ચંદ્ર રાય અને રાજેશ ખન્ના ચંદ્ર રાય બાંગ્લાદેશ પોલીસમાં નોકરી કરે છે. ફોરેન્સિક ટીમે તપાસ શરૂ કરી દીધી છે, પરંતુ હત્યાનું કારણ સ્પષ્ટ નથી. પોલીસે જણાવ્યું કે પરિવારનો કોઈ જૂનો વિવાદ પણ મળ્યો નથી. રવિવારે બપોરે ૨ વાગ્યા સુધી કોઈ કેસ નોંધવામાં આવ્યો ન હતો. સ્થાનિક સ્વતંત્રતા સેનાની સંગઠન અને સમુદાય હત્યાથી ગુસ્સે છે. લોકો હત્યારાઓની તાત્કાલિક ધરપકડ ન થવા પર પ્રદર્શનની ચેતવણી આપી રહ્યા છે. આ હત્યા એવા સમયે થઈ છે જ્યારે બાંગ્લાદેશમાં વચગાળાના સરકારના વડા મોહમ્મદ યુનુસના કાર્યકાળમાં લઘુમતીઓ, ખાસ કરીને હિંદુઓ પર હુમલાની ઘટનાઓ વધવાની ફરિયાદો થઈ રહી છે.

બાંગ્લાદેશમાં ૧૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અજાણ્યા લોકોએ એક મોટા હિંદુ નેતાની હત્યા કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભાવેશ ચંદ્ર રોય (ઉં.વ.૫૮)નું તેમના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું અને તેમને ઢોર માર મારીને મારી નાખવામાં આવ્યા હતા. તેઓ બાંગ્લાદેશ પૂજા ઉદ્યાપન પરિષદના બીરલ યુનિટના ઉપાધ્યક્ષ હતા. હિંદુ સમુદાયમાં તેમની મોટી પકડ હતી. પોલીસે જણાવ્યું કે તેઓ ઢાકાથી ૩૩૦ કિમી દૂર દિનાજપુરના બસુદેવપુર ગામના રહેવાસી હતા. બે બાઈક પર સવાર થઈને ચાર લોકો ભાવેશના ઘરે આવ્યા અને તેમને બળજબરીથી ઉપાડી ગયા. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, તેમને નજીકના નરાબારી ગામમાં લઈ જવામાં આવ્યા અને ત્યાં નિર્દયતાથી માર મારવામાં આવ્યો. તે જ સાંજે જ હુમલાખોરોએ ભાવેશને બેભાન હાલતમાં વેનમાંથી તેમના ઘરે મોકલી આપ્યો. પહેલા તેમને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, પછી દિનાજપુર મેડિકલ કોલેજ મોકલવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ બાંગ્લાદેશમાં લાંબા વિદ્યાર્થી આંદોલન પછી શેખ હસીના સરકારનો તખ્તાપલટ થયો હતો. હસીનાને દેશ છોડીને ભાગવું પડ્યું. આ સાથે જ બાંગ્લાદેશમાં સ્થિતિ બગડી ગઈ.

# બાંગ્લાદેશનું કુલ બાહ્ય દેવું પાંચ વર્ષમાં ૪૨ ટકા વધીને $104.48 બિલિયન થયું

## દેવા હેઠળ દબાયેલા બાંગ્લાદેશ પર ચુકવણીના દબાણમાં ઝડપથી વધારો

ઢાકા,

ભારતનો પડોશી દેશ, બાંગ્લાદેશ, બાહ્ય દેવામાં ઝડપી વધારોનો સામનો કરી રહ્યો છે. દેવાની ચુકવણીના દબાણ વચ્ચે છેલ્લા પાંચ વર્ષમાં બાંગ્લાદેશનું કુલ વિદેશી દેવું ૪૨% વધ્યું છે.વિશ્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવેલા આંતરરાષ્ટ્રીય દેવા અહેવાલ ૨૦૨૫ માં આ માહિતી જાહેર કરવામાં આવી હતી. અહેવાલ મુજબ, બાંગ્લાદેશનું કુલ બાહ્ય દેવું પાંચ વર્ષમાં ૪૨ ટકા વધીને $104.48 બિલિયન થયું છે, જે ૨૦૨૦ માં ઈ૭૩.૫૫ બિલિયન હતું. આમાં સરકારી અને ખાનગી ક્ષેત્ર બંનેનું દેવું શામેલ છે.

વિશ્વ બેંકના અહેવાલમાં જણાવાયું છે કે તાજેતરના વર્ષોમાં બાંગ્લાદેશના વિદેશી ઉધારમાં નોંધપાત્ર વધારો થયો નથી, પરંતુ જૂના દેવાની ચુકવણીનો ખર્ચ નોંધપાત્ર રીતે વધ્યો છે. ૨૦૨૦ માં, બાંગ્લાદેશે મુદ્દલ અને વ્યાજમાં ઈ૩.૭૩ બિલિયન ચૂકવ્યા. જોકે, ૨૦૨૪ સુધીમાં, આ ચુકવણીઓ લગભગ બમણી થઈને ઈ૭.૩૫ બિલિયન થઈ ગઈ. પરિણામે, બાંગ્લાદેશ વધતા દેવાની ચુકવણીના દબાણનો સામનો કરી રહ્યું છે. વિવિધ સ્રોતોમાંથી દેવાની ચુકવણીની જવાબદારીઓ વધવા છતાં, બાંગ્લાદેશની લોનની વહેંચણી યથાવત રહી. ૨૦૨૦ માં, બાંગ્લાદેશનું લોન વિતરણ ૧૦.૨૨ બિલિયન ડોલર હતું, જ્યારે ૨૦૨૪ માં તે નજીવું વધીને ૧૧.૧૦ બિલિયન ડોલર થયું.

ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશે છેલ્લા દાયકામાં પરમાણુ ઉર્જા પ્લાન્ટ, મેટ્રો રેલ, પાવર પ્લાન્ટ, એરપોર્ટ ટર્મિનલ વિસ્તરણ, નદી ટનલ અને એલિવેટેડ એક્સપ્રેસવે સહિત અનેક મોટા માળખાકીય પ્રોજેક્ટ્સ માટે ભારે ઉધાર લીધું છે. આમાંના ઘણા મોટા પ્રોજેક્ટ્સ માટે દેવાની ચુકવણી શરૂ થઈ ગઈ છે. ૨૦૨૪ માં, બાંગ્લાદેશનું બાહ્ય દેવું તેની નિકાસ કમાણીના ૧૯૨ ટકા હતું. ૨૦૨૪ માં, બાંગ્લાદેશની કુલ દેવા-સેવા ચુકવણી તેની નિકાસના ૧૬% હતી.

# જાપાનમાં ૭.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો : ૩૦ ઘાયલ

જાપાન,

જાપાનમાં ઓમોરી પ્રાંત નજીક સોમવારે ૭.૫ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અગાઉ તેની તીવ્રતા ૭.૬ જણાવવામાં આવી હતી. ભૂકંપ સ્થાનિક સમય મુજબ રાત્રે ૧૧:૧૫ વાગ્યે આવ્યો હતો. જાપાન ટાઈમ્સ અનુસાર, ભૂકંપમાં ૩૦ લોકો ઘાયલ થયા છે. જાપાનની હવામાન વિજ્ઞાન એજન્સીએ ઓમોરી, ઈવાતે અને હોકાઈડો પ્રાંતો માટે સુનામીની ચેતવણી જારી કરી હતી. થોડા કલાકો પછી આ ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી છે. ભૂકંપથી ઘણા ઘરોને નુકસાન થયું છે. રસ્તાઓ ધસી પડ્યા હતા, જેના કારણે ઘણી ગાડીઓ ફસાઈ ગઈ હતી. એજન્સીએ હોકાઈડોથી ચિબા સુધીના ઉત્તર-પૂર્વીય કિનારે ૮ તીવ્રતાના વધુ ભૂકંપ આવવાની ચેતવણી આપી છે. એજન્સીએ રહેવાસીઓને આવનારા સપ્તાહમાં સુરક્ષિત સ્થળોએ જવાની અપીલ કરી છે. ભૂકંપનું કેન્દ્ર જાપાનના કિનારેથી ૭૦ કિમી દૂર સમુદ્રમાં ૫૦ કિમીની ઊંડાઈએ હતું. ભૂકંપ પછી ઓમોરી પ્રાંતમાં ૨,૭૦૦ ઘરોમાં વીજળી ગુલ થઈ ગઈ છે. ઓમોરી શહેરમાં આગ લાગવાની ૨ ઘટનાઓ બની છે.

# દિલ્હીમાં ડેટા છુપાવવાનો અને સ્વચ્છ હવા બતાવવાનો ખેલ ચાલી રહ્યો છે: કેજરીવાલ

## પ્રદૂષણના ડેટાને ખોટા સાબિત કરવા માટે હોટસ્પોટમાં એર મોનિટર પર પાણી છાંટવામાં આવી રહ્યું

નવીદિલ્હી,

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાની ટિપ્પણી, એકયુઆઈએ તાપમાન છે" ની આકરી ટીકા કરી છે. કેજરીવાલે પૂછ્યું, "આ નવું વિજ્ઞાન ક્યારે આવ્યું ? " દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ દાવો કર્યો હતો કે તેમના ઉત્તરાધિકારીએ સ્વીકાર્યું છે કે રીડિંગ ઓછું રાખવા માટે એકયુઆઇ મોનિટર પર પાણી છાંટવામાં આવી રહ્યું છે.

કેજરીવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, "સૌ પ્રથમ, મુખ્યમંત્રીએ સ્વીકાર્યું છે કે જ્યાં પણ એકયુઆઇ મોનિટર લગાવવામાં આવ્યા છે ત્યાં પાણી છાંટવામાં આવી રહ્યું છે જેથી પ્રદૂષણ વિશેનું સત્ય દિલ્હીના લોકો સુધી ન પહોંચે. આનો અર્થ એ છે કે ડેટા છુપાવવાનો અને સ્વચ્છ હવા બતાવવાનો ખેલ ચાલી રહ્યો છે." શનિવારે એક કાર્યક્રમમાં બોલતા, દિલ્હીના સીએમ ગુપ્તાને વિપક્ષના આરોપો વિશે પૂછવામાં આવ્યું કે પ્રદૂષણના ડેટાને ખોટા સાબિત કરવા માટે હોટસ્પોટમાં એર મોનિટર પર પાણી છાંટવામાં આવી રહ્યું છે. આના પર, સીએમએ જવાબ આપ્યો, "મને કહો, હોટસ્પોટ શું છે? હોટસ્પોટ એ એવો વિસ્તાર છે જ્યાં પ્રદૂષણનું સ્તર સૌથી વધુ હોય છે. ઠીક છે? આનો ઉકેલ શું છે?" તમે ત્યાં છંટકાવ કરો છો, પાણી રેડો છો. તમે માટી સુધારવાનું કામ કરો છો. તો તમે ફક્ત હોટસ્પોટ પર જ સ્પ્રે કરશો.'

તેણીએ આગળ કહ્યું, "શું મોનિટરનો ઉપયોગ કરવાથી એકયુઆઇ ઘટે છે? એકયુઆઇ તાપમાન જેવું છે, જેને તમે કોઈપણ ઉપકરણથી માપી શકો છો, તેથી એકમાત્ર ઉકેલ એ છે કે હોટસ્પોટ નજીક પાણી રેડવું, જે અમે કરી રહ્યા છીએ. ત્યારથી, દિલ્હીની ભાજપ સરકાર રાષ્ટ્રીય રાજધાનીમાં વધતા એકયુઆઇ સાથે વ્યવહાર કરવાની તેની પદ્ધતિઓ માટે ટીકાનો ભોગ બની રહી છે.

# જામનગરમાં પિતરાઈ ભાઈએ ભાઈને મોતને ઘાટ ઉતાર્યો

## આરોપીની પત્નિને મૃતક યુવાને નશાડી, ઘરમાં બેસાડી હોવાથી કાળસ કાઢી નાખ્યું



તસવીર: સુનિલ ચુડાસમા



મૃતકનો ફાઈલ ફોટો

જામનગર : જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા એક દલિત યુવાન પર તેના પિતરાઈ ભાઈ એ છરીના ચાર જેટલા ઘા ઝીકી દઇ હત્યા નિપજાવી હોવાનો મામલો સામે આવતાં ભારે ચકચાર જાગી છે.

આરોપીની પત્નીને મૃતક યુવાન આઠ મહિના પહેલા નસાડી ગયો હોવાનું અને પોતાના જ ઘરમાં બેસાડી હોવાથી તેનો બદલો વાળવા માટે આ હત્યા નિપજાવી હોવાનું પોલીસમાં જાહેર થયું છે. પોલીસે મૃતકના પિતાની ફરિયાદના આધારે આરોપી સામે ગુનો નોંધી તેને અટકાયતમાં લીધો છે.

આ હત્યાના બનાવની વિગત એવી છે કે જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા જીતેન્દ્ર ઉર્ફે જયલો જગદીશભાઈ ચાવડા નામના ૨૮ વર્ષના યુવાન પર દિગ્વિજય પ્લોટ શેરી નાં ૫૪ ના છેડે તેનાજ પિતરાઈ ભાઈ એવા દિલીપ રમેશભાઈ ચાવડાએ છરીના ઉપરા છાપરી ૪ જેટલા ઘા ઝીકી દઈ હત્યા નિપજાવી હતી.

મૃતક યુવાન પોતાના એકટીવા સ્કૂટર પર જઈ રહ્યો હતો, જે દરમિયાન આરોપીએ રસ્તામાં રોકીને તેના પર આ હુમલો કરી દીધો હતો, જેથી મૃતક યુવાન લોહી લુહાણ થઈને ત્યાં ઢળી પડ્યો હતો, અને લોહીનું ખાબોચિયું ભરાયું હતું, જ્યારે મોટી સંખ્યામાં આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા.

આ બનાવની જાણ થતાં સીટી સી. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને સમગ્ર વિસ્તારને કોર્ડન કર્યો હતો, જ્યારે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોટમની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ દ્વારા આ પ્રકરણની ઊંડાણપૂર્વકની તપાસ કરવામાં આવી હતીઝ જેમાં મૃતક યુવાન જયેન્દ્ર ઉર્ફે જયલો કે જે આજથી આઠ મહિના પહેલા આરોપી દિલીપ ની પત્ની ને ઉઠાવી ગયો હતો, અને પોતાના ઘરમાં બેસાડી છે. જેનું મનદુઃખ રાખી ને આરોપીએ મોકાનો લાભ લઈ હત્યા કરી નાખી પોતાનો મનસુબો પર પડ્યો હતો, અને જીતેન્દ્રની હત્યા કરી છે.

સમગ્ર મામલામાં પોલીસ દ્વારા મૃતક જયેશ ના પિતા જગદીશભાઈ ચાવડા ની ફરિયાદના આધારે આરોપી દિલીપ સામે હત્યા અંગે ગુન્હો નોંધ્યો છે, અને તેને અટકાયતમાં લઈ લીધો છે, જેની ઘનિષ્ઠ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

# રાજ્ય સરકારના બોગસ બેન્ક ખાતાધારકોને શોધવા તપાસનો રેલો જામનગર પહોંચ્યો

## જામનગર અને જુના નાગના ગામના બે શખ્સો સામે બોગસ ખાતું ખોલાવી નાણાંની હેરફેર કરવાના ગુનો નોંધાયો

જામનગર : ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સાયબર ચાંચિયાઓ ને શોધવા માટે અલગ અલગ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યા છે, અને ખાસ કરીને બેંક ખાતાધારકોના ઓનલાઈન ચીટીંગના મારફતે નાણાં ટ્રાન્સફર કરી લેવાના પ્રકરણમાં બોગસ ખાતાધારકોને શોધવા માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં 'ઓપરેશન મ્યુલ હન્ટ' ચલાવવામાં આવી રહ્યું છે, અને આવા બોગસ ખાતાધારકો કે જેઓ પોતે વાહક બને છે, એટલે કે પોતાના ખાતા ખોલાવીને કમિશન મેળવવાની લાલચે ચીટર લોકોને તે ખાતું ઓપરેટ કરવાનું સોંપી દે છે, આવા બે ખાતા જામનગરમાંથી મળી આવ્યા છે, અને તે સંદર્ભમાં સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અને તે બંને ખાતાધારકો ને પોલીસે શોધી કાઢી તેઓ સામે કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા 'ઓપરેશન મ્યુલ હન્ટ' ના સંદર્ભમાં જામનગરની નવાનગર કો. ઓપરેટિવ બેન્ક તેમજ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાની શાખા કે જે બંને બ્રાન્ચમાં જરૂર કરતાં વધુ રૂપિયાની હેરફેર થઈ હોવાનું જાણવા મળ્યું હતું, જે સંદર્ભમાં તપાસ કરાવી હતી. અને તેની તપાસમાં જામનગરના નજીક જૂના નાગના ગામમાં રહેતા પ્રકાશ નાથાલાલ ડાભી નામના ઉપરોક્ત બંને બેંક ખાતા ખોલવામાં આવ્યા હતા, અને તે લીમડાલેન વિસ્તારમાં રહેતા કિસન વાઢેર ને બંને ખાતા સોંપી દેવાયા હતા, અને તે ખાતા મારફતે કુલ ૧૮,૩૯, ૪૦૦ રૂપિયા ની હેરાફેરી થઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, જેના અનુસંધાને પોલીસ દ્વારા પ્રકાશ ડાભી ને બોલાવીને પૂછપરછ કરાઈ હતી. જેમાં તેણે ૫,૦૦૦ રૂપિયા નું કમિશન મેળવવાની લાલચે બેંક ખાતા ખોલી આપવાનું જણાવ્યું હતું. સમગ્ર મામલામાં પોલીસ દ્વારા આગળ તપાસ ચલાવાઈ રહી છે.

આ પકરણમાં સરકાર પક્ષે સીટી બી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ યજુવેન્દ્રસિંહ મહિપતસિંહ વાળા સરકાર પક્ષે જાતે ફરિયાદી બન્યા હતા, અને સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં આરોપી જુના નાગના ગામના વતની પ્રકાશ નાથાલાલ ડાભી તેમજ જામનગરમાં લીમડા લઈને વિસ્તારમાં રહેતા કિસન વાઢેર સામે ગુનો નોંધવામાં આવ્યો છે, અને સમગ્ર મામલામાં ઊંડાણ પૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આરોપી પ્રકાશ નાથાલાલ ડાભી અને કિસન વાઢેર કે જે બંનેએ મળીને કમીશન મેળવવાની લાલચે અને ગુન્હાહિત કાવતરું રચી, ઈન્ટરનેટ ના માધ્યમથી નાણાંની હેરફેર કરવા ના સંદર્ભમાં જામનગરની એસ.બી.આઈ. ની શાખા તેમજ નવાનગર બેંકની એક બ્રાન્ચમાં ખાતું ખોલાવ્યા બાદ તે બંને ખાતાનો દૂર ઉપયોગ કર્યો હતો અને તેમાં કુલ ૧૮,૩૯,૪૦૦ જેવી રકમનું ટ્રાન્જેક્શન કર્યું હતું અને એ તે રકમનું કમિશન મેળવવાના ભાગરૂપે ચિટિંગ કરી હોવાનું જાહેર કરાયું છે. સમગ્ર મામલામાં સિટી બી. ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર પી.પી.ઝા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ ડી.જી. રાજ દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે.

# જામનગર નજીક રામપર પાસે 'હિટ એન્ડ રન'ના બનાવમાં અજ્ઞાત પુરુષનો ભોગ લેવાયો

જામનગર : જામનગર-રાજકોટ હાઈવે રોડ ગઈકાલે ફરીથી એક વખત રક્ત રંજીત બન્યો છે, અને હિટ એન્ડ રનના બનાવમાં અજાણ્યા વાહનની ઠોકરે એક અજ્ઞાત બુઝુર્ગનો ભોગ લેવાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર રામપર ગામના પાટિયા પાસે ગઈકાલે રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા ફોરવીલના ચાલકે પુરઝડપે આવી ત્યાંથી પસાર થઈ રહેલા આશરે ૫૦ વર્ષની વયના કોઈ અજાણ્યા વ્યક્તિને હડફેટમાં લઈ લેતાં માથાના ભાગે હેમરેજ સહિતની ગંભીર ઈજાઓ થઈ હતી.

જે ઈજાગ્રસ્ત અજાણ્યા પુરુષને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર મળે તે પહેલાં તેઓનું મૃત્યુ નીપજ્યું હોવાનું તબીબો દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું.

આ બનાવ અંગે રામપર ગામના ખેડૂત રાહુલ પોલાભાઈએ પોલીસને જાણ કરતાં પંચકોશી એ. ડિવિઝનના પી.આઈ. એમ. એન. શેખ અને તેઓની ટીમેં બનાવના સ્થળે અને ત્યારબાદ જી.જી. હોસ્પિટલમાં દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, જ્યારે મૃતકની ઓળખ કરવા માટે કાર્યવાહી હાથ ધરી છે. ઉપરાંત અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનચાલકની પણ શોધખોળ હાથ ધરી છે.

## જામનગર શહેરમાં ઠંડીનો ચમકારો વધતા તાપમાન ૧૨.૫ ડીગ્રી પહોંચ્યું

જામનગર : ઉત્તર ભારતમાં હિમવર્ષા અને ટાઢોડુ છવાઈ જવાના પગલે ધીમે ધીમે સૌરાષ્ટ્ર કચ્છમાં પણ ઠંડીની લહેર પ્રસરી ચૂકી છે. જેની સાથે સાથે જામનગર શહેર અને જિલ્લામાં પણ ગઈકાલથી ઠંડીનો ચમકારો વધ્યો છે, અને આજે વહેલી સવારે ઠંડીનો પારો નીચે ગગડીને ૧૨.૫ ડીગ્રીએ સ્થિર થયો હોવાથી મોસમનું સૌથી નીચું તાપમાન નોંધાયું છે, અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. જેના કારણે લોકો વહેલી સવારે ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા જોવા મળે છે.

જામનગર શહેર અને જિલ્લામાં અગાઉ ઠંડીનો પારો નીચે સરકીને ૧૨.૫ ડીગ્રી સુધી નીચે આવ્યો હતો, પરંતુ ધીમે ધીમે ઠંડીમાં ઘટાડો જોવા મળ્યો હતો, અને ઠંડોનો પારો ૨૦.૦ ડિગ્રી સુધી ઉપર પરત થયો હતો. પરંતુ તેમાં ગઈકાલથી પરિવર્તન આવ્યું છે.

# ધ્રોલ નજીક હાડાટોડા ગામે ઓરડીમાં સંતાડેલ દારૂની ૧૩૧૪ બાટલી સાથે શખ્સની ધરપકડ

## રૂ. ૪.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે : રાજસ્થાનના સપ્લાયરનું નામ ખુલતા શોધખોળ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામેં એક વાડીની ઓરડીમાં ઈંગ્લીશ દારૂનો જતથી સંતાડવામાં આવ્યો છે. તેવી બાતમી એલસીબી પોલીસને મળતા સ્થળ પર જઈ દરોડો પડ્યો હતો. જ્યાં ઓરડીમાંથી ઈંગ્લિશ દારૂની બાટલીનો માતબર જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે મુદ્દામાલ કબ્જે કરી દારુના ધંધાર્થીની અટકાયત કરી છે, જ્યારે દારૂ સપ્લાય કરનાર રાજસ્થાની શખ્સનું નામ ખુલતા તેમની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા ખેડૂત જયપાલસિંહ જયેન્દ્રસિંહ જાડેજા દ્વારા રાજસ્થાનથી ઈંગ્લિશ દારૂ આયાત કરવામાં આવ્યો છે, અને ૩૧ ડિસેમ્બર ની ઉજવણી કરનારા પ્યાસીઓની તરસ છીપાવવાના ભાગરૂપે ઈંગ્લિશ દારૂ આયાત કરી પોતાની વાડીની ઓરડીમાં સંતાડેલો છે, તેવી ચોક્કસ બાતમીના આધારે ગઈકાલે રાત્રે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો.

જે દરોડા દરમિયાન વાડીની ઓરડીમાં સંતાડવામાં આવેલો ૧,૩૧૪ નંગ ઈંગ્લિશ દારૂની નાની મોટી બાટલીનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ ૪,૩૫,૬૦૦ ની કિંમત નો ઈંગલિશ દારૂ અને મોબાઈલ ફોન વગેરે કબજે કરી લઈ દારૂના ધંધાર્થી જયપાલસિંહ જયેન્દ્રસિંહ જાડેજાની અટકાયત કરી લીધી છે.

પોલીસની પૂછપરછ દરમિયાન પોતે રાજસ્થાનના વતની જગદીશભાઈ નામના એક વ્યક્તિ પાસેથી દારૂ આયાત કરીને લાવ્યો હોવાનું જણાવતાં પોલીસે તેને ફરારી જાહેર કર્યો છે, અને તપાસનો દોર રાજસ્થાન સુધી લંબાવ્યો છે.

# કાલાવડના હરીપર ગામે રેસ્ટોરન્ટ સંચાલકને એક્સિડન્ટ કરી પતાવી દેવાની ધમકી

## ફાયરિંગની પોલીસ ફરિયાદમાં સાક્ષી બનેતા કોર્ટમાં જુબાની નહીં આપવા ધમકી અપાઈ

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના હરિપર ગામે રેસ્ટોરન્ટના સંચાલકને કોર્ટમાં જુબાની આપવા બાબતે પતાવી દેવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કાલાવડ તાલુકાના હરીપર મેવાસા ગામમાં રહેતા અને રેસ્ટોરન્ટ ચલાવતા રફુભાઈ ઉર્ફે મુન્નાભાઈ અબ્બાસભાઈ હાલાણી નામના રેસ્ટોરન્ટ સંચાલકને વાહન ને ઠોકરે ચડાવી પતાવી દેવાની ધમકી આપવા અંગે પોતાના ગામના આસિફ તૈયબ ભાઈ હાલેપૌત્રા નામના શખ્સ સામે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીના કુટુંબીઓ ઉપર અગાઉ આરોપી અને તેના મળતિયાઓ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું, અને તે સંદર્ભમાં ફરિયાદીના પરિવારજનો દ્વારા પોલીસ ફરિયાદ કરાઈ હતી, જેમાં ફરિયાદી મુન્નાભાઈ હાલાણી સાક્ષી બન્યા હતા.

તેઓ કોર્ટમાં જુબાની આપવા જવાના હતા, જે દરમિયાન આરોપીએ રસ્તામાં રોકીને જો તમે અમારા વિરુદ્ધ જુબાની આપવા જશો,

તો તમને અકસ્માત કરીને પતાવી દેશું, તેવી ધમકી આપી હોવાથી મામલો કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને ફરિયાદ નોંધાવી છે. જે મામલે પોલીસ હેડ કોન્સ્ટેબલ જી આર ચાવડા તપાસ ચલાવે છે.

## ખંભાળિયાના નજીક સોનલ કૃપા હોટલમાંથી ઈંગ્લીશ-દેશી દારૂ મળી આવ્યો

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના માળી ગામના પાટિયા પાસે આવેલ એક હોટલમાં સ્થાનિક પોલીસે દરોડો પાડી દેશી અને વિદેશી દારૂ સાથે હોટલના સંચાલકને ઝડપી લઇ મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા પંથકના માળી ગામના પાટીયા પાસે આવેલી સોનલ કૃપા હોટલમાં સ્થાનિક પોલીસે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. દરમિયાન હોટલમાંથી રૂપિયા ૩૦ હજારની કિંમતની વિદેશી દારૂની ૨૩ બાટલી અને રૂપિયા ૬ હજારની કિંમતનો ૩૦ લીટર દેશી દારૂ મળી આવતા હોટલના સંચાલક રામદેવ ઉર્ફે રામલો મેસુરભાઈ જામની અટકાયત કરી સ્થળપરથી રૂપિયા ૩૬૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને પ્રોહી. એક્ટ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# જામનગરમાં બીમારીથી કંટાળી વૃદ્ધ મહિલાનો ટ્રેન હેઠળ પડતુ મૂકી આપઘાત

જામનગર : જામનગરમાં અંધ આશ્રમ આવાસ નજીકથી પસાર થઈ રહેલી રેલવે લાઇન પર ગઈકાલે બપોરે એક વિપ્ર બુઝુર્ગ મહિલાએ પોતાની બીમારીથી કંટાળી જઈ ટ્રેન હેઠળ પડતું મૂકી દઈ આત્મહત્યા કરી લીધી છે. જેને લઈને મૃતકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં શિવમ પાર્ક ટેનામેન્ટ નંબર -૪ માં રહેતી મીનાક્ષીબેન રશ્મિકાંતભાઈ વ્યાસ નામની ૭૦ વર્ષની વિપ્ર બુઝુર્ગ મહિલા કે જેઓ છેલ્લા કેટલાક સમયથી માઈગ્રેન તેમજ બીપીની બીમારીથી પીડાતા હતા. જે બીમારીના કારણે તેઓ જિંદગીથી તંગ આવી ગયા હતા.

દરમિયાન ગઈકાલે બપોર બાદ તેઓ પોતાના ઘેરથી નીકળી ગયા હતા, અને અંધ આશ્રમ આવાસ નજીકથી પસાર થઈ રહેલી રેલવે લાઇન પર પહોંચી જઈ ત્યાં ટ્રેન હેઠળ પડતું મૂકી દઈ આત્મહત્યા કરી લીધી છે. ધસમસતી ટ્રેન હેઠળ કપાઈ જવાના કારણે તેઓનું ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવ અંગે મૃતકની પુત્રી કૃતિબેન રશ્મીકાંતભાઈ વ્યાસે પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ એચ. એ. પરમાર બનાવના સ્થળે દોડી ગયા હતા, અને વિપ્ર બુઝુર્ગ મહિલાના મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## ભાણવડના બોડકી ગામની પરણિતાનું ઝેરી દવાવાળા ડબલામા પાણી પી લેતા મૃત્યુ

ભાણવડ : ભાણવડ તાલુકાના બોડકી ગામે રહેતી એક પરણીતાએ ખેતરમાં કામ કરતી વેળાએ ભૂલથી દવાવાળા ડબલામાં પાણી પી લેતા અને તેની ઝેરી અસર થવાથી મૃત્યુ નીપજ્યું છે આ બનાવ અંગે ભાણવડ પોલીસમાં મ પતિએ જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ભાણવડ પંથકના બોડકી ગામમાં રહેતી ધારાબેન મનસુખભાઈ પીપરોતર નામની ૩૩ વર્ષની પરણીતા પોતાની વાડીએ ખડ વાઢતી હોય દરમિયાન તેણીને તરસ લાગતા વાડીમાં રાખેલ પાણીની બોટલની બાજુમાં દવા વાળા ડબલામાં ભૂલથી પાણી પી લેતા તેણીનું દવાની ઝેરી અસર થતા સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હોય આ બનાવથી મૃતકના પરિવારમા શોકનું મોજુ ફરી વળ્યુ છે. બીજી તરફ મૃતકના પતિ મનસુખભાઈ દેવશીભાઈ પીપરોતર દ્વારા ભાણવડ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે ત્યાં આગળ દોડી જઈ વધુ તપાસ હાથ ધરી હતી.

# જામનગરના રણમલ તળાવમાં 'મલાર્ડ' સહિતના પક્ષીઓના વિહારથી લોકો રોમાંચિત







તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર વિદેશી પક્ષીઓ માટે શિયાળાની રાજધાની છે એમ કહી શકાય, કારણ કે હજારોની સંખ્યામાં યાયાવર પક્ષીઓ હજારો માઈલનું આકાશી અંતર કાપી જામનગર આવી ઠંડીની ઋતુ અહીં જ વીતાવે છે. આ વર્ષે પણ વિદેશી પક્ષીઓનું નોંધપાત્ર પ્રમાણમાં આગમન થઈ ચૂક્યુ છે. ખીજડીયા પક્ષી અભ્યારણ્ય તથા રણમલ તળાવ આસપાસનાં વિસ્તારએ આ પક્ષીઓનાં મનપસંદ સ્થળો છે. રણમલ તળાવમાં 'મલાર્ડ' નામનું પક્ષી પણ જોવા મળતા પક્ષી પ્રેમીઓ રોમાંચિત છે. લીલા માથાવાળું અને પીળી ચાંચ વાળુ આ બતક જેવુ લાગતુ પક્ષી ઈકો સિસ્ટમમાં અગત્યનો ભાગ ભજવે છે. આવા વિવિધ પ્રજાતિનાં વિદેશી પક્ષીઓ નિહાળવા માટે રણમલ તળાવ પર પક્ષી પ્રેમીઓ ઉમટી પડે છે. ઉલ્લેખનીય છે કે ઘણા નાગરિકો આ પક્ષીઓને ચણની સાથે જ ગાંઠીયા પણ ખવડાવે છે જે ખરેખર પક્ષીઓ માટે હાનિકારક છે ગત વર્ષે ઘણા વિદેશી પક્ષીઓનાં ખોરાકી ઝેરને કારણે મૃત્યુ પણ થયા હતા ત્યારે નિષ્ણાંતો, પક્ષી પ્રેમીઓ અને તંત્ર નાગરિકોને સતત ખાસ અનુરોધ કરે છે કે પક્ષીઓને ગાંઠીયા ન ખવડાવશો કારણકે વિદેશથી આવેલા આ ઉડતા અતિથીઓની સુરક્ષા એ પણ આપણી જવાબદારી છે.